


માથેરાન પર સવાર (ચિત્રકાર · મિસ રતી પિટિટ)

કુમાર

આદ્યતંત્રી · રવિશંકર રાવળ
સંપાદક – બચુભાઈ રાવત
એપ્રિલ - મે ૧૯૪૪

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું અગ્રણી માસિક

૨૪૪-૨૪૫

કુમાર
એપ્રિલ ૨૪૪ — મે ૨૪૫

પ્રકાશન તારીખ ૨૯-૫-૪૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક-બચુભાઈ રાવત; પ્રકાશક • રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: પુસ્તકાલય સં૦ સ૦ મંડળ લિ. તથા નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા. કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.


જાહેર ખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, મહેતા બિલ્ડિંગ. મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ-૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, આનંદનગર.




શામળાજીના મંદિરનું શિલ્પ

ફોટો • શ્રી પંચાણભાઇ વારા • જામનગર

ઈડર રાજ્યના શામળાજીના મંદિર પરનું ૧૦મી-૧૧મી સદીનું ગુજરાતનું સમૃદ્ધ શિલ્પ-સૌન્દર્ય. મંદિરની બહારની દીવાલ ઉપર કંદોરાની ઉપરના ભાગમાં મનોહર શિલ્પની આ મેજબાની ભરચકભરેલી છે. કંદોરાની તરત ઉપરના ભાગમાં તકતીઓ પાડીને વચ્ચે નાના ગોખમાં સુંદર દેવમૂર્તિઓ કંડારેલી છે, અને તેની ઉપરના ભાગમાં દેવદેવતાઓ, માનવીઓ અને અનુચરોની વિવિધ છટાઓ વ્યક્ત કરતી અસંખ્ય રૂપસુંદર મૂર્તિઓ છે. કંદોરાના તમામ હાથીઓની પેઠે ઉપલા ભાગની આ લગભગ બધી જ મૂર્તિઓ ઓછીવત્તી ખંડિત છે, છતાં તેનું કલાવિધાન એટલું લલિત ને ચિત્તાકર્ષક છે કે જોનારને કલાકો સુધી ખેંચી રાખે છે ને તેના મોંમાંથી પ્રશંસાના 'અદ્‌ભુત-અદ્‌ભુત' એવા શબ્દો નીકળી જાય છે. ઉપરના ચિત્રમાં એક બાજુની દિવાલનો એવો એક ભાગ આપેલો છે, ને જમણી તરફના ચિત્રમાં ઉપલા જ ચિત્રના ત્રીજા વિભાગમાંનો મથાળાનો ભાગ મોટો કરી બતાવીને મૂર્તિઓના શિલ્પકૌશલનો ખ્યાલ આપ્યો છે. વિસ્તૃત પરિચય માટે વાંચો આ અંકમાંનો લેખ.





નવરાશવેળાએ

ચિત્રકાર · વનલીલા કિનારીવાળા

વર્ષ ૨૧ · અંક ૪ કુમાર એપ્રિલ · ૧૯૪૪

સોનાકણી

(નાનપણમાં સાંભળેલી એક લોકકથા ઉપરથી)

આઘા ઈડરિયા ગઢડુંગર ઘહુંઆવ ઢૂકડો હો લાલ,
મેઘો ગોધણ પાછું વાળે નિત સાંજુકડો હો લાલ.
પેલી કોની કવલી ગાય, કપાળે ચાંદલો હો લાલ,
થઈ ગ્યો દોઢ વરસનો દાડો, કણ પણ ના મળ્યો હો લાલ.
ગામને ગોંદરિયે ઘણ મેલ્યું, કવલી ક્યાં ગઈ હો લાલ,
કવલી ડુંગરડાની ધારે એ દોડી રહી હો લાલ.
મેઘો થયો પછાડી દોટ મૂકીને દોડતો હો લાલ,
કવલી તો પાણીનો રેલો, મેઘો હાંફતો હો લાલ.
કવલી ભાંભરતી ફૂંફાડે ભેખડ ગાજતી હો લાલ,
ઘંટડી ઊભી વનની વાટે ઘણણણ વાગતી હો લાલ.
ઘહુંઆવ જમણે પડખે દૂઝ્યો ઉમરાને થડે હો લાલ,
કવલી ઊભી પાણી પીવા, મેઘો લડથડે હો લાલ.
ડાબી મેલી વીરેશરની ફરફરતી ધજા હો લાલ,
જમણી મેલી વડ હેઠળની માતા ગીરજા હો લાલ.
કવલી ગુફા કને જઈ ઊભી ઠોકી શીંગડી હો લાલ.
ઊઘડ્યાં બારણિયાં, મેઘે ત્યાં ઝાલી પૂંછડી હો લાલ.
પાછળ ભીડાયાં બારણિયાં. હૈયું ડગમગે હો લાલ,
મેઘો આંખો મસળી જુએ, દીવા ઝગમગે હો લાલ.
સોનારૂપાના થાંભલિયા રતનહીરા જડ્યા હો લાલ,
સોનાની ગારે લીંપ્યા ને ગૂંપ્યા ઓરડા હો લાલ.
સામે ઝૂલે શો હિંડોળો ચોક વચાળમાં હો લાલ,
હીંચે બેઠી અનોપમ નાર હસી રહી ગાલમાં હો લાલ.
એના મુખડાનાં મરકલડાં જાણે વીણી લઉં હો લાલ,
એની કેશે ધરતી હરખે કે વારી જઉં હો લાલ
મેઘો બોલ્યો અડધે સાદ: ચરાવું ગાવડી હો લાલ,
બાઇજી દોઢ વરસ થઇ ગ્યું ને શીખ નથી મળી હો લાલ.
બાઇજી મલકમલક મલકાયાં ઊઠી ઊભાં થયાં હો લાલ.
એના હસવામાં સાચકલાં મોતી વેરાઈ રહ્યાં હો લાલ.
બાઇએ સૂપડું ભરી શગોશગ શાળ દઈ દીધી હો લાલ,
મેઘે ફાળિયાને છેડે કે શાળ ઝીલી લીધી હો લાલ.
મેઘો મુખથી તે શું બોલે, થઈ ગ્યો ચાલતો હો લાલ,
આવી ઊભો ગુફાની બારે, રહ્યો વિમાસતો હો લાલ.
ફટ રે સોનાના હિંડોળા કે ફટ તારી સાહ્યબી હો લાલ,
મારી વસમી ચરાઈ સામે નજરો ના કરી હો લાલ.
મેઘે ફગવી દીધી શાળ ગુફાને બારણે હો લાલ.
વનનાં પંખીડાં બીચારાં બે કણ ભલે ચણે હો લાલ.
રાતે બટકું ખાવા બેઠો ગળે ન ઊતરે હો લાલ,
ધીરે રૈ ગોવાલણ પૂછે, આંખે નીર ભરે હો લાલ.
મેઘો ફાળિયાછેડે લૂછે, ઘર ત્યાં ઝળાંઝળાં હો લાલ.
શાળના એકબે કણ વળગેલા સાવ સોનાના તણા હો લાલ.
મેઘો ભમે બધો ઘહુંઆવ, ગુફા એ ના જડી હો લાલ,
મેઘો કવલીની દેખે વાટ, ન રણકી ઘંટડી હો લાલ.

ઉમાશંકર જોષી

દિગ્વિજેતા પૌરુષ

પામ્યો પરાજય પરાજય આ ભૂમિમાં;
મારે પરાજય ન, જે જયી દિગ્વિજેતા
નૈષ્કર્મ્ય પ્રેરતી બધી હીન વૃત્તિઓનો,
કર્મણ્યને નથી પરાજય યુદ્ધઅંત.

હું સાર્વભૌમ નૃપ વારસ આ ભૂમિનો,
આ તખ્તનો નશીન એક હું બાદશાહ,
ના હું સહું અવરની દરમ્યાનગીરી,
આ ભૂમિનું પ્રગટ છન્ન બધું મદીય.

ક્યાં થંભશે વિજયકૂચ મહારી આ જે
જેને નથી ક્ષિતિજ સિદ્ધિનું દષ્ટિદેશે ?
આજે પરાજય, ભલે, ઘડી છાવણીની
એ નિંદરા; નથી સમાપન યુદ્ધનું એ.

તોખાર આ હણહણે પુરુષાર્થકેરો
હું સ્વાર આ સમર જિંદગીનું ઝૂઝંત.
આ ઉત્તમાંગ હિમમાળ શું દીપ્તિમંત,
આ વજ્ર શા ઉભય માંસલ બેઉ સ્કંધ.
ને પૌરુષે કર નમે નહિ ઊંચકેલો
શ્રદ્ધાની શમશિર જ્યહીં રહી ઝગ્ઝગંત.

પ્રારબ્ધનું કવચ ધારી ઊભેલ આખી
સેના રિપુની કરી જેર લઈ અકેલ
સંસ્મિતનું કુસુમ ફુલ્લ રહીશ દાખી
જે પ્રેરતો અભય આતમ પુલકેલ.

સાચો જયી જીવનજંગ તણો ઠરીશ.
યશસ્વી હું અસલ માલિક આ જહાંનો.

'ઉશનસ્'

માડીનું ઘોડિયું

માડી, કીધું તેં વરમંડ ઘોડિયું;
ઝુમ્મર નવલખ તારા ભરેલ
સૂરજ ચાંદા ખેલ
માડી, તારે ઘોડિયે.
ખોયું બાંધ્યું મા અંતર-હેતનું;
સૂતાં ફૂટે ઉમળકા અનેક
ને દુઃખ હરેક
માડી, તારે ઘોડિયે.
હીરદોરી મા! હૈયાની તેં કરી;
ઝોલે ઝોલે અગમ ઓળખાણ
ઝીલે મારા પ્રાણ
માડી, તારે ઘોડિયે.
ઊની વનરા તે વનની લૂ બળે;
શીળાં લાગે માડી તારાં ગીત
જાગે જૂની પ્રીત
માડી, તારે ઘોડિયે.
મળે પોપચાં હરખે હીંચતાં;
મન માતું માડીના આરાધ
લે નિંદ સમાધ
માડી, તારે ઘોડિયે.

યશવંત

મુશ્કેલીઓનો સામનો

સામયિક ચિંતન



नायमात्मा बलहीनेन लभ्यः ।

આજના જમાનાનાં લક્ષણો ઉપર વિચાર કરનારને જણાશે કે ભૂતકાળમાં નહોતી એવી અનેક જીવન-વ્યવહારની મુશ્કેલીઓ વર્તમાનમાં ઊભી થઈ છે અને ભાવિ પ્રજાને તો તેનાથી અનેકપટ અને વિવિધ પ્રકારની મુશ્કેલીઓ અનુભવવી–વેઠવી–પડશે.

મુશ્કેલીઓ કર્મપ્રેરિત છે, એ તો ભોગવ્યે જ છૂટકો, એમ માની લઈ, બુદ્ધિરહિત કાચબાની પેઠે તમામ અંગો સંકોચી લઈ, મજબૂત ઢાલમાં ભરાઈ રહેવામાં અને ભય દૂર થયા પછી બહાદુરીથી માથું પગ બહાર કાઢી ચાલવામાં બુદ્ધિમાન મનુષ્યનું ડહાપણ નથી. ખરૂં ડહાપણ તો બુદ્ધિપ્રેરિત સામનો કરવામાં ને માર્ગ શોધવામાં છે. આપણામાંના ઘણાખરા કાચબાનું જીવન જીવીએ છીએ. એથી ભય કે ભીરુતાનો નાશ થતો નથી.

માણસ જન્મે છે ત્યારથી જ તેને જીવનસંગ્રામમાં હરેક પ્રકારની મુશ્કેલી તો આવે જ છે. બાળક વયે ચાલતાં શીખવાની મુશ્કેલી, કુમારવયે અભ્યાસની મુશ્કેલીઓ, મોટી વયે ધંધારોજગારની મુશ્કેલીઓ, નાણાંની મુશ્કેલીઓ, જરૂરી જ્ઞાનસાધન મેળવવાની મુશ્કેલીઓ, વિઘ્નકારી હિતસ્વીઓ કે કુટુંબીજનો તરફની મુશ્કેલીઓ, જીવનમાં જરૂરી તકોનો અભાવ, આદિ અસંખ્ય મુશ્કેલીઓથી જીવનસંગ્રામ ભરેલો જ છે. મુશ્કેલીઓ ક્યાં, ક્યારે, કોને નથી અને નહોતી?

મુસીબતોનો સામનો કરવો એ પણ કર્મનું એક અંગ છે. કુરુક્ષેત્રમાં શત્રુદળને હણવા શક્તિમાન એવા અર્જુનને મુશ્કેલી ઊભી થઈ. વાસ્તવિકરીતે તે મુશ્કેલી હતી જ નહિ, માત્ર પોતાનું હૃદયદૌર્બલ્ય જ હતું અને તે પણ તેની પોતાની જ સૃષ્ટિ હતી. આથી **क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वा** શબ્દોથી તથા **क्लैब्यं मा स्म गमः** એવા ઘરગથ્થુ શબ્દો પણ વાપરીને શ્રીકૃષ્ણે અર્જુનને તેની અગાધ શક્તિનું ભાન કરાવ્યું અને તેને કર્મ કરવા પ્રેર્યો. પણ એ જ ગીતાનો રોજ પાઠ કરનારામાંના કેટલાએ ભીરુતા કે કાયરતા છોડી?

કુદરત જેમ મનુષ્યનું શરીર ક્રમેક્રમે વિકસાવે છે તેમ તેના પ્રમાણમાં તેની બુદ્ધિ ને વિકસાવતી નથી. તે કાર્ય કુદરતે પોતાની પાસે ન રાખતાં પ્રત્યેક મનુષ્યને સોંપી દઈ મનુષ્યને હાસ્યાસ્પદ બનાવ્યો છે. મનુષ્યના મગજમાં ૫,૦૦,૦૦,૦૦,૦૦૦ કોષ (cells) છે તે પૈકી કેટલા ઓછા ટકાનો તે ઉપયોગ કરતો હશે? મગજ એક સ્નાયુ છે. તેને ખીલવવા માટે વિરોધ રૂપી કસરતની જરૂર છે. તે કસાય છે મુશ્કેલીઓથી.

મહાત્મા ગાંધીજીના જીવનથી કોણ અજ્ઞાત છે? તે કર્મયોગીનું આખું યે જીવન એટલે મનુષ્ય વિકાસનો માર્ગ રૂંધતા અંતરાયો શોધવામાં અને તે દૂર કરવામાં પડતી મુશ્કેલીઓની પરંપરાનો સામનો. અમેરિકાના પુણ્યશ્લોક પુરુષ અબ્રાહમ લિંકનનું પણ જીવન જુઓ. રાજકીય ક્ષેત્રમાં નિષ્ફળતા, વેપારમાં નિષ્ફળતા, પ્રેમપાત્ર યુવતીનું મૃત્યુ, કલહપ્રિય સ્ત્રી સાથે ગૃહસંસારના ઢસરડા, સનદી નોકરી મેળવવામાં નિષ્ફળતા, કૉંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારીમાં નિષ્ફળતા, યુનાઇટેડ સ્ટેટ્સના વાઈસ પ્રેસિડેન્ટ થવામાં નિષ્ફળતા,—આખી જિંદગીમાં નિષ્ફળતાની પરંપરા અનુભવ્યા પછી જ અંતે તે પ્રેસિડેન્ટ થઈ શક્યો અને અમેરિકન પ્રજાનો પ્રેમપાત્ર ને પૂજ્યપાત્ર પ્રમુખ ગણાયો.

એકવીસ વર્ષની મ્હોરતી યુવાનીમાં સેસિલ રોડ્ઝને ક્ષય હોવાનો તેના તબીબોએ અભિપ્રાય આપ્યો અને છ માસથી વધુ તે નહિ જીવી શકે એવો આઘાતકારક ફેંસલો સુણાવ્યો. પણ ત્યાર બાદ તે આફ્રિકા ગયો અને બીજાં ૨૮ વર્ષનું કાર્યશીલ જીવન જીવ્યો, એટલું જ નહિ પરંતુ આખા મધ્ય આફ્રિકાને તેણે બ્રિટનના સામ્રાજ્યમાં આણી મૂક્યું.

પિટ વડો પ્રધાન થયો ત્યારે પાર્લામેન્ટના સભ્યો કહેતા હતા કે આ તો એકાદ દિવસ માટે પ્રધાન રહેશે; છતાં તે પદ તેણે ૧૭વર્ષ સુધી ભોગવ્યું. વિજળીયુગનો પાયો નાખનાર ફૅરાડે એક મુફલિસ લુહારનો છોકરો. શાળાશિક્ષણ કાંઈ ખાસ નહોતું. છતાં તે ઇંગ્લંડના શ્રેષ્ઠ સંસ્કારી પુરુષોમાંનો એક ગણાયો. ઑક્સફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસરોને તે શીખવવા ગયો ત્યારે જ તે મહા વિદ્યાધામ ગણાતું શહેર તેણે પ્રથમ જોયું. પ્રોફેસરો પણ તેનાં ભાષણોને અનુસરી શક્યા નહિ.

મુશ્કેલીઓ તો પ્રત્યેક જીવનમાં કાયમી અને પ્રધાન વસ્તુ છે. પ્રગતિવાંછુ એકેએક મનુષ્ય મુશ્કેલીઓથી ઘેરાએલા એક ટાપુ સમો જ છે. મુશ્કેલી એ ખરાબ વસ્તુ નથી. ખરાબ વસ્તુ તો છે નિષ્ક્રિયતા. મુશ્કેલીઓમાંથી છટકવાના માર્ગ શોધવાથી માણસમાં માનસિક કહોવાટ ઉત્પન્ન થાય છે, અને તે એક પ્રકારનું મૃત જીવન છે મુશ્કેલીઓમાંથી છટકવા સારૂ અસહ્ય કિંમત આપ્યેથી પણ છૂટવાનું નથી.

મુશ્કેલીઓ આવે તે તરફ તમે કેવું માનસિક વલણ ધરાવો છો તે ઉપર જ તમારી ફતેહ યા નિષ્ફળતાનો આધાર છે. નિષ્ફળતા તરફ લઈ જનારો માર્ગ અત્યંત પહોળો અને ખુલ્લા રાજમાર્ગ જેવો છે. મહાજન—મોટા ભાગના માણસો—તે જ પંથે જાય છે, કારણ કે તે ખુલ્લો ને સરળ છે, અને મુશ્કેલીઓથી ડરી સૌ તે રસ્તો પકડે છે. આમ, નિષ્ફળતા સ્હેલાઇથી પ્રાપ્ત કરી શકાય છે. તેના પાઠો શીખવવા સારૂ કોઈ શાળા નથી હોતી. નિષ્ફળતા મેળવવા સારૂ કાંઈ યત્ન કે બાહોશીની પણ જરૂર નથી. નિષ્ફળતા તો સામાન્ય છે. ફતેહજ અપવાદ છે. અને લડત સિવાય ફતેહ સાંપડતી નથી. હરેક વિજેતાને જખમનાં નિશાન તો હોય છે જ.

વાવેલા હજારો છોડમાંથી માત્ર ગણ્યાગાંઠ્યા જ પૂર્ણ વિકસિત વૃક્ષો બને છે, ને તે પણ અનેક પ્રચંડ તોફાનોના પ્રહારોથી ઘડાઈને, મોટાં વૃક્ષો કાચગૃહોમાં પંપાળીને ઉછેર્યે થતાં નથી. મુશ્કેલીઓ જ મનુષ્યના સાચા મિત્રો છે. જીવનમાં મુશ્કેલીઓ સરાણના પત્થરો સમી છે. તે આપણને ઘસીઘસીને તેજસ્વી ને ધારદાર બનાવે છે.

ઈ. ૧૯૨૫ના અરસામાં હું મહાકવિ શ્રી નાનાલાલના સમાગમમાં આવેલો. તેમનાં નીચેનાં વાક્યો હજી મને યાદ છે: 'ભાઈ, અમારૂં કામ તો લુહારની કોડ જેવું છે. એક ટુકડો ભઠ્ઠીમાં તપતો હોય, બીજો ટીપાએલો પાણીમાં ડૂબેલો હોય, વળી પાછો તેના તે ભઠ્ઠીમાં પડતો હોય. એમ ચાલ્યા જ કરે છે.' આ શબ્દો તેમણે પોતાની કૃતિઓને ઉદ્દેશીને કહેલા.

આપણે પણ અંતરમાં ભઠ્ઠી સળગાવ્યા

સિવાય, આપણી સમક્ષ પડેલા ટુકડાઓને ઉપયોગી બનાવી શકવાના નથી. આગ, ભઠ્ઠી સળગાવીને કાર્ય કરવાને તમે કદાચ હજી અશક્ત હો તો ખુદ તમે જ લોખંડનો ટુકડો બનો–ભઠ્ઠીમાં પડો, લાલચોળ થાઓ, ટીપાઓ, પાણીમાં ડૂબો, ફરી ભઠ્ઠીમાં પડો, ફરી ટીપાઓ,–છેવટે કાંઈક ઉપયોગી વસ્તુ બનો; નહિ તો કાટ ચઢશે અને ફેંકાઇ ફંગોળાઇને ભૂગર્ભમાં કયાંય દટાઇ જશો. ઘડિયાળની કમાન કેટલીયે ભઠ્ઠીમાંથી પસાર થાય છે, કેટલી યે વાર ટીપાય છે, તણાય છે ત્યારે જ તેની કિંમત સોનાની ભારોભાર થાય છે.

યુકેટનમાં સીસલ (Sisal) નામના છોડ થાય છે તેનાં મોટાં પાંદડાંની નસોમાંથી શણ જેવા મજબૂત રેસા નીકળે છે જે ખાસ વહાણનાં દોરડાં બનાવવાના કામમાં આવે છે. તે છોડ યુકેટનનીજ પ્રથરાળ ને પોષણરહિત જમીનમાં ઊગે છે. અમેરિકનોએ ફ્લૉરિડાની પોચી જમીનમાં આ સીસલનો મોટા પાયા ઉપર ઉછેર કરવાનો નિર્ણય કર્યો. પુષ્કળ જમીન ખરીદી અને સીસલ વાવ્યું. છોડ થયા ઘણા મોટા, અને પાંદડાં પણ ખૂબ જ મોટાં ફાલ્યાં. જલ્દી ધનવાન થવાનાં સ્વપ્નાં સેવાયાં. પાક લણાયો. પણ અફસોસ! પાંદડામાંથી રેસા ન નીકળતાં આખાય પાંદડાનો માવો થઇ ગયો! પછી જ તેઓ શીખ્યા કે છોડનું જીવન સરળ બનાવવામાં તેનું તત્ત્વ નષ્ટ થાય છે.

આપણે પણ મુશ્કેલીઓથી આપણી જાતને બચાવીબચાવીને સુંવાળી જમીનમાં ઉછેરી ઘણાખરા માવા જેવા બનીએ છીએ. આપણામાંના કેટલામાં રેસા છે? અને કેટલા પ્રમાણમાં? માણસમાત્રનું માપ તેની મુશ્કેલીઓથી થાય છે; સાહ્યબી યા ગરીબીથી નહિ. નાની–નજીવી ઉપાધિઓથી અકળાઈ ન ઊઠો. એવી મામૂલી મુશ્કેલીઓથી પર થઇ જાઓ ને મોટી મુશ્કેલીઓ સાથે બાથ ભીડો. નાના બાળક જેવા નિરુદ્દેશ બનીને ન જીવો. બાળકોને યોજના જેવું કાંઈ હોતું નથી. બાળકને જન્મથી જ રડતાં આવડે છે. હસવાનું તો તેને શીખવવું પડે છે. પણ હસવનું શીખ્યા પછી રડવું એ કુદરત સામેનો એક ગુનો છે. છતાં આપણામાંના કેટલા ય હજી રડવાનું, બબડવાનું, નિરાશ થવાનું ભૂલ્યા નથી. આપણને હસતાં પણ આવડ્યું નહિ. આપણામાંના કેટલા ય હજી અંદરથી બાળક જેવા જ રહ્યા.

મુશ્કેલીઓને બોજા રૂપ ન સમજતાં પુરુષાર્થનું પાણી બતાવવાની તકો તરીકે વધાવી લો. મુશ્કેલીઓ આવે ત્યારે અવિચારીપણે તેની સામે ઝુકાવવામાં કે જડની જેમ ઝઝૂમવામાં ડહાપણ કે કાર્યદક્ષતા નથી. તેમાં પણ અનુભવની જરૂર છે. સ્વાનુભવ પૂરતો ન હોય તો પરાનુભવથી શીખો. પરાનુભવની સહાય વિના એકલો સ્વાનુભવ બસ નથી. સ્વાનુભવ એક જ ભવમાં પરિપક્વ થતો નથી. પરાનુભવની પાછળ જમાનાઓના વિવિધ અનુભવો પડેલા હોય છે. પરાનુભવો-મહાન વ્યક્તિઓના સ્વાનુભવો-વાંચનથી મેળવો. તેમાંથી પણ પ્રેરણા મળશે.

કોઈક ખેડૂત–પત્રમાં છપાએલા horseless carriages 'વગર ઘોડાની ગાડી' એ મથાળાનો એક લેખ વાંચવાથી હેનરી ફૉર્ડને કુમાર વયમાં ચીનગારી મળી. તે એક જ ચીનગારીએ પૃથ્વીના સમગ્ર પટ ઉપર ગામડે ગામડે અસંખ્ય અને શક્તિપ્રદ ચીનગારીઓ (મોટરો) કરી મૂકીને તેણે માનવજાતને રાહત આપી છે.

કેમિસ્ટ્રી ઉપરના કોઇક પુસ્તકના વાચનથી ફૅરાડેને ચીનગારી મળી. પરિણામે આખી પૃથ્વી ઉપર આજે વીજળી વીજળી થઈ રહી છે.

Helmholtzના લખેલા 'The sensation of tone'ના વાચનથી ટેલીફોનના આદ્ય શોધક બેલને પ્રેરણા મળી. લપસવું (gliding) એ વિષય પર એક જર્મન લેખકે લખેલા પુસ્તકથી રાઈટ બ્રધર્સને ઍરોપ્લેન બનાવવામાં પ્રેરણા અને દોરવણી મળેલી.

અભ્યાસની અવધિ નથી. જાણવા લાયક હવે કાંઈ રહ્યુંજ નથી એમ અમુક ઉમરે માની લેવું એ એક ભ્રમ છે. નિષ્ફળતાઓની પરંપરા પછી અમુક ઉમરે હિંમત હારી જઈ નિષ્ક્રિય થઈ જવું એ નિર્બળતા છે. ફતેહપ્રાપ્તિ માટે ઉમરની સીમા છે જ નહિ.

ઑલિવર ક્રૉમવેલે પોતાનું જીવનકાર્ય ૪૩ મે વર્ષે શરૂ કર્યું. ઍડ્મિરલ બ્લેક ૫૦ વર્ષનો થયો ત્યાં સુધી એકે લડાયક જહાજમાં તેણે પગ પણ મૂકયો નહોતો. કવિ મિલ્ટને તેની શ્રેષ્ઠ કૃતિ 'પૅરેડાઇઝ લૉસ્ટ' ૪૭ વર્ષની ઉમરે લખવી શરૂ કરેલી. ગ્લૅડસ્ટન ૮૩ વર્ષની વયે વડો પ્રધાન થયો હતો.

નિષ્ફળતાને વય સાથે સંબંધ નથી, હતાશ થવા સાથે છે. પ્રગતિશીલ થવા માટે પ્રયત્નશીલ રહેવાની જરૂર છે. હજારો ભૂલો ને નિષ્ફળતાઓ પરજ ફતેહની ઇમારતો બંધાય છે.

વર્તમાન કાળમાં મુશ્કેલીઓની જે સંખ્યા અને પ્રકાર જોવામાં આવે છે તે અભૂતપૂર્વ છે. કાયર માટે આજે હવે સ્થાન નથી રહ્યું. દયાની યાચના કરવી એ પાપ છે. પોતાની જાત પર દયા લાવવી એ સૌથી મોટું પાપ છે.

રેલવે-લાઈન નાખતાં વચ્ચે નદીઓ કે ટેકરીઓ આવે ત્યાં કાંઈ છેલ્લું સ્ટેશન બાંધી લેવાતું નથી. પૂલો બાંધો, ટેકરીઓ તોડો, પણ માર્ગ કરી આગળ ધપ્યે જ છુટકો છે.

પ્રત્યેક દેશકાળમાં મહાન વ્યક્તિઓ ડોકી ડોકીને કહે છે કે 'બળવાન બનો' પણ તે કાચબાની પેઠે મજબૂત ઢાલ ધારીને નહિ, બખ્તર પહેરીને નહિ, કિલ્લા બાંધીને નહિ, પરંતુ આવતી મુશ્કેલીઓનો સામીછાતીએ સામનો કરી, ફતેહ મેળવવાની હિંમત કેળવીને.

બળવાન બનવાના અનેક માર્ગો, ઉપાયો ને દૃષ્ટાંતો પણ આપણે ઘણાં પુસ્તકોમાં વાંચી ચૂકયા હોઇએ છીએ. પરંતુ વ્યાવહારિક જીવનમાં જેમ આપણને આપણા સ્વાર્થની ગણતરીઓ યાદ રહે છે અને છેવટે વીલ કે વસીહતનામું કરતી વખતે પણ ગણિત જેમ યાદ રહે છે તેમ આપણે વાંચેલા એ ગુણો યાદ રાખી અનુસરવાનો ઉમંગ કેટલાને હોય છે? આ ગુણો કે ઉપાયોમાં મુખ્ય છે: નિર્ણયશક્તિ, હિંમત અને ખંત.

નિર્ણયશક્તિ વડે તમારી સામે આવતી મુશ્કેલીઓના નીચે મુજબ વિભાગ કરો:

મુશ્કેલીઓ
- અ વાસ્તવિક
  - અ તાત્કાલિક
    - અ અગત્યની
      - અ મોટી
      - બ નાની
    - બ બીનઅગત્યની
  - બ ભાવિ
- બ કાલ્પનિક (જે વાસ્તવિકને નાહક મોટું સ્વરૂપ આપી તમને ગૂંચવે છે)

આ રીતે પૃથક્કરણ કરી તેમાંથી બ વિભાગને મગજમાંથી કાઢી નાંખો. તેમાં છેલ્લા બ વિભાગની નાની અગત્યની મુશ્કેલીઓ પરત્વે માત્ર યોગ્ય સમય અને શક્તિને વાપરી તેનો સત્વર નિર્ણય કરી નાખો અગર તે કામ બીજા યોગ્ય પાત્રને સોંપો. અ વિભાગનો નિર્ણય તો તમારે જ કરવાનો અને તે પણ વિના વિલંબે. બાકીના બ વિભાગો જ્યારે અ વિભાગ બને ત્યારે જ તેના ઉપર પૂરતું લક્ષ આપો. 'ભાવિ' મનાતી મુશ્કેલીઓ ઘણી વાર તો ઉપસ્થિત જ થતી નથી. છતાં માનસિક દૂરબીનને તો વાપરતા જ રહેવું.

આ સિદ્ધાંતથી કાર્ય કરનારને જણાશે કે

જેને તે અજેય 'મુશ્કેલીઓ' માનતો હતો તે ખરીરીતે અસ્તિત્વમાં જ નહોતી. પછી 'મુશ્કેલીઓ' મટીને 'મુશ્કેલી' બનશે. તેના સ્વરૂપની ઉગ્રતા ને વિશાળતા નષ્ટ થશે અને તેનું પણ શાન્ત ચિત્તે પૃથક્કરણ કરતાં જણાશે કે તે પણ અજેય નથી. નિર્ણયશક્તિ કેળવાશે, હિંમત આવશે અને ફતેહ પણ મળશે.

માણસને કદિ કાર્યનો બોજો મારતો નથી, પરંતુ કામ તરફનું તેનું પોતાનું ખામીભરેલું વલણ અને વર્તન જ મનુષ્યને દબાવે છે અને કચડે છે. તમે તમારી જાતને પ્રશ્ન કરી જુઓ કે (૧) હું મારા કાર્યની પદ્ધતિઓ સુધારૂં છું? (૨) હું પ્રગતિશીલ છું કે નિષ્ક્રિય? (૩) વાચન દ્વારા હું કાંઇ નવું શીખું છું? (૪) મારા સ્વલ્પ સ્વાનુભવથી હું સંતુષ્ટ છું કે હંમેશ વિકસતા મહાન જગતના સંપર્કમાં છું?

નવું શીખવાજાણવાનું બંધ કરશ તો તમારો અંત જ છે. પ્રત્યેક મનુષ્ય સ્ફુરણાઓ, લાગણીઓ, વિચારો, ઈચ્છાઓ, મનોવિકારો આદિની બનેલી એક સંસ્થા છે. એ સંસ્થાનો અંત શિથિલતામાં છે. તેને પ્રગતિશીલ રાખો.

આપણે સામાન્ય રીતે જેની સલાહ લેવા જઇએ તે 'શાણા' કહેવાતા મનુષ્યો ઘણાખરા 'નિર્બળ-ડાહ્યા' હોય છે. તે તમને કુનેહથી મુશ્કેલીઓ બતાવશે, પણ મુશ્કેલીઓ કેમ તરવી તેના માર્ગ નહિ બતાવે. જો કોઈ પણ વહાણ કૅપ્ટનને બદલે શાણામાણસોની કમિટીથી ચલાવાતું હોય તો તેનો વીમો કોઈ કંપની નહિ ઉતારે!

કાંઈક ને કાંઇક અસાધારણ કાર્ય કરીને તમારૂં મનોબળ કેળવો. તમારા મગજના કોષોને વધારે સંખ્યામાં ગતિમાન કરો. પેટ્રોલની ફુવારીઓને સ્પાર્કિંગ પ્લગથી પ્રજ્વલિત કર્યા સિવાય તે કામ કરતું નથી. તેને પ્રજ્વલિત કરશો તો જ શક્તિ પેદા થશે અને મોટરગાડી ચાલશે. તમારા મગજમાં પણ અણવપરાતી એવી ઘણી ફુવારીઓ છે તેને ચીનગારી આપો, ચલિત કરો અને તેમાંથી શક્તિ મેળવી તેનો લાભ લો અને આપો.

રમતગમતના ક્ષેત્રમાં તેમજ જીવનના કોઇ પણ વ્યવહારમાં બચાવ-પદ્ધતિવાળો પક્ષ કદી જીતતો નથી. કાયદામાં પણ સૈકાજૂનો એક સિદ્ધાંત છે: The best defence is a severe attack. (સજ્જડ હુમલો એજ મોટામાં મોટો બચાવ છે.) ધારાશાસ્ત્રીની જરૂર પડે તોપણ એવાને ત્યાં ન જવું જે તમને મુશ્કેલીઓ જ બતાવે ને માર્ગ નહિ. નિર્ણયશક્તિવાળાનો જ લાભ લો ને જાતે પણ નિર્ણયશક્તિ કેળવો.

જલદી નિર્ણય ન કરી શકતા હોય તેમને માટે નીચેના ઉપચારો અજમાવવા જેવા છે.

૧ મોડેથી નિર્ણય કરવાની ટેવ કાઢી નાખવી—તરત નિર્ણય કરવો.

૨ મોટી વધઘટવાળા શેરોમાં કાંઇક નાણું રોકીને આંચકા અનુભવતાં શીખવું.

૩ દરિયામાં, નદીમાં યા તળાવમાં ડૂબકીઓ મારવી જેથી રોમાંચ ખડાં થઇ જરા ચમકારી અનુભવાય.

૪ વધુ હસતાં શીખવું અને આનંદી મનુષ્યોના સહવાસમાં વધુ રહેવું.

૫ ઉશ્કેરાટમાં હો, ભયમાં હો, નિરાશાવાદીઓના વાતાવરણમાં હો, તેવા સમયે નિર્ણય મોકૂફ રાખવો. તેવા પ્રસંગે નદી પર, બગીચામાં, જંગલમાં ગમે ત્યાં ફરવા ચાલ્યા જાઓ, સીનેમા અથવા તો બીજો કોઇ તમાશો જોવા જાઓ, અગર ઊંઘી જાઓ.

૬ નિરાશાવાદીઓના સૂર ને ડરપોકોની ડાહ્યલી શિખામણો ન સાંભળવી. એવાઓની સલાહથી દૂર રહેવું.

૭ અભ્યાસ ન હોય તોપણ ગમે તે ઉમરે રમતગમત રમતાં શીખો અને રોજ રમો. તનમનની તંદુરસ્તી ગુમાવશો તો તે ધીરનારી કોઈ બેંકો કે શરાફી પેઢીઓ નથી હોતી.

હવે રહ્યાં હિંમત અને ખંત. આ ગુણોના પાઠ કોણે નથી વાંચ્યા? રમતગમતની હરીફાઇમાં જે આનંદ છે તે હારજીતના પરિણામમાં નથી હોતો. ખરો આહ્‌લાદ અનુભવાય છે જ જોખમમાં.

દૂરના ભવિષ્ય પરત્વેની ખોટી કલ્પનાઓ, ભીતિઓ, ચિંતાઓથી તેમજ ભૂતકાળના અંગત બનાવોથી તમારા મનોવિકારને અલિપ્ત રાખો. અનુયાયી નહિ પણ નાયક થવાની વૃત્તિ કેળવો.

મનુષ્યોના સામાન્યતઃ નીચે મુજબ વર્ગ પાડી શકાય.

૧ જેને બીજા ઉપાડે ત્યારે ઊપડે.

૨ જે માત્ર પોતાની જાતને જ ઉપાડી શકે.

૩ જે પોતાની જાત તથા કુટુંબને ઉપાડી શકે.

૪ જે પોતાની જાતને તથા કુટુંબને તેમજ ધંધાને ઉપાડી શકે.

૫ જે પોતાની જાત, કુટુંબ ને ધંધો ઉપાડવા ઉપરાંત દેશનો વેપાર-રોજગાર, હુન્નર-કળા કે સાહિત્ય ખીલવી શકે.

૬ જે પ્રજા સમસ્તને જાગૃત કરી કટોકટીના પ્રસંગોએ પ્રજાને ઉપાડે.

તમે કયા વર્ગમાં છો? હો તેનાથી ઉપરના વર્ગમાં ચડવું છે?

જગતના કયા મહાન પુરુષોને મુશ્કેલીઓ સામે લડવું નથી પડ્યું? ડરશો તો ડરાવનારનો તોટો નથી. જબરદસ્ત સ્ટીમરો પોતાની અંદરજ ઉત્પન્ન થતા બળથી આગે ધપે છે. પ્રચંડ તોફાનો પણ તેને ડરાવી શકતાં નથી. માર્ગમાં આવનારાં, શઢથી-બાહ્ય બળથી ચાલતાં વહાણો પણ તેને માર્ગ આપે છે.

તમે પણ અંતરમાં બળ ઉત્પન્ન કરી તે વડે પ્રગતિશીલ થાઓ તો તમને પણ બધા માર્ગ આપશે. હતાશ ન થાઓ. નિર્બળતા ત્યજી તમારી અંદરની તમામ શક્તિઓને ઉપયોગમાં લો જગત સામે, વિચારસમૂહ સામે, શિથિલતા સામે કુસ્તી કરવાનું બળ પ્રાપ્ત કરો. જીવો છો તેના કરતાં વધારે ઊંચી સપાટીએ જઇને જીવો. ખીણમાં વસતા લોકોના દિવસ કરતાં પર્વતની ટોચ ઉપર રહેનારનો દિવસ વધારે મોટો છે.

योग: कर्मसु कौशलम् ।

[મિ. હર્બર્ટ કાસન કૃત Getting over Difficulties ઉપરથી પ્રેરિત]

ભારતીય સંસ્કૃતિ નિબંધ-હરીફાઇ

ભારતીય સંસ્કૃતિના નીચે દર્શાવેલા કોઇ પણ અંગ વિષે સંસ્કૃત, હિંદી અથવા અંગ્રેજીમાં લખાએલા મૌલિક નિબંધો મુંબાઇના ભારતીય વિદ્યાભવને નિમંત્ર્યા છે. પ્રત્યેક વિષયવિભાગમાં શ્રેષ્ઠતાની દૃષ્ટિએ પ્રથમ નિબંધને રૂા. ૧૫૦ની કિંમતનો સુવર્ણચંદ્રક અને બીજા નિબંધને રૂા. ૨૫ની કિંમતનો રૌપ્યચંદ્રક અર્પણ કરવામાં આવશે. આ રીતે છ સુવર્ણચંદ્રકો અને છ રૌપ્યચંદ્રકો જુદા કાઢવામાં આવ્યા છે. વિભાગો આ પ્રમાણે છે: [૧] ધર્મ અને તત્ત્વજ્ઞાન (બૌદ્ધ, જૈન, ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, વેદાન્તમીમાંસા, વ્યાકરણ આદિ); [૨] કલા અને સ્થાપત્ય (બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન સંસ્કૃતિ સમયનાં); [૩] ભાષાઓ, સાહિત્ય (સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, વર્તમાન ભારતીય ભાષાઓ, દ્રાવિડી આદિ); [૪] ઇતિહાસ (રાજપ્રકરણી); [૫] સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા. [૬] ભગવદ્‌ગીતા અને જીવન.

હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છનારે આવતા જુલાઇ માસના અંત સુધીમાં ફૂલસ્કૅપ સાઇઝનાં ૧૫૦ પૃષ્ઠ જેટલો વિસ્તૃત નિબંધ, પોતાનો નામનિર્દેશ કર્યા વિના, મુખપૃષ્ઠ ઉપર સંજ્ઞાસહિત આચાર્ય, ભારતીય વિદ્યાભવન, ૩૩-૩૫, હારવે રોડ, મુંબઈ ૭ એ સરનામે મોકલી આપવો.

પોતાના સમર્થ વક્તૃત્વની જલદ તાકાત અને ઉજ્જ્વલ તેજસ્વિતાથી હિંદનો રાષ્ટ્રીય અવાજ રજૂ કરનાર નગદ દેશભક્ત ને પાર્લામેન્ટરી રાજકારણના સમર્થ નેતા

ઇ.સ. ૧૯૧૭ની કાંજીવરમ કૉન્ફરન્સ હિંદના રાષ્ટ્રીય ઇતિહાસમાં અત્યંત મહત્ત્વની બની રહી છે. શ્રીમતી સરોજિની નાયડુના પ્રમુખપદે મળેલી એ પરિષદમાં શ્રીમતી ઍની બેસંટે સરકાર સાથે સહકારનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. હિંદના રાષ્ટ્રીય હિતાર્થે એ પ્રસ્તાવનો વિરોધ કરવો જરૂરી હતો. અને એ વિરોધ એક એવી વ્યક્તિ દ્વારા થવા પામ્યો કે શ્રીમતી બેસંટ જેવાંની પણ સઘળી પ્રભાવી વક્તૃત્વકળા વિફળ નીવડી અને શ્રોતાગણ એ વિરોધકના વક્તૃત્વથી મંત્રમુગ્ધ બની તેને પક્ષે ઢળી પડ્યો. અલબત્ત, પ્રમુખના 'કાસ્ટિંગ વોટ'ની સહાયે શ્રીમતી બેસંટે વિજય તો મેળવ્યો, પરંતુ લોકલાગણીનો પ્રવાહ કઈ બાજુ ઢળતો હતો તે એ તરત પામી ગયાં. એ ઐતિહાસિક પરિષદ પછી પેલી વિરોધક વ્યક્તિ હિંદના જાહેર જીવનમાં વધુ ને વધુ યશસ્વી નીવડતી ગઇ, જ્યારે શ્રીમતી બેસંટ જાહેર જીવનમાંથી ધીમેધીમે વિસરાતાં જ ચાલ્યાં.

પોતાના સમર્થ વક્તૃત્વથી હિંદનો રાષ્ટ્રીય અવાજ રજૂ કરનાર એ વિરોધક તે ગયા (૧૯૪૩ના) માર્ચ માસની તા. ૨૮મીએ મદ્રાસની જનરલ હૉસ્પિટલમાં અવસાન પામેલા શ્રી એસ. સત્યમૂર્તિ. એમના જતાં હિંદે પોતાના શ્રેષ્ઠ યોદ્ધાઓમાંનો એક ગુમાવ્યો છે, જેનું જીવન એ જાતઘસારા અને આત્મભોગનું જ જીવન હતું રાષ્ટ્રીય સ્વાધીનતા અર્થેના પ્રયત્નમાં જ એ જીવન ગુજર્યું હતું અને એ પ્રયત્નમાં જ તેનો ઉત્સર્ગ થયો.

મદ્રાસ પ્રાંતના પુદુકોટા રાજ્યમાં તિરૂમયમ નામના ગામમાં મધ્યમ વર્ગના એક બ્રાહ્મણ કુટુંબમાં ઈ ૧૮૮૭ના ઑગસ્ટની ૧૯મીએ તેમનો જન્મ થએલો. પ્રાથમિક શિક્ષણ પુદુકોટામાં મેળવ્યા પછી સાહિત્ય અને કાયદાનું શિક્ષણ મદ્રાસની કૉલેજોમાં એમણે મેળવ્યું અને પછી ત્યાં જ વકીલાત શરૂ કરી. પરંતુ એમના સાહસિક સ્વભાવને કાયદાબાજી કરતાં રાજકારણે વિશેષ આકર્ષ્યા, અને એ ક્ષેત્રમાં પોતાના સામર્થ્ય વડે માર્ગ મેળવતાં મેળવતા અંતે રાષ્ટ્રના એક અગ્રગણ્ય નેતાની પંક્તિએ તે પહોંચ્યા.

ગોખલેજીના રાજકારણના અસ્ત અને ગાંધીજીના રાજકારણના ઉદયકાળે એમનો રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ થવાથી બંનેના ઉત્તમાંશોનો એમણે સમન્વય સાધ્યો હતો એમનાં ઉત્સાહ, સ્ફૂર્તિ અને વક્તૃત્વ કૉંગ્રેસની હરોળમાં બીનહરીફ બની રહ્યાં હતાં. જેટલા શ્રેષ્ઠ વક્તા એટલા જ પાછા ચુનંદા કાર્યકર્તા એ હતા, જે બંને ગુણો રાજકારણમાં બહુ જવલ્લે એકઠા મળે છે. રાજાકરણ એ વકીલોના ફુરસદના ધંધા તરીકે ગાંધીયુગના ઉદયથી જ મટવા માંડયું હતું. બરોબર એ સમયે તેને રાષ્ટ્રીય જીવનમરણના પ્રશ્નરૂપે પ્રસ્થાપિત કરવામાં સત્યમૂર્તિ જેવાની સહાય અનિવાર્ય હતી. કૉંગ્રેસે એમની સહાય સદા માગી લીધેલી. એમની માત્ર ૩૨ની જ વયે (ઇ. ૧૯૧૯માં) કૉંગ્રેસે એમને પોતાના ડેપ્યુટેશનના એક સભ્ય તરીકે ચૂંટીને ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડની મુલાકાતે મોકલેલા. ત્યાં પણ લંડન અને ડબ્લિનમાં હિંદનો પક્ષ રજૂ કરતાં તેમણે શ્રોતાઓને એવા તો મંત્રમુગ્ધ બનાવવા માંડેલા કે કર્નલ જોશીઆ વેજવૂડ જેવા પણ એ વખતે કહી ઊઠેલા કે: 'સત્યમૂર્તિ અંગ્રેજીમાં ઉત્તમ વક્તાઓમાંના એક અને ખુદ લૉઈડ જ્યૉર્જને પણ ટપી જાય તેમ છે.'

પરદેશમાં કરેલી હિંદની વકીલાતથી શ્રી સત્યમૂર્તિએ પ્રાપ્ત કરેલી ખ્યાતિનાં આંદોલનો હિંદમાં પણ ફરી વળ્યાં અને અહીંનો વિદ્યાર્થીવર્ગ એમના પર ફિદા બની ગયો. પાછા વળીને પોતાની સફરનાં



એસ. સત્યમૂર્તિ

... ઉત્કટ દેશભક્તિથી ભરેલી એમની વાણીના પડછંદથી ધારાસભા સદા ધમધમતી રહેતી; એમના પ્રશ્નોની ઝડીઓ સેક્રેટેરિયેટને રાતદિવસ ચિંતાતુર રાખતી; એમની સણસણતી ટીકાઓ અને વેધક ઉપહાસો સામે સરકારી સભ્યો મોં ખોલતા થથરતા... ... અને છતાં, પાર્લામેન્ટરી રસમના એ ચુસ્ત પુરસ્કર્તાએ કૉંગ્રેસની હાકલના એકેએક ઉગ્ર કાર્યક્રમ પર પોતાની જાત હોમી દીધી હતી. હોદ્દાસ્વીકાર માટેના એ અણનમ લડવૈયાએ, જીવનભરની તપશ્ચર્યા પછી જ્યારે મદ્રાસનું વડું પ્રધાનપદ હાથમાં આવ્યું ત્યારે રાજગોપાલાચાર્ય માટે જતું કરી દીધું ... એનું આખું જીવન આત્મભોગ અને જાતઘસારાનું જીવન હતું. ગરીબીમાં જ એ વીત્યું ને ગરીબીમાં જ એ ખતમ થયું...

સ્મરણો સંભળાવીને એ ફિદાગીરી એમણે વધુ ઉત્કટ બનાવી. પરંતુ એ આખી યે પ્રક્રિયાથી ઉત્તેજાઈ રહેલો રાષ્ટ્રપ્રેમ સત્તાધિકારીઓની આંખમાં ખૂંચવા લાગ્યો. એવામાં મદ્રાસની લૉ કૉલેજનો કશો ઉત્સવપ્રસંગ આવ્યો, અને એ તક સાધીને ત્યારના એ પ્રાંતના ગવર્નર લૉર્ડ વિલિંગ્ડને વિદ્યાર્થીઓને સંભળાવ્યું કે પોતાના નેતાઓની માત્ર વક્તૃત્વકળાથી તેમણે દોરાઇ જવું ન જોઇએ.

... અને એ એકલા રાજકીય નેતા જ નહોતા
સાહિત્ય અને શિક્ષણના એ વિદ્વાન જ્ઞાતા અને મદ્રાસ યુનિવર્સિટીની સર્વ પ્રવૃત્તિની ધરી રૂપ હતા
કલા અને સંગીતનાં રસિક મીમાંસક અને સંસ્કૃતિ તથા નાગરિક જીવનના મહાન પુરસ્કર્તા હતા

એને બીજે જ દિવસે દરિયાકાંઠે મળેલી વિદ્યાર્થીઓની જ સભામાં શ્રી સત્યમૂર્તિએ વિલિંગ્ડનને ઉધડા લીધા. હિંદની નિરક્ષરતા, એની ગરીબી, રોગચાળો વગેરેની એક પછી એક હકીકતો મૂકતા જઈને એમણે જણાવેલું: 'હકીકતો, નામદાર, હકીકતો એ જગતના શ્રેષ્ઠ વક્તાઓના શ્રેષ્ઠ વક્તવ્યથી પણ વિશેષ વક્તૃત્વપૂર્ણ હોય છે.'

એમના પ્રબળ વ્યક્તિત્વ સાથે વાણીનું ઓજસ અને ઉત્કટ દેશદાઝ એમને પ્રથમ પંક્તિએ રાખી રહેતાં. એમનાં પ્રેરણાભર્યાં ભાષણો માટે એમને સર્વત્ર નિમંત્રવામાં આવતા. રાજકરણમાં પાર્લામેન્ટરી પ્રવૃત્તિના એ પુરસ્કર્તા હતા અને હમેશાં તેની જ હિમાયત એ કરતા રહેલા; કારણ એ માનતા કે સ્વતંત્રતા જેટલું જ સુશાસન પણ અગત્યનું છે. એને લઇને જ દેશબંધુ દાસ અને મોતીલાલ નહેરૂના નેતૃત્વ નીચે ઊભી થએલી સ્વરાજ્ય પાર્ટીમાં એ જોડાએલા અને એ પાર્ટીની ટિકિટ પર મદ્રાસ કાઉન્સિલમાં ચૂંટાઇને વિરોધ પક્ષના નેતા બનેલા. એ કાઉન્સિલમાં એમનું એ સ્થાન હતું, જે બંગાળમાં દેશબંધુ દાસનું ને ધારાસભામાં મોતીલાલ નેહરૂનું હતું. કાઉન્સિલમાં સરકારી સભ્યો તો એમની સામે મોં ખોલતાં સદા થથરતા રહેતા. મદ્રાસમાં પનાગલ પ્રધાનમંડળ હતું ત્યારે પનાગલના રાજામાં અવિશ્વાસ જાહેર કરતા ઠરાવના ટેકામાં એમણે આપેલું ભાષણ એ કોઇ પણ ધારાસભામાં અપાએલા કોઇ પણ ભાષણમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે. રાજા પોતે સંસ્કૃતનો મહા વિદ્વાન હતો અને પોતાના ટેકામાં ભર્તૃહરિનો એક શ્લોક તેણે ટાંકેલો. એણે જેવી પોતાની બેઠક લીધી તેવા જ સત્યમુર્તિ ઊભા થયા અને 'પનાગલના રાજાએ ભર્તૃહરિનો હવાલો આપ્યો છે; મને પણ ભર્તૃહરિનું થોડુંક જ્ઞાન છે' એ શબ્દો સાથે પોતે ભર્તૃહરિનો હવાલો આપતી એવી તો વાગ્ધારા વહેતી કરી કે રાજાની સઘળી દલીલોનો ભુક્કો ઊડી ગયો. એ પોતે પણ સંસ્કૃતના જેવાતેવા જ્ઞાતા નહોતા, અને તેમાં યે વાલ્મીકિ, કાલિદાસ, ગીતા તથા ઉપનિષદોના તો અઠંગ અભ્યાસી હતા.

ઈંગ્લંડના પ્રથમ ડેપ્યુટેશન પછી છ વર્ષ રહીને ઈ. ૧૯૨૫માં બીજી વાર એમને કૉંગ્રેસ તરફથી ઈંગ્લંડની મુલાકાતે મોકલવામાં આવેલા. મદ્રાસ કાઉન્સિલમાં પાછળથી કૉંગ્રેસ પાર્ટીના એ ડેપ્યુટી લીડર બનેલા. મધ્યસ્થ ધારાસભામાં મદ્રાસ શહેર વતી એ વિરાજતા, અને ત્યાં પણ ભુલાભાઇ દેસાઈની આગેવાની નીચે કૉંગ્રેસનો એટલે કે પ્રજાનો જ દૃષ્ટિકોણ એ સમર્થરીતે રજૂ કરતા રહેતા. ટૂંકમાં, રાજકારણમાં સદૈવ પ્રજાની જ વાચા બની રહેવાનો જાણે એમનો સંકલ્પ હતો; અને એ સંકલ્પ એમણે યશસ્વીરીતે પાર પાડ્યો હતો, એ એમની કારકીર્દિ કહી આપે છે.

કૉંગ્રેસના અનિવાર્ય સલાહકારોમાંના એ એક હતા. તામિલનાડ કૉંગ્રેસ કમિટીના કેટલોક સમય એ પ્રમુખ રહેલા. ઈ. ૧૯૩૯-૪૦માં મદ્રાસ કૉર્પોરેશનના એ મેયર ચુંટાએલા, અને એ પદેથી મદ્રાસને 'સુંદર નગર' બનાવવાની પોતાની યોજના એમણે અમલમાં મૂકી હતી, એટલું જ નહિ પણ 'Pundi Reservoir Scheme' અમલમાં મૂકીને શહેરનો પાણીનો પ્રશ્ન સરળ બનાવી દીધો હતો. શિક્ષણના ક્ષેત્રમાં નાનપણથી જ એમને રસ હોઇને મદ્રાસ યુનિવર્સિટી સેનેટમાં રજિસ્ટર્ડ ગ્રૅજ્યુએટોના પ્રતિનિધિ તરીકે એ હતા. યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના સભ્ય હોવા ઉપરાંત તેની લાયબ્રેરી કમિટીના કન્વીનર, હિંદી સંગીતના અભ્યાસક્રમની બોર્ડના અધ્યક્ષ 'તથા ફૅકલ્ટીઝ ઑફ ફાઇન આર્ટ'ના એ પ્રમુખ હતા. અન્નામલાઇ યુનિવર્સિટી સ્થપાઈ ત્યારે તેની પણ ઍકેડેમિક કાઉન્સિલના એ સભ્ય ચુંટાએલા. છેલ્લાં વીસ વર્ષથી તો એમની રાહબરી વિનાની મદ્રાસ યુનિવર્સિટીના કોઈ પણ પ્રવૃત્તિની કલ્પના પણ આવવી મુશ્કેલ હતી. રાજકારણમાં એ ન પડ્યા હોત તો કલા, સંસ્કૃતિ અને નાગરિક જીવનના વિકાસમાં એમનો હિસ્સો કદાચ અવિસ્મરણીય બની રહેત એટલી માતબર એમની આત્મસમૃદ્ધિ હતી.

સ્વતંત્ર વિચારસરણી સાથે પોતાનાં મંતવ્યો નીડરપણે સંભળાવી દેવાની નીડરતા એમનામાં હતી. કૉંગ્રેસના વરિષ્ઠ શાસન (હાઇ કમાન્ડ) સામે અનેકવાર એ વિરોધ ઉઠાવતા, પણ એ વિરોધ માત્ર હેતુલક્ષી હતો એ વાત કૉંગ્રેસની સમસ્ત હરોળ સારી રીતે જાણતી. પોતાના અહંત્વનું તો એમણે આમૂલ જાણે વિલોપન કરી નાખ્યું હતું. આવા મનઃસ્વાતંત્ર્ય છતાં પોતાના પક્ષના એકેએક નિર્ણયને એ વફાદારીથી વળગી રહેલા, અને કૉંગ્રેસની એકેએક હાકલ વખતે એમણે મેદાને પડીને કારાવાસ સ્વીકારેલો. કૉંગ્રેસના ગમે તેટલા ઉગ્ર કાર્યક્રમને ઉપાડી લેવામાં અને પોતાની જાતને હોમી દેવામાં તેમણે કદિ પાછી પાની કરી ન હતી.

કૉંગ્રેસનો હોદ્દાસ્વીકાર પણ એમના જ સતત આગ્રહને આભારી હતો. ઈ.૧૯૩૪માં જ કૉંગ્રેસવાદીઓએ મધ્યસ્થ ધારાસભામાં જવાની અનુમતિ એમણે ગાંધીજી પાસેથી મેળવી લીધી હતી, અને એ કાર્યક્રમ સફળ કરવામાં પં. માલવીયજી તથા ડૉ. અનસારીની સહાય એમણે માગેલી. એમના અથાક પરિશ્રમથી જ મદ્રાસમાં કૉંગ્રેસના સર્વે ઉમેદવારોને સફળતા મળેલી

પદગ્રહણ માટે કૉંગ્રેસને એમણે સમજાવેલી એ અરસામાં શ્રી રાજગોપાલાચાર્ય કોઈ કારણે કૉંગ્રેસથી રિસાઇને અલગ થઇ ગયા હતા. અને જ્યારે સત્યમૂર્તિના પ્રયત્નોને સફળતા મળી ત્યારે રાજાજીના પક્ષે તેમના પર એવો આરોપ મૂકવા માંડ્યો કે પોતે વડા પ્રધાનપદે આવવા માટે જ હોદ્દાસ્વીકારનું આંદોલન શરૂ કરેલું. શ્રી સત્યમૂર્તિએ એ આરોપનો જવાબ ખુદ રાજાજીને જ વડાપ્રધાનપદે આવવા સમજાવીને વાળ્યો. આ એમનો ત્યાગ જેવોતેવો ન હતો. આજીવન જે પ્રવૃત્તિ પાછળ એ મથ્યા રહ્યા હતા તેના પરિણામરૂપ સામે આવેલા સર્વોચ્ચ સંમાનનો ત્યાગ એ અપૂર્વ નિરભિમાનનો જ સૂચક છે. રોમના વિજય પછી ગૅરીબાલ્ડીએ બતાવેલા ત્યાગ સાથે જ એ ત્યાગની સરખામણી થઈ શકે.

સત્યમૂર્તિની કામગીરીનો યથાર્થ ખ્યાલ મેળવવો હોય તેણે 'ઇન્ડિયન હૅન્સાર્ડ'નાં છેલ્લાં આઠ વર્ષનાં પાનાં ઉથલાવી જવાં. એમની પ્રજાસેવાનો અદ્વિતીય રૅકૉર્ડ એમાં મળી આવશે. ધારાસભામાં એમની હાજરી એ નોકરશાહીને નિરાશા અને સરકારી સભ્યોને ભય રૂપ બની રહેતી. સરકારી સેક્રેટરીએટને એ મહિનાઓ સુધી સતત કામગીરીમાં રાખી શકતા. એમણે આપેલા આંકડાઓ અને હકીકતોને નકારવાની કોઈની મગદૂર ન રહેતી. નાણાંકીય પ્રધાનોએ કેટલી યે વાર એમની આગળ હાર સ્વીકારી છે. ધારાસભા શું પૂછશે એનો નહિ, પણ સત્યમૂર્તિ શું પૂછશે એનો જ સદા સેક્રેટરીએટને ભય રહેતો, અને એને મન સત્યમૂર્તિ એ 'Supplemurti' જ બની રહ્યા હતા. એમના સવાલોની ઝડીઓથી બચી જવા કેટલાક મંત્રીઓ તો રજા પર ઊતરી જતા!

પોતાનું કામ શરૂ કરતાં પહેલાં તે વિષયનું ઉપલબ્ધ બધું સા-

હિત્ય એ વાંચી જતા; અને તેમાંથી તારવણી કરી મુદ્દાઓનો મોટો ગંજ તારવી કાઢતા. ૧૯૩૫માં સર રામસ્વામી મુદલિયરને હરાવીને એ ધારાસભામાં બેઠા ત્યારે કેટલાક કાળા કાયદાઓ વિરુદ્ધ બે દિવસ સુધી એમણે આપેલું ભાષણ એ માત્ર એમના શારીરિક શ્રમનું જ સૂચક નથી બ્રિટિશ સરકાર સામેનું એ આકરું તહોમતનામું રહ્યું છે, રાષ્ટ્રીય સરકારની એ જવલંત વકીલાત રૂપ રહ્યું છે, પાર્લમેન્ટરી પ્રતિભાના ઉજ્જવલ દૃષ્ટાંતરૂપ રહ્યું છે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના રાજકારણમાં રહેલા મેકિયાવેલિયન (ચાણાક્ય)અંશથી એમનું રાજકારણ તદ્દન મુક્ત હતું. એમની આખી બાજુ ખુલ્લી રહેતી, અને આંકડા તથા હકીકતો જ એમનાં આયુધો હતાં.

આવા સમર્થ નેતાએ કૉંગ્રેસ તરફથી કશા હોદ્દાની અપેક્ષા ન રાખતાં તેવા હોદ્દેદારોની પાલખી ઉંચકનાર તરીકે જ ગૌરવ માન્યું હતું. કૉંગ્રેસ વર્કિંગ કમિટી સુદ્ધાંના એ સભ્ય નહોતા. છતાં હોદ્દાસ્વીકાર વખતે કૉંગ્રેસની તરફેણમાં પ્રજામત વાળવા માટે ૩૦ કૉંગ્રેસવાદીઓ સાથે દક્ષિણ હિંદમાં ૩૬,૦૦૦ માઇલ ઘૂમી વળીને મદ્રાસ પ્રાંતમાં ૨૨૫માંથી ૧૭૫ બેઠકો કૉંગ્રેસ માટે એમણે સર કરી આપેલી.

અલબત્ત, સત્યમૂર્તિ સર્વથા દોષમુક્ત નહોતા. અને કયો મનુષ્ય હોય છે? એમનો એક દોષ તે આડધડ નિવેદનો ફેંકતા રહેવાનો હતો. એક મહાસભાવાદી તરીકે ધારાસભામાં વાઈસરૉયના પ્રવચનમાં તે હાજરી નહોતા આપતા. આમ છતાં એ પ્રવચનની નકલ મેળવી લઇને તુરતાતુરત તે પર નિવેદન બહાર પાડયા વિના એ જંપી શકતા નહિ. વળી જે બ્રિટિશ શાસનપદ્ધતિનો તેમને મોહ હતો એ પણ આ દેશ માટે તો અયશસ્વી ઠરી ચૂકી છે. બ્રિટિશ પ્રજા અને હિંદી પ્રજાના હિતસંબંધો વચ્ચે આસમાન જમીનનો તફાવત રહ્યો છે, અને શરૂઆતમાં એ પદ્ધતિ વડે સધાએલા થોડાઘણા હિત પછી આજે તો બ્રિટિશ શાહીવાદ દેશની વિશેષ પ્રગતિને માફક નીવડયો છે. એ દૃષ્ટિએ વિચાર કરીએ તો, આપણા દેશમાં પાર્લમેન્ટરી રાજકારણ ખેડનારો જે નેતાવર્ગ થઇ ગયો છે એ વર્ગમાં સૌથી અંતિમ નેતા તરીકે સત્યમૂર્તિને ગણી શકાય. એમના જતાં હિંદી રાજકારણના એ પ્રકાર પર છેવટનો પડદો પડી ચૂક્યો છે અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય એ જ એકમાત્ર ધ્યેય અવશિષ્ટ રહ્યું છે.

એ ધ્યેય સત્યમૂર્તિને સ્પષ્ટ થયા વિનાનું નહોતું રહ્યું. ક્રિપ્સયોજનાની નિષ્ફળતાથી એમના પાર્લમેન્ટરી માનસમાં ક્રાન્તિકર પલટો થઇ ગયો હતો અને અંગ્રેજોએ હિંદ છોડી જવાની ગાંધીજીની માગણીના એ જબરા સમર્થક બની રહ્યા હતા. એ માટે જ એમને ૮મી ઑગસ્ટ ૧૯૪૨ની મહાસમિતિની બેઠક પછી મુંબાઇથી મદ્રાસ જતાં રસ્તામાં જ ગિરફતાર કરી લેવામાં આવેલા. એ પહેલાં ૧૯૪૦ના કારાવાસ દરમિયાન જ એમને હૃદયરોગ લાગુ પડી ચૂકેલો જે આ ગિરફતારી પછી અત્યંત વધી ગયો. છેક છેલ્લે તબક્કે સરકારે તેમને છોડયા, પણ હિંદને સ્વતંત્ર જોવા ઇચ્છનાર એ પુરુષવરના દેહે તેને દગો આપ્યો અને મુક્ત હિંદી તરીકેનું જીવન જીવવાની તક મળે તે પહેલાં જ પોતાની પત્ની બાલસુન્દરમ્મલ તથા એકના એક પુત્રી લક્ષ્મીને છોડીને એમણે શાશ્વત જીવનમાં પ્રવેશ કર્યો.

એમનું જીવન સતત પરિશ્રમથી સીંચાએલું રહેતું. એમની નાનીશી જિંદગીમાં એમણે જાણે એક સૈકાભરની જીવનશક્તિનો વ્યય કર્યો છે એમ આપણને લાગે. સ્વભાવે નિખાલસ, વિશ્વાસુ, ચતુર અને ગંભીર એ આદમી પાસે જલદ તાકાત હતી, પ્રોજ્જવલ તેજસ્વિતા હતી. અને એ બધાંનો દેશની સેવામાં એમણે ઉપયોગ કર્યો છે. દેશના ઉત્કર્ષની વેદી ઉપર એમણે પોતાનું જીવન જાણે હોમી દીધું છે.

સારું યે જીવન શ્રમમાં વીતાવનાર સત્યમૂર્તિને એ શ્રમના પરિણામે ગરીબી જ સાંપડી હતી. રાજકારણમાં સફળ થવામાં સંપત્તિનો ફાળો જેવોતેવો નથી રહ્યો, પરંતુ સત્યમૂર્તિને 'બૅન્ક બૅલેન્સ' જેવું કશું હતું જ નહિ; અને ઘણીવાર પત્રકારનું જીવન જીવીને પણ પોતાનું રાજકારણ એમને ગતિમાન રાખવું પડતું. એમના અવસાન પર રાજાજીએ કહેલું, 'એક અજંપ આત્માને જંપ મળ્યો.' અને એ સંપૂર્ણ સત્ય છે. એમનો અજંપો હિંદને સાંપડેલી એક પછી એક વિફળતાઓને આભારી હતો. એ વિફળતાઓ પછીની કોઇ પણ સફળતા સમયે પોતાની આ શ્રદ્ધેય પ્રતિભાનું વિસ્મરણ ન થાય એ હિંદ જોવાનું રહેશે.

અશોક હર્ષ

કરકસર અને બચાવની રીતો

જાહેર સભામાં કે રસ્તાપર વહેંચાતાં ચોપાનિયાં, ઘેર આવતાં વેપારીઓનાં બિલો કે આંકડાઓ, અથવા કંકોત્રીઓ વગેરે ભેગાં કરી, દોરાથી ટાંકી, ઘરમાં એક ખૂણે ખીલી પર લટકાવી રાખો. ચિઠ્ઠીચપાટી, હિસાબનાં ટાંચણ કે નોંધ-યાદી વગેરેમાં ખપ લાગશે.

ટપાલનાં કવરો પર મોટું સરનામું ઘસડતા નહિ બીજીવાર વપરાય એટલી જગ્યા રાખો.

ઘરમાં એક પહોળા મોંની નાની શીશીમાં થોડો ગુંદર પલાળેલો તૈયાર રાખો અને તેમાં નાનો કૂચો કરેલી વાંસની સળી કે દાતણ રાખો. એ અનેક વખતે ઉપયોગી બનશે. કવરો બનાવી લેવા, ટિકિટો ચોડવા, ફાટેલું પાનું ચોડવા, ટાંકણીને બદલે ગુંદરનું ટપકું લગાડી બે કાગળો ભેગા કરી રાખવા, એમ અનેક રીતે તેનું કામ પડશે.

પસ્તીમાં ન જાય એવાં ટચુકડાં હેંડબિલો કે કાગળો પાર્સલનાં ખોખાંનાં પોલાણ ભરવા કામ લાગશે. જેમને સમય મળે તેમણે, તેને બેત્રણ દિવસ પલાળી રાખી, ઝીણો ભૂકો કરી, બાફી, ખીચડીની જેમ રાંધીને તેમાં ગુંદરનું પાણી અને મોરથુથુનો ચપટી ભૂકો મેળવી તેમાંથી નાનાં વાસણો, સુશોભિત આકારો, રમકડાં, પાત્રો વગેરે કરી, રંગ આપી ઉદ્યોગ કરી જોવો.

દવાઓનો ખર્ચ ઓછો કરવા જાણીતાં આયુર્વેદિક ઔષધો અજમાવી જોવાં. મીઠું, આદુ, (કે સૂંઠ) હળદર, તુલસી વગેરે સસ્તાં અને અસરકારક ઔષધ છે.

પેટ સાફ રાખવા માટે ચમચી એરંડિયાનો સાદો જુલાબ તંદુરસ્તી સાચવવામાં શ્રેષ્ઠ છે. એરંડિયું જંતુનાશક છે. અનાજ સડે નહિ તે માટે તેને એરંડિયાનો જ પટ અપાય છે. આજે તો વાસ વિનાનું એરંડિયું પણ મળી શકે છે, જે પીવામાં ઘણું સરળ છે. ચ્હા કે દૂધ સાથે તે સહેલાઈથી લઈ શકાય છે.

શિક્ષક-પાટિયા ઉપર 'માસ્તર મંકોડો છે' એવું કોણે લખ્યું છે?

નાનુ–(ધ્રૂજતો ધ્રૂજતો) મેં સાહેબ.

શિક્ષક—એ સત્ય જાહેર કરવા માટે હું રાજી થયો. તને માફ કરું છું.

તારયંત્રનો શોધક સૅમ્યુઅલ મોર્સ પહેલાં ચિત્રકાર હતો. એક વખત તેણે એક માણસનું ચિત્ર આલેખેલું, જેના ચહેરા પર અસહ્ય વેદના બતાવવામાં આવેલી. એક દિવસ એક ડૉકટર મિત્ર મળવા આવેલા તે એ ચિત્ર નિરખી નિરખીને જોતા હતા, એ જોઇ ચિત્ર વિષે તેનો અભિપ્રાય જાણવા મોર્સે તેને પૂછ્યું. 'કેમ, તમને શું લાગે છે?'

'મૅલેરિયા!' ડૉકટર મિત્રે જવાબ આપ્યો!

ઠંડી તાકાત, સ્વસ્થ ચિત્ત અને સરળ બાનીની સત્યકથા

મ ઝ ધા ર

જાદુગરના છુમંતર પેઠે અમારું વિમાન પાણીમાં અદૃશ્ય થઇ ગએલું. અમે જોયું કે આ રહ્યું, આ રહ્યું, ને ક્ષણવારમાં તો ગાયબ! અને કાળી ડેબાણ રાતે, વિશાળ પાસિફિક મહાસાગરની મઝધારે, પાણીથી નીતરતી અમારી એ અંધારી દુનિયામાં રહ્યા અમે ત્રણ જણ, રબરનો એક અણઘડ તરાપો, તે પર ટીંગાએલો તેનાં મામૂલી ઓજારોનો નાનો થેલો, અને અમારાં શરીર પરનાં તરબતર કપડાં;—એ સિવાય કશું અમારી પાસે નહોતું રહ્યું. અન્ન નહિ, જળ સુદ્ધાં નહિ.

પહો ફાટતાં સુધી રબરના એ તરાપામાં અમે જેમતેમ પડી રહ્યા; કારણકે માત્ર ચાર ફૂટ પહોળા ને આઠ ફૂટ લાંબા એ હોડકામાં ઊંઘ તો અમારાથી લઈ શકાય તેમ હતું જ નહિ. અને તરાપામાં અમારી સ્થિતિ પણ કેવી? કોઇ પાતળી ગોદડીમાં ટૂંટિયું વાળીને તમે પડેલા હો, ને દર ત્રણ સેકંડે તમારી પીઠ પર કોઈ સખ્ત હાથે દંડો લગાવે અને બીજો કોઈ બાલદીઓ ભરીભરીને ઠંડું ખારું પાણી તમારા પર રેડતો આવે, એ રીતે દરિયાનાં જબરદસ્ત મોજાં એના રબરના પડ પાછળથી અમારી પીઠે અફળાતાં ને પાણીની છાલકો અમારા પર દેમાર બોલાવતી.

મારા બે જુવાન સાથીદારો એવી આશામાં રહ્યા હતા કે અસંખ્ય જહાજો અત્યારે અમારી શોધમાં દરિયાના આ વિસ્તારનો ખૂણેખૂણો ખૂંદી રહ્યાં હશે. પણ હું એવા મદાર પર નહોતો રહ્યો. હું આ ધંધામાં રહ્યો વર્ષોનો ઘડાએલો, એટલે જાણું કે અમારો ઍડમિરલ કાંઈ ત્રણ જિંદગીઓને માટે પોતાનો આખો કાફલો જોખમમાં ઉતારે એ જરા યે સંભવિત નહોતું.

વચ્ચે એક પળ એવી પણ આવી ગઇ, જ્યારે મારા સાથીઓની શ્રદ્ધા સાચી અને મારી અશ્રદ્ધા નાપાયાદાર લાગવા માંડેલી. સવાર પડતાં, આઠ કે સાડાઆઠ વાગ્યે, એક વિમાન દેખાએલું. એ નજીક આવતાં અમે એને ઇશારતો કરીને થોડીક બૂમો પાડી. પરંતુ એણે તો અમને જોયા જ ન હોય તેમ એ પસાર થઈ જવા લાગ્યું. એની મોટરોનો અવાજ, એકાદ અવસાનગીતના અંતિમસૂરોની માફક, દખણાદી દિશામાં અંતે વિલીન થઇ ગયો!

મારા સાથીદારો આ પરિણામ જોઇને જ્યાં ઊભા હતા ત્યાં જ ફસડાઈ પડયા. એમના ચહેરા ભાવશૂન્ય બની ગયા હતા.

ધગધગતા લોઢા જેવા લાલચોળ તપતા સૂરજનાં કિરણોએ અમારાં માથાં શેકી નાખવા માંડયાં. ટૉનીએ ડુંગરી જાકીટ ચડાવ્યું હતું, એટલે તેનું ખમીસ મેં તેની પાસેથી કઢાવી નંખાવ્યું અને તેની બાંહો કાઢી નાખીને બાકીના ભાગમાંથી અમારાં માથાં ઢાંકવા માટેના ટુકડા કાપી કાઢ્યા.

માથાં ઢંકાયાં, પણ ચહેરાના રક્ષણ માટે કશું સાધન અમારી પાસે નહોતું. સવારથી માંડીને મોડા બપોર સુધી સૂરજનો તાપ અમારા બદન પર અસ્ખલિત રેડાતો રહેતો. ક્વચિત દરિયો શાંત બની જતો ત્યારે રબરનો અમારો તરાપો અસહ્ય હદે તપી ઊઠતો. અમારે માટે ત્યારે માત્ર એક જ ઈલાજ રહેતો: તપી ઊઠેલા તરાપાના અને અમારા દેહ પર દરિયાનું પાણી છાંટતા રહેવાનો!

રાત્રે, અને ખાસ કરીને દરિયો તોફાને ચડ્યો હોય ત્યારે વળી અમારે માટે જુદો જ કોયડો ઊભો થતો, અને તે ઠંડીનો. અમારાં કપડાં સાથે અમારાં ગાત્રો પણ એવાં થીજી જતાં કે વારાફરતી એક જણ ચોકી પર રહે અને બીજા બે એકબીજાને બાથ ભરી રહીને, નીચોવાતી જતી શરીરની ગરમીને ટકાવી રાખે.

પણ વખત વીતતો ગયો તેમ અમે હવે અમારી આ મુશીબતોનાં ટીખળ કરવા માંડ્યાં. ભોજનની, સિગારેટની કે કૉફીની વાતો પણ અમે કરતા, તે અલબત્ત, અમારી તૃષ્ણાને વધુ ઉત્તેજતી; પરંતુ એથી દુઃખિત થવાને બદલે અમે તેને ટોળમાં ઉડાવતા. ટીખળી ટૉનીએ એક નવો નુસખો શોધી કાઢ્યો હતો. જીનને (પોતાના પ્રિય રેડિયો-નાયકના નામ પરથી એણે તેનું નામ હેન્રી પાડયું હતું) એ ગંભીર બનીને હુકમ કરતો, 'કમ ઑન હેન્રી!—ટાઈમ ટુ પુટ ઑન ધ પૉટ!' અને પછી હું અને હેન્રી પણ ગમ્મત સાંગોપાંગ પાર પાડવા, જાણે એના હુકમને અમલમાં મૂકતા હોઇએ તેમ, કૉફી બનાવવાનો અને તે રેડવાનો અભિનય કરતા! એ માટેનાં ખાસ અવાજ અને અદા સુદ્ધાં અમે અપનાવ્યાં હતાં. મને લાગે છે કે આવા ઇરાદાપૂર્વકના ગાંડપણના ચાળા અમે કરતા તેથી જ, તાપ ટાઢ, ભૂખ ને તરસની વ્યથાને લીધે ખરેખર ગાંડા બની જતા અમે બચી ગયા.

શિસ્તનું તો અમે સર્વથા પાલન કરતા. ત્રણેમાં હું મોટો ને અનુભવી, એટલે સ્વાભાવિક જ હું તેમના કપ્તાનના પદે રહેલો, અને ટૉની ને જીન પણ બંને ચુનંદા ખલાસી, એટલે તેમણે પણ કપ્તાન તરીકેના મારા એ અધિકારનો તત્પરતાપૂર્વક સ્વીકાર કરી લીધો હતો. અમને પહેલાં તો એ બીક હતી કે વખતે તરાપામાં ક્યાંક કાણું કે તરડ પડશે ને અંદરની હવા નીકળી જશે તો? 'ઍર-પંપ' તો અમારી પાસે હતો નહિ કે જેથી તરાપામાં વેહ પડવા છતાં એ વડે હવાનું દબાણ અમે સરખું રાખી શકીએ. મેં તરાપાનું રબર કશાથી—કપડાંના બટન સુદ્ધાંથી ઉઝરડાય નહિ તેની તાકીદ બંનેને આપી દીધી હતી અને ભય લાગતા સ્થાને તરત હું અમારા ઓજારોના થેલામાંનું રબરસીમેન્ટ લગાડી દેતો.

રબરનો અમારો એ તકલાદી તરાપો સાગર સામે સારી રીતે ઝૂઝવા માંડતાં અમારો આત્મવિશ્વાસ વધ્યો. એકાદ અડીખમ સ્ટીમરની માફક તે દરિયો જંગતો રહ્યો હતો. કોઇ વાર એકાદ બેફામ મોજું ખુદ એમાં જ ઉછળી આવીને પટકાતું ત્યારે જ એમાં પાણી ભરાતું. અમારા પર એકીસામટું આવીને અફળાએલું એ પાંચદસ ગૅલન પાણી અમે હાથે ઉલેચી નાખતા ને કપડાં નીચોવીને સૂકવી દેતા.

અમેરિકાનો વાઇસ પ્રેસિડેન્ટ વૉલેસ આ વૃત્તાંતને વિષે કહે છે કે

મુકદ્દરનો સામનો કરવાની માણસની ઠંડી તાકાતનો આ રોમાંચક વૃત્તાંત



દક્ષિણ પાસિફિકમાં લડાઈ આપીને પાછા વળતાં દરિયામાં તૂટી પડેલા એક અમેરિકન વિમાનના ત્રણ જુવાન વિમાનીઓના, ચોત્રીસ દિવસના જીવ-સટોસટના જંગનો આ અહેવાલ છે.

પૃથ્વી પરના વિરાટ મહાસાગર પાસિફિકની વચ્ચોવચ ..જ્યાંથી નજીકમાં નજીકના ટાપુ પણ સેંકડો માઈલ દૂર હતા એવી અંતરિયાળ મઝધારે. . લગભગ એક ખાટલા જેવડી રબરની હોડકીમાં. . . અન્નજળ કે બીજાં સાધનોથી રીઢા. . . ચામડીને ભૂંજીને ભીંગડાં વાળી દેતા આકરા સૂર્યતાપમાં તરફડતા અને વારેવારે ઉથલાવીને દરિયામાં ફેંકી દેતાં ભયંકર વરસાદી તોફાનોના તમાચા ખમતા. . . ફાડી ખાનારા શાર્ક મત્સ્યો અને ચામડાં ઊતરડીને પેશીઓનો છૂંદો કરી નાખે એવા ધારદાર પરવાળાના ટાપુઓ સામે અફળાતા ફૂટાતા ..ભૂખ્યા, તરસ્યા ને ચોત્રીસચોત્રીસ દિવસ સુધી ચોંકડા જેવી હોડકીમાં ગોંધાઈને અકડાઈ ગએલા અંગવાળા. .એવા ત્રણ જવાનોની કંડી તાકાતની ખરીઅનોલી આ આપવીતી છે.

હૅરૉલ્ડ ડિક્સન, ટૉની પૅસ્ચુલા અને જીન આલ્ડ્રિશ–એ ત્રણ વિમાનીઓમાંના મુખ્ય હૅરૉલ્ડ ડિક્સને, રૉબર્ટ ટ્રમ્બુલ નામના ખબરપત્રી પાસે કરેલું આ વર્ણન, મોટે ભાગે તેના જ શબ્દોમાં ઉતારેલું છે. અમેરિકામાં થોકબંધ ખપી ગએલાં પુસ્તક પરથી આ તો માત્ર ટૂંકાવેલું રૂપ છે.

એ ત્રણેમાં અગ્રણી હૅરૉલ્ડ ડિક્સનને પાછળથી અમેરિકન નૌકાખાતા તરફથી 'નેવી ક્રૉસ' અનાયત કરવામાં આવ્યો છે.

એવી જ કંટાળાભરેલી બીજી રાત્રિ પસાર થઈ અને ત્રીજી સવારે અમારા પેટમાં કૂકડા બોલવા લાગ્યા.

અચાનક મને યાદ આવ્યું કે મારા ગજવામાં સીસાપેન છે ! તો પછી દરિયામાં અમે જે સ્થળે રખડી પડેલા તેનો નકશો તો કરીએ ! મેં એક 'લાઈફ-જૅકેટ' (જે પહેરીને પાણીમાં તરી શકાય) પર નકશો ઉતારવા માંડ્યો; કારણ પાસિફિકની આ બાજુના કેટલાક ટાપુઓના ભૌગોલિક સ્થાનની મને માહિતી હતી. દરિયાઈ વિમાનીઓ માટેનું કચકડાનું એક નાનું 'કૅલ્ક્યુલેટર' મારી પાસે હતું. તેણે માઈલોની ગણતરીમાં મને ખૂબ સહાય કરી.

અમારી પાસે નહોતો સઢ, નહોતું સુકાન કે નહોતાં હલેસાં. આમ છતાં આ તરાપાને હંકારી પાર ઉતારવાને હું કૃતનિશ્ચય હતો. અને મેં એ હંકાર્યો જ. એક મારું મન જાણે છે કે મારી હઠી ગે હઠો તોડીને મેં તે માટે કેવી મથામણ કરી છે. એટલે તરાપો હંકાર્યાને બદલે એ તરાપામાં અમે ઘસડાઈ જ આવેલા, એમ જો કોઈ કહે તો હું જરૂર એનો વિરોધ કરવાનો.

દરરોજ સાંજ નમતાં પહેલાં હું ગણતરી મૂકતો કે અમે અંદાજે કેટલું અંતર કાપ્યું અને કઈ દિશામાં. ઉપરાંત, અમે એક દિવસ પૂરો કર્યાનું એક નિશાન પણ હું તરાપાની કિનાર ઉપર એક સ્થળે મૂકતો અને દિવસોની ગણતરી રાખતો. આ નકશામાં મારા જોડીદારોને બહુ રસ આવતો, કેમકે રોજ સાંજે અમુક દિશામાં પેન્સિલની લીટી થોડી આગળ લંબાતી. અમે તો જોકે સાચી દિશામાં જ હંકારતા, પણ ઘણીવાર જોરદાર પવન અમને જુદી જ દિશામાં ઘસડતો. ચાળીસ રતલ વજનના અમારા હોડકાનું એ પવન સામે શું જોર ચાલે?

પણ છેવટે તેનો યે રસ્તો મેં શોધી કાઢ્યો. કોઈ પ્રકારનું એક લંગર બનાવીને તરાપાને બાંધ્યું હોય તો ? જીનનું લાઈફ-જૅકેટ માગી લઈ તેનું મેં લંગર બનાવ્યું. તેમાંની હવા કાઢી નાખી અરધા ઇંચિયા દોરડાથી તરાપાને છેડે તેને બાંધી દરિયામાં પધરાવ્યું અને એ યુક્તિ આબાદ પાર પડી ! એ ડૂબીને તરાપાને સ્થિર પકડી રહ્યું અને પવનનું જોર હવે અમારા લંગર સામે લાચાર નીવડવા લાગ્યું.

પણ હવે અમારી જીભ અને ગળાં સુકાતાં જતાં હતાં થૂક ગળવું પણ મુશ્કેલ થઈ પડ્યું હતું. થોડા જ કલાક બાદ પાંચમા દિવસનું ચિહ્ન હું નોંધવાનો હતો. અને એ પાંચ દિવસ તે કેવા ? આખા દિવસના હડીતોડ પરિશ્રમ છતાં રાતે મટકું સરખું માર્યા વિનાના પાંચ દિવસ ! સૂરજે તો અમારા શરીરમાંની રહીસહી ભિનાશની ફુમાશ શોષી લીધી હતી. ભુંજાઈભુંજાઈને ચામડી ફાટવા આવી હતી અને એ ફાટેલી ચામડી પર દરિયો પાછો મીઠાના જેરબંધ ફટકારતો !

'આ ને આ રીતે જો આપણે નૈઋત્યે હંકારતા રહીશું તો જરૂર કાં તો કોઈ જતુંઆવતું વહાણ મળીને આપણને ઊંચકી લેશે, અથવા તો એ જ સગડે એકાદ ટાપુ પર પહોંચી જવાના.' મેં દૃઢ ઈતબારભર્યા અવાજે કહ્યું.

'ચાલો, એ વાત પર તાળી દઈએ.' જીને કહ્યું અને અમે ત્રણેએ હાથ મિલાવ્યા. પછી જીને સૂચવ્યું, 'આપણે પ્રાર્થના કરીએ તો કેમ ?'

અમે ગંભીરતાપૂર્વક તેની ચર્ચા કરી, ને અંતે સંમત થયા. અમે સૌએ પોતાની પસંદગી મુજબના શબ્દોમાં પ્રાર્થના કરી, જેમાં ઘેર અમારા કુટુંબીઓ પર આશીર્વાદ ઉતારવા ઉપરાંત થોડાક વરસાદની માગણી કરેલી !

'ચાલ અલ્યા વરસાદ ! આવ જોઈએ, હવે !' ટૉનીએ ફરમાવ્યું. ને પછી બોલ્યો, 'ન આવે તો રહ્યો !' અને પછી અમે બુલંદ અવાજે એ જ વાક્ય લલકારવા લાગ્યા.

અને એ રાત્રે વરસાદ વરસ્યો. વરસ્યો શું, ધોધમાર તૂટી પડ્યો–

અમેરિકન માવતરો પેઢીઓની પેઢી સુધી પોતાનાં બાળકોને કહેતાં રહેશે

પાસિફિકના દક્ષિણ પ્રદેશનાં ઝાપટાં પડે છે એમ જ. મેં લંગર બનાવેલું લાઈફ-જૅકેટ ઉપર ખેંચી લીધું. અને હાથ વડે દબાવીને તેમાં પાડેલા પોલાણમાં વરસાદનું પાણી ઝીલવા માંડ્યું. તરાપા સાથે રબર સીમેન્ટથી જોડાએલું હલેસાં રાખવાનું એક ખાનું હતું તે પહોળું ધરી રાખવાનું ટૉનીને મેં કહ્યું, અને જીનને કૅનવાસની પાણીની કોથળી ભરી લેવાને ફરમાવ્યું. મારા જૅકેટના ખોબલામાં એકાદ ઘૂંટડો પાણી ભરાતાં મેં તો અવાચા થઈને સીધું મોંમાં ઘાલી દીધું, પણ તરત થૂંકી નાખવું પડ્યું. લંગર પરનું ખારૂં પાણી પહેલાં ધોઈ નાખવાનું તો હું ભૂલી જ ગએલો, એટલે એ પણ ખારૂં થઈ ગએલું !

ઝાપટા સાથેનો પવન ધૂળવાળા દેવા લાગ્યો અને પાંચેક મિનિટ તો અમને આંધળા બનાવી મૂકે એવી ઝડી વરસી અવાચા પડીપડીને અમે ટીપેટીપું પાણી અમૂલ્ય ગણીગણીને કંઠે ઉતાર્યું.

વરસાદ તો જેટલી ઝડપે આવ્યો હતો એટલી ઝડપે પાછો બંધ પણ થઈ ગયો. અમારાં નિર્જલ બનેલાં શરીર માટે જોકે આટલું પાણી પૂરતું ન હતું, છતાં અમારી તરસ તો એથી સંતોષાઈ

છઠ્ઠા દિવસ અમે વરસાદની આશામાં ગાળ્યો. જીન આલ્ડ્રિકે કહ્યું કે મારા આ ચપ્પુથી હું એકાદ માછલી મારી જોઉં. તેની એ દરખાસ્તમાં પહેલાં તો મને શ્રદ્ધા ન બેઠી. પણ એ તો ધીરજથી ચોટકીને મચ્યે જ રહ્યાં. અને અંતે પોતાના એ મામૂલી ચપ્પુ વડે પણ મચ્છીનો શિકાર તેણે કરી બતાવ્યો, એ તેની આવડતે અમને હેરત પમાડી દીધા. એ રીતે પણ એનું મન રોકાએલું રહેશે એમ જાણી મને સંતોષ થયો. ઉપરાંત, અમારો ખોરાકીનો પ્રશ્ન પણ તેણે ઉકેલી આપ્યો હતો. ખવાઈ એટલી એ કાચી માછલી અમે ચાવી ગયા અને વધી તે એક ચીંથરામાં લપેટી મૂકી રાખી.

એક જ વખતના જલપાનથી અમારી તરસ ઊલટી વધુ ઉત્તેજાઈ હતી. પરંતુ એ દિવસ અમારે માટે ખરેખર ભાગ્યશાળી નીવડ્યો. વરસાદ આવ્યો, અને અમને ધરાઈને પાણી પીવા મળ્યા ઉપરાંત અમારી પાણીની કોથળી પણ ભરાઈ ગઈ.

આઠમા દિવસનું સવાર. મારી ગણતરી મુજબ નજીકમાં નજીકના ટાપુઓ પણ હજુ સેંકડો માઇલ દક્ષિણે હતા. પરંતુ અમે એ જ દિશાએ આગળ વધતા હતા. તાપથી દાઝીને ઉઝરડાએલી ચામડી તથા વધેલાં દાઢીમૂછથી અમારા ચહેરા બેડોળ બની ગયા હતા. પણ અમારાં શરીર હજી મજબૂત હતાં.

પણ હવે એક નવો ભય વધ્યો. દરિયામાં હવે અમારા તરાપાની આજુબાજુ શાર્ક માછલીઓ ટોળે વળવા લાગી ! દિવસ ચડતો ગયો તેમતેમ તે હિંમતપૂર્વક તરાપા પર આક્રમણ કરવા લાગી. જીન તરાપાને પડખે પોતાનાચપ્પુને હાથમાં ખંજરની અદાથી પકડી બરોબર નેમ સાધીને બેઠો હતો. અને અંતે જેવી એક શાર્કે હિંમત કરીને તેના પર પેંતરો કર્યો કે તરત તેણે ચપ્પુ તેના ગળામાં પરોવી દીધું ! ચપ્પુને માટે એ એક જ જગ્યા કારગત થાય તેમ હતી. એક આંચકાભેર તેણે તેને તરાપામાં પટકી. તરત ટૉની કોઈ કુસ્તીબાજની માફક તેના પર કૂદી પડી તેને ચિત કરીને ચૂંદી રહ્યો અને દસેક મિનિટમાં તો તે ઠંડી પડી ગઈ.

નવ નવ દિવસથી શેકાતા હોવા છતાં અમારી ચામડી સૂર્યનાં દઝાડતાં કિરણો સામે ટક્કર લેવા હજી જોઈએ તેટલી સખત નહોતી બની. અમારાં વધેલાં દાઢીમૂછ ચહેરાને તો કંઈક રક્ષણ આપી રહેતાં, પરંતુ હોઠ અને નાક પર તો ચામડીનાં બાઝેલાં ભીંગડાંમાંથી ઊઠતા દાહ વડે કેર વરસતો હતો. મારા કાંડા પર ઘડિયાળની જગ્યાની આળી ચામડી તો, જાણે કોઈ ધગધગતી દાગણીથી ડામ દેતું હોય એમ દર્દ કરતી હતી.

રોજ સાંજની નકશાની નોંધણીનો સમય અમારા આ શેકાતા દોજખના દુર્દિનોમાં પ્રાર્થનાના સમય જેવો પવિત્ર બની રહેતો, અને ક્યારે સાંજ પડે ને ક્યારે અમારા પ્રવાસનો લીટો આગળ વધતો જોઈએ તેની આતુરતા રહેતી. આખોયે દિવસ અમે જાણે હેડમાં પડ્યા હોઈએ એમ વીતતો, કેમકે હોડીનું ક્ષેત્રફળ એટલું તો સાંકડું હતું કે એકબીજાથી દૂરમાં દૂર છેડે છેક હોડીની કિનાર પર જઈને બેસીએ તોપણ અમારા પગ તો એકબીજાને અડ્યા વિના ન જ રહેતા.

દસમા અને અગિયારમા દિવસે લગભગ સતત વરસાદ વરસતો રહ્યો, પરંતુ એનું પાણી ઝીલવા માટે પાણીની કોથળી તો અમારી પાસે એક જ હતી.

કૃપાપૂર્ણ વરસાદના ત્રીજા અઠવાડિયામાં અમે પ્રવેશ કર્યો ત્યારે અમારાં મનને કંઈક શાંતિ હતી. તરાપા માટે કંઇ હલેસાંની જોગવાઇ કરવાનો હું વિચાર કરવા લાગ્યો. મારી નજર બૂટ પર ગઈ. બેઠી એડીનાં તેનાં તળિયાં ખાસ્સાં મજબૂત હતાં. મેં માત્ર આંગળાં પાસેનો ઉપલો ભાગ અર્ધો ઈંચ રાખીને બાકીનો છેક એડી સુધીનો ભાગ તળિયા લગોલગથી એવી રીતે કાપી કાઢ્યો કે એટલો ભાગ એક પ્યાલા જેવો બની રહે. પછી તેમાં કાણું પાડીને દોરી બાંધી, જેથી હાથના કાંડા પર તેને પૅડની પેઠે બાંધી શકાય.

'દેખો બચ્ચાઓ !' મેં જરા રંગત લાવવા આનંદથી કહ્યું, 'આ હલેસાંથી તો આપણે ચોરાશી બંદર સર કરીશું !' અને હાથનાં એ હંગામી હલેસાં બરોબર કામ આપતાં જોયાં એટલે તો મારા સાથીઓની ઉદાસીનતા ઊડી ગઈ. આખો દિવસ મૂઢની પેઠે સૂનમૂન બેઠા રહેવા કરતાં હલેસાંની આ નવી ક્રિયાએ અમારામાં કંઈક ઉત્સાહ પ્રેર્યો. બે જણ હલેસાં મારતા, ને ત્રીજો આરામ લેતોલેતો અમારાં હલેસાં ગણતો ને ગીત લલકારતો.

વળતા દિવસની સવારના બે વાગ્યા સુધી,–સતત અઢાર કલાક સુધી અમે હલેસાં માર્યા જ કર્યાં. એ દરમ્યાન અમે કાપેલા અંતરનું માપ તારાઓ પરથી મેં કાઢી જોયું તો લગભગ સોએક માઈલ થવા આવતું હતું.

પરંતુ પહેલા જ દિવસના એ અઢાર કલાકના શ્રમે અમારી બરોબર ખબર લીધી ! ત્રણ દિવસ સુધી અમારા હોશ પાછા ઠેકાણે ન આવ્યા. ધીમેધીમે અમને એ થાકમાં કળ વળવા લાગી, પણ અમારામાં પહેલાંના જેટલું જોર હવે નહોતું જ રહ્યું. અને હવે અમારાં શરીર પણ સુકાતાં જવાનું શરૂ થયું હતું અને ચામડી પાછળથી હાડકાં પ્રત્યક્ષ થવા લાગ્યાં હતાં.

સૂરજે અમારાં શરીર પર જ નહિ પણ મન પર પણ અસર કરવા માંડી હતી. વાતવાતમાં અમે પિત્તો ગુમાવી બેસતા. એકવાર જીનને મેં કાંઈક પૂછ્યું. તે જાણે સાંભળતોજ ન હોય તેમ સામી દિશામાં તાકતો જ રહ્યો, એટલે હું ચીડાઈ ગયો. એ મૂઢતાનું મોજું પસાર થઈ જતાં મેં તેની માફી માગી, પરંતુ તે પણ એ સાંભળતો ન હોય એમ લાગ્યું, એટલે તો હું વિષાદભર્યા મૌનમાં ડૂબી ગયો.

મને મારા સાથીદારો પ્રત્યે પ્રેમ હતો. એક ખેડૂતનો છોકરો હતો, બીજો એક વિદેશી આગંતુક હતો. બંને હજુ છોકરડા જવાન હતા ને દરિયાનો અનુભવ બીલકુલ ન હતો, જ્યારે હું બાવીસ વર્ષથી દરિયો ખેડતો હતો. એ લડાઈમાં જોડાયા હતા. પણ લડાઇનો ખાસ અનુભવ એમને નહોતો. આમ છતાં એમનાં શૌર્ય કે ધૈર્યમાં લેશમાત્ર અંદેશો રાખવા જેવું ન હતું. મારે પડખે જ રહીને મોતનો મુકાબલો એ કરી રહ્યા હતા. એ મોતને નિવારવાના બધા પ્રયત્નો છતાં



મુક્તિ

મૂળ લેખક રવીન્દ્રનાથ ઠાકુર

વિરહણી પોતાના બાગના એક ભાગમાં વેદી સજાવીને તેના પર મૂર્તિ ઘડવા બેઠી. તેના મનની અંદર જે મનુષ્ય હતો, બહાર તેનું જ પ્રતિરૂપ થોડુંથોડું કરી હમેશાં ઘડે છે, તાકીને જોઈ રહે છે, વળી કૈંક વિચારે છે, અને આંખમાંથી પાણી વહ્યાં જાય છે.

પરંતુ જે રૂપ એક દિવસ તેના ચિત્તપટ પર સ્પષ્ટ હતું તેના પર ધીમેધીમે એક છાયા પડી ગઇ છે; રાત્રિસમયના પદ્મની જેમ જાણે સ્મૃતિની પાંખડીઓ ધીમેધીમે બિડાઇ ગઈ.

તેને પોતા પર જ ગુસ્સો આવે છે, શરમ આવે છે. તેની સાધના કઠોર બને છે. ફળ ખાય છે ને પાણી પીએ છે, અને ઘાસ પર પડી રહે છે.

મૂર્તિને મનની અંદરથી ઘડતાંઘડતાં પછી પ્રતિમૂર્તિ રહી નહિ. અને લાગ્યું કે જાણે આ કોઈ અમુક જ માણસની આકૃતિ રહી નથી. જેમજેમ વધારે યત્ન કરે છે તેમતેમ વધારે તફાવત પડતો જાય છે.

મૂર્તિને પછી તે ઘરેણાં વડે શણગાર્યા કરે છે: એક સો ને એક પદ્મની છાબ વતી પૂજા કરે છે. સંધ્યા સમયે તેની સામે સુગંધિત તેલનો દીવો કરે છે. એ દીવી સોનાની હોય છે, એ તેલ અતિ મૂલ્યવાન હોય છે.

દિવસે દિવસે ઘરેણાં વધતાં જાય છે, પૂજા-ની સામગ્રીથી જ વેદી ઢંકાઇ જાય છે, મૂર્તિ દેખાતી નથી.

૨

એક છોકરો આવીને તેને કહે છે, 'આપણે રમીએ.'

'ક્યાં ?'

'પણે, તારી પૂતળી ગોઠવી છે ને, ત્યાં.'

તે તેને હાંકી કાઢે છે. કહે છે, 'ત્યાં કોઈ દિવસ રમાય જ નહિ.'

બીજો એક છોકરો આવીને કહે છે, 'અમારે ફૂલો તોડવાં છે.'

'ક્યાંથી ?'

'આ તારી મૂર્તિના સ્થાન પાસે જે ચંપાનું ઝાડ છે ને, ત્યાંથી.'

તેને ધમકાવીને એ કહે છે, 'એ ફૂલોને કોઈથી અડાય જ નહિ.'

ત્રીજો એક છોકરો આવીને કહે છે, 'દીવો લઈને મને રસ્તો બતાવ.'

'દીવો ક્યાં છે ?'

'પેલો તારી મૂર્તિ આગળ સળગાવ્યો છે ને?'

તેને પણ એ કાઢી મૂકે છે. કહે છે, 'એ દીવો ત્યાંથી ખસેડાય નહિ.

૩

છોકરાઓની એક ટોળી જાય ને બીજી ટોળી આવે.

તેઓનો કિલકિલાટ એ સાંભળે છે અને નાચકૂદ જુએ છે. પળભર અન્યમનસ્ક થઈ જાય છે. એકાએક ચમકી ઊઠી શરમાઈ જાય છે.

મેળાનો દિવસ પાસે આવ્યો.

પડોશના ડોસાએ આવીને કહ્યું, 'બેટા, મેળો જોવા નથી જવું.

તેણે કહ્યું, 'મારે ક્યાંય નથી જવું.'

બહેનપણીએ આવીને કહ્યું, 'ચાલ મેળો જોવા તો ચાલ.'

તેણે કહ્યું, 'મારાથી નહિ અવાય; મારે અહીં પૂજા કરવાની છે.'

૪

એક દિવસે રાત્રે ઊંઘમાં પણ તેને જાણે સમુદ્રગર્જન જેવો અવાજ સંભળાયો. ટોળે-ટોળાં દેશવિદેશના લોકો ચાલ્યા જાય છે. કોઇ રથમાં તો કોઇ પગે હીંડતા; કોઇ પીઠ પર બોજો લઇને, તો કોઈ બોજો ફેંકી દઇને.

સવારે જ્યારે એ જાગી ત્યારે યાત્રીઓના ગાનમાં પંખીઓનું ગાન સંભળાતું નહોતું. એને અચાનક મનમાં થયું, 'મારે ય જવું પડશે.' તરત જ યાદ આવ્યું, 'પણ મારે તો પૂજા છે, મારાથી જવાય એમ નથી.'

તે તરત જ દોડતી બાગમાં ગઈ જ્યાં મૂર્તિ ગોઠવેલી હતી.

જઇને જુએ છે તો મૂર્તિ ક્યાં? વેદી પરથી તો રસ્તો થઈ ગયો છે! લોકોનાં ટોળેટોળાં અવિશ્રામ ચાલ્યાં જાય છે!

અહીં મેં જેને બેસાડી રાખેલ તે ક્યાં?

તેના મનની અંદરથી કોઈ બોલી ઊઠ્યું, 'જેઓ ચાલ્યા જાય છે તેમની જ વચમાં.'

એવામાં એક નાના છોકરાએ આવીને કહ્યું, 'મારો હાથ ઝાલીને તેડી જાવ ને.'

'ક્યાં ?'

છોકરાએ કહ્યું, 'કેમ, તારે પણ મેળો જોવા નથી જવું ?'

તે કહે, 'હા, મારે ય જવું છે.'

જે વેદી સામે આવી તે બેસી રહેતી તે વેદી ઉપર જ તેનો રસ્તો બન્યો. મૂર્તિની અંદર જે ઢંકાઇ ગયેલ તેને તે બધા યાત્રી-ઓમાં પામી.

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળી ઉપરથી)

દરેક પ્રયત્ન તેને વધુ ભયંકર અને વધુ નિશ્ચિત બનાવતો જતો હતો.

જીન પહેરા પર હતો. હું ને ટૉની તરાપામાં આડા પડ્યા હતા. એવામાં એકાએક ટૉની બોલી ઊઠ્યાં, 'મને લાગે છે કે નાળિયેર તણાતું આવે છે!'

જીન અને હું મૂઢની માફક તેને તાકી રહ્યા. શાનું, ધૂળનું નાળિ-યેર? અહીં વળી નાળિયેર કેવું? પણ તેની કલ્પના સાચી હતી. મેં ઊઠીને જોયું તો હોડી પાસે એક નાળિયેર તરતું હતું! મેં તે ઊંચકી લીધું. એનું ઉપરનું કોટલું તો પાણી ને તાપથી તદ્દન બટકણું બની ગયું હતું એટલે સહેલાઇથી ફોડી શકાયું. એનું પાણી અને કોપરૂં અમે સરખે ભાગે વહેંચી લીધું. અમે નસીબદાર તે એ નાળિયેર મળી ગયું, કેમકે અમારા જઠરને જરા સ્નિગ્ધ ખોરાકની જરૂર હતી.

'હવે જમીન પહેલી નજરાવવાને કોણ ભાગ્યશાળી થશે ?' જીને સવાલ કર્યો.

'હું તો કહું છું કે આપણામાંથી જેકોઇ સૌથી પ્રથમ કોઇ ટાપુ, વહાણ કે આપણને ઉગારે એવું કશું પણ જોઈ શકે તેનો બાકીના બે પાસેથી પૂરેપૂરૂં ખાણું લેવાનો હક્ક ચડી ચૂક્યો.' મેં સૂચવ્યું.


'અને એ ખાણું પણ તે પસંદ કરે તેવી જગ્યાએ.' ટૉનીએ ઉમેર્યું.

'હા; હૉટેલમાં, નાઈટ ક્લબમાં—એનું દિલ ચાહે ત્યાં.' મેં પૂર્તિ કરી.

બાવીસમે દિવસે લાકડાનું એક ભોથું તણાતું મળ્યું. ઝાડના એ સડેલા થડ પર કેટલીક નાની (અનુસંધાન આગળ પાન ૯૭મે)

શામળાજી

સ્થળ અતિ પ્રાચીન છે, નૈસર્ગિક સૌન્દર્ય અતિ મનોહર છે, સ્થાપત્યકલા અતિ સમૃદ્ધ છે, અને છતાં, દુઃખ ને દિલગીરીની વાત છે કે ગુજરાતના વિદ્વાનોએ હજી આ તરફ નજર સરખી પણ કરી નથી.



મંદિરના પ્રવેશદ્વારે બે બાજુ વિશાળકાય હાથી દૃષ્ટિગોચર થાય છે—જાણે દેવદરબારમાં 'કુંજર ડોલે દ્વાર'. ખૂબ ઉન્નત બેસણી પર ઊભું કરેલું એ મંદિર જાજરમાન રથ જેવું, પાંખો બિછાવી બેઠેલા ગરુડ જેવું વિરાટ અને આંખોને ભરી દેતું લાગે છે.

દર વર્ષે કારતકી પડવાના પ્રભાતે વિક્રમનું નવું વર્ષ ઊઘડે છે, અને જોતજોતાંમાં 'શામળીઆલાલની જય'ના ઘોષથી મોડાસા અને આસપાસનાં અસંખ્ય ગામોની હવા ગતિમાન બની જાય છે. કારતક સુદ અગિયારસથી વદ અમાસ લગી વીસ દિવસનો શામળાજીમાં મેળો ભરાય છે. પ્રતિ માસની પૂર્ણિમાને બાદ કરતાં આખું વર્ષ, જ્યાં ભાગ્યે જ થોડાંક માણસોની અવરજવર થાય છે ત્યાં, કારતકના આ દિવસોમાં માણસોની એવી ભરતી થાય છે કે કારતકી પૂનમે તો 'હૈયે હૈયું દબાય છે' એમ કહીએ તો જરા યે ખોટું નથી. દૂરદૂરથી યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે ને વેપારીઓ વેપાર અર્થે આવે છે. ગુજરાત, મારવાડ ને મેવાડની ભાષા, રીતિ, રહેણી-કરણી ને સંસ્કૃતિનો ત્યાં સંગમ થાય છે. બાહ્ય દેખાવ, વેશભૂષા ને આચારવિચારની સૂક્ષ્મ જવનિકા પાછળ સૌ હૃદયોને એક તાંતણે સાંધનારી ધર્મશ્રદ્ધાનું ત્યાં પ્રત્યક્ષ દર્શન થાય છે.

મોડાસાથી ટીંટોઈ થઈને શામળાજીનો સીધો રસ્તો છે. કારતકી મેળા વખતે અઢાર માઇલના આ આખા રસ્તા પર જનપ્રવાહ એવા અખૂટ ધારાએ વહેતો હોય છે કે કદી ઘર છોડીને ન નીકળેલાં નાનાં શિશુઓ પણ, મેળામાં જવાની હઠ કરી, ઘેરથી રીસાઇ ભાગી છૂટી, એકલાં પગપાળાં શામળાજી જઇ પહોંચ્યાના બનાવો પ્રતિ વર્ષ બને છે. ટીંટોઇથી ચોકીદારો સમા ઊભેલા ડુંગરોની હારો શરૂ થાય છે. ખાખરાનાં જંગલોશું ઘસાઈને વહેતી મેશ્વાનો કિનારો નજરે પડ્યા પછી વાહનમાં આગળ વધવું અપ્રિય થઈ પડે છે. માઈલ બે માઇલની ડુંગરોની ખીણોમાં થઇને કરવાની એ સફર, એના કુદરતી દેખાવની સમૃદ્ધિથી થાકને હરી લે છે ને શરીરમાં અપૂર્વ ઉત્સાહ અને તાઝગી પૂરે છે. સર્પાકારે વહેતી મેશ્વાને એક વાર ઓળંગી, તેને જમણી બાજુએ રાખી કિનારેકિનારે આગળ વધતાં, ફરી પાછું એ જ વહેણ ઓળંગવું પડે છે. આ વખતે મેશ્વો ડાબી બાજુએ રહી જાય છે ને યાત્રાળુ સાંકડી ખીણમાં પ્રવેશે છે. ખીણમાંથી બહાર નીકળતાં ફરી મેશ્વાનાં દર્શન થાય છે ને સાથેસાથે, સામે, ટેકરીઓની પાછળથી ડોકિયાં કરતું શ્રી શામળાજીના મંદિરનું સુવર્ણશિખર પ્રભાતના સુકોમળ પ્રકાશમાં ઝળહળતું દૃષ્ટિગોચર થાય છે. ત્રીજી વાર મેશ્વો ઓળંગી યાત્રાળુ છેક મંદિરના આંગણામાં આવીને ઊભો રહે છે ત્યારે મંદિર સામે નજર પડતાં તેના મુખમાંથી અહો-કાર નીકળી જાય છે. મંદિરની ભવ્યતાથી અંજાઇ જવા તે હવે પૂરેપૂરો તૈયાર બની ગયો હોય છે.

ભવ્ય મંદિરોની અદ્‌ભુત સ્થાપત્યકલા જોઈ પ્રાકૃત માનવી તેને મનુષ્યનિર્મિત નહિ માનતાં દેવનિર્મિત માનવા પ્રેરાય છે. આવી રીતે અજંતા, હળેબિડ, બેલૂર, મદુરા, ભુવનેશ્વર, દ્વારિકા વગેરેનું સ્થાપત્ય લોકજીભે દેવનિર્મિત કહેવાય છે. શામળાજી વિષે પણ એવી કિંવદંતી ચાલે છે. કહે છે કે પૃથ્વી પરના સ્વર્ગ સમી આ ભૂમિ પર વિશ્વકર્માએ આ મંદિર રાતોરાત ઊભું કર્યું, પણ પછી પ્રભાત થઈ જતાં તેઓ તેને સ્વર્ગમાં ઉપાડી લઈ જઇ શક્યા નહિ એટલે અહીં રહી ગયું અપૂર્વ શિલ્પ-સ્થાપત્યનો મહિમા લોકહૃદયમાં ઉતારવાની આ રીતિ છે.

ભગિની નિવેદિતા કાશીના વિશ્વેશ્વર મંદિર વિષે લખતાં કહે છે કે કાશીપુરીમાં વિશ્વેશ્વર નથી વસ્યા, પણ વિશ્વેશ્વરમાં કાશીપુરી વસી છે. અર્થાત્ વિશ્વેશ્વરની સ્થાપના થયા પછી ધીમેધીમે તેની આસપાસ શહેર બંધાયું છે. આજે શામળાજીનું તેવું જ છે. ત્યાં જે કંઇ વસતિ છે તે મંદિરને લીધે છે.

વિશાળ આંગણામાં આવી ઊભા રહેતાં મંદિરના પ્રવેશદ્વાર પર બે બાજુ બે વિશાળકાય પૂરા કદના હાથી દૃષ્ટિગોચર થાય છે. જાણે દેવદરબારમાં 'કુંજર ડોલે દ્વાર'. પ્રવેશદ્વારને માથે ચોઘડિયાં વાગે છે. યાત્રાળુ પગથિયાં ચડી દેવાલયની બરાબર ગોદમાં આવી ઊભે

શામળાજી (રમણલાલ સોની)

પ્રકૃતિ-સૌન્દર્ય અને શિલ્પસ્થાપત્યનું કલાધામ



ત્રિશૂલધારી શિવની મૂર્તિ (ફોટો:લેખક)

છે. ખરેખરા મંદિરનું દર્શન હવે જ તેને થાય છે. ખૂબ ઉન્નત બેસણી પર ઊભું કરેલું મંદિર તેને બનજરમાન રથ જેવું ભવ્ય, પાંખો બિછાવી બેઠેલા ગરુડ જેવું વિરાટ. અને આંખને ભરી દેતું અનુપમ લાગે છે. હવે તે સ્થિર ઊભો રહી શકતો નથી. એક વાર મંદિરની પ્રદક્ષિણા કરી, એનું સૌંદર્ય આંખમાં ભરી લેવા તે અધીરો બને છે, અને જેમ જેમ એની સ્થાપત્યકલા તથા શિલ્પકલા જોતો તે તેની આસપાસ ફરે છે તેમતેમ તેને ભાન થતું જાય છે કે આ સૌંદર્ય આંખમાં સમાવું અશક્ય છે, સમાવવાનો યત્ન કરવો એ વૃથા છે. હાથમાં કૅમેરા હોય તો ચપોચપ તેની ચાંપો પડવા માંડે છે અને કલાકોના કલાકો ખડે પગે વ્યતીત થાય છે.

શામળાજીનું આ મંદિર દસમી સનની દસમી કે અગિયારમા સદીનું હશે એમ એની સ્થાપત્યકલા પરથી અનુમાન થાય છે. મંદિરની બેસણી ખૂબ ઊંચી છે. એ બેસણીના દેહ પર ચારે કોર બારીક શિલ્પના કંદોરા છે. આ કંદોરાના સામાન્યતઃ ચાર થર હોય છે: અજ, ગજ, નર અને દેવ.:(અહીં ત્રણ છે.) અજ થરમાં શોભિત મેખલા છે, ગજ થરમાં સૂંઢ હલાવતા મદગળોની હારમાળા છે, નર થરમાં મનુષ્યજીવનના રોજિંદા બનાવો કોતરેલા હોય છે, દેવ થરમાં રામાયણ, મહાભારત ને ભાગવતમાંથી રામ ને કૃષ્ણના જીવનના પ્રસંગો બતાવેલા છે. અરધા ફૂટ જેટલી પહોળી પટીમાં આ પ્રસંગો (દા. ત. નાગદમન, પૂતનાવધ, નહુષની પાલખી, ભીમની આમલીપીપળી વગેરે) ખૂબ કુશલતાપૂર્વક કોતરેલા છે.

આ કંદોરાઓની ઉપર દેવદેવતાઓ, માનવીઓ ને અનુચરોની વિવિધ છટા વ્યક્ત કરતી અસંખ્ય સુંદર મોટી મૂર્તિઓ છે કંદોરાના તમામ હાથીઓની પેઠે, ઉપલા ભાગમાંની લગભગ આ બધી જ મૂર્તિઓ ઓછાવત્તી ખંડિત છે; છતાં એનું કલાવિધાન એટલું લલિત ને ચિત્તકર્ષક છે કે જોનારને કલાકો સુધી ખેંચી રાખે છે. આમાં પશ્ચિમ દિવાલ પર તાંડવ નૃત્ય કરતા ગણેશની મૂર્તિ ભૂલવા જેવી નથી. ગણેશની આવી મૂર્તિઓ જવલ્લે જ જોવા મળે છે. તેમના મુખ પરનો પ્રસન્ન ભાવ, ભારે શરીરની સમતુલના, સૂંઢનો મનગમ વળાંક વગેરે બારીકાઈથી જોવા જેવાં છે.

પ્રવેશદ્વારવાળી બાજુને બાદ કરતાં બાકીની ત્રણ બાજુની દિવાલો પર સૂંઢથી લડતા હાથીઓનાં જોટકાં છે—જાણે એ મદગળો કેલિ કરતાં હોય તેવો, તેમના ભારે પગનો, લબડતા હોઠનો ને ઝીણી આંખનો ભાવ છે.




અમદાવાદ અગર વડોદરાથી મોડાસા થઈને શામળાજી જવાના માર્ગનો નિર્દેશ કરતો નકશો. કાંગરીવાળી લીટી=રેલવે; સાદી લીટી=પાકી સડક; ટપકાં વડે દર્શાવેલી લીટી=કાચી સડક

પ્રદક્ષિણા પૂરી કરી આઠદસ પગથિયાં ચડી યાત્રાળુ હવે મંદિરમાં પ્રવેશે છે. મંદિરના મુખ્ય મંડપની વચ્ચોવચ્ચ પ્રણતભાવે બેઠેલી માનવગરુડની મૂર્તિ તેનું ધ્યાન ખેંચ્યા વગર રહી શકતી નથી. ગરુડના મસ્તક પર, ડોકમાં, બાજુબંધ પર, કાંડા પર ને પગે વીંટળાએલા ચાપલ્યના પ્રતીક સમા સર્પોનાં લળેલાં મુખ, ગરુડના દેહસ્પર્શથી જાણે ધન્યતા અનુભવતાં હોય તેવા ભાવ પ્રગટ કરે છે; ને સ્કંધ પર વિશાળ પાંખોનો ઓજ ઉઠાવી બેઠેલો ગરુડ તો જાણે ચારેકોર ખદ-બદતી સૃષ્ટિથી બેતમા બની, પોતાના ઈષ્ટદેવ વિષ્ણુ પ્રતિ પોતાની અવિરત નજર સ્થિર કરી રહ્યો છે.

યાત્રાળુ હવે ઊંચી નજર કરી મંડપની છત નીરખે છે સોળ પાંખડીવાળાં ખીલેલાં પદ્મની રચનાવાળી અને વચમાંથી ઝુમ્મરની પેઠે લટકી રહેલી કોતરણીવાળી આ છત જોનારને મુગ્ધ કરી નાખવાનું સામર્થ્ય ધરાવે છે. છતના બહિર્વર્તુલમાં સાડા ચાર ફૂટના માપની સોળ મૂર્તિઓ અંગભંગિ અને ભાવના આલેખનમાં એકમેકથી સ્વતંત્ર છે. તેમાંની એક મૂર્તિ શ્રીકૃષ્ણની છે, આઠેક મૂર્તિઓ મંજીરાં, મૃદંગ, વાંસળી, વીણા, ઢોલ વગેરેવાદ્યોવાળી છે ત્રણચાર નૃત્યની સ્થિતિમાં છે.

મંદિરના મુખ્ય ગર્ભદ્વારમાં શ્રી શામળાજી (શ્યામલાલજી-કૃષ્ણ)-ની અતિ સુંદર મૂર્તિ છે. તે હિંદુ શિલ્પકલાના સુંદર નમૂના રૂપ છે. કેસરસ્નાન વખતે એ મૂર્તિનું સ્વરૂપ ભક્તની આંખ ભરી દે છે અને કલાભિજ્ઞની દૃષ્ટિમાં ભક્તિનું સિંચન સીંચે છે. ડાકોર કે દ્વારિકામાંની કૃષ્ણની મૂર્તિ કરતાં આ મૂર્તિ વધુ મોટી છે. એની કમરનો વળાંક અને ત્રિભંગિ અતિ સમર્થ કલાકારના હાથનું નિદર્શન કરાવે છે.

શામળાજીનું સ્થળ પુરાણોમાં ગદાધરક્ષેત્ર નામે પ્રસિદ્ધ છે. પણ



જગતની જનસંખ્યા—દેશવાર પ્રમાણ દર્શાવતી

ઉપરના આલેખમાં આપેલું આખું યે વર્તુલ પૃથ્વી પરની સમસ્ત જમીનનો વિસ્તાર બતાવે છે, અને તેના વિભાગો પાડીને તેમાં જે જે દેશોનાં નામ લખેલાં છે તે તે દેશો પૃથ્વીની જમીનનો તેટલો ભાગ રોકે છે. વચ્ચેનું સૌથી નાનું બિંદુ તેમાં બ્રિટનનું કદ કેટલું છે તે બતાવે છે, અને યુરોપના વર્તુલ તથા મોટા દેશ-વિસ્તારોની વચ્ચેનો ગાળો, જે દેશોનાં નામ નથી દર્શાવ્યાં તે દેશોનો વિસ્તાર દર્શાવે છે. દરેક દેશની અંદર આલેખેલી એકએક માનવ આકૃતિ અઢીકરોડ જન-સંખ્યાની સૂચક છે. (Courtesy: 'Look up Your Atlas' Pub. by Harrap)

ખભા પર ને માથા પર ઊંચપ્રો હોય તેવી ઢબે. બીજી લગભગ ચોવીસ જેટલી નાની મૂર્તિઓ તેના શિરોભાગને વીંટળાઈ વળેલી છે. મુખ્ય મૂર્તિએ મોટાં કુંડળ, કંઠાભરણ, રત્નખચિત શિરોવેષ ધારણ કરેલાં છે મોંનો ભાગ છૂંદી નાખેલો છે, પણ અપ્રતિમ પૌરુષની અદા તેના વિશાલ વક્ષસ્થલ પરથી સ્પષ્ટ વરતાય છે. આ મૂર્તિ છઠ્ઠી સદીની હશે તેમ અનુમાન થાય છે.

શામળાજીના ડુંગરોમાંથી મળી આવેલી બીજી અનેક મૂર્તિઓ અત્યારે હિંમતનગરના પુરાતત્ત્વ સંગ્રહાલયમાં છે. તેમાં ચામુંડાની, ઊભેલા ગણેશની, ભીલડી (પાર્વતી) ની, વીરભદ્રની વગેરે મૂર્તિઓ છઠ્ઠી-સાતમી સદીની અતિ પ્રાચીન અને વિરલ છે. શામળાજીના મંદિરની બાજુમાં આવેલા એક મંદિરમાં ઊભેલી ત્રિશૂળધારી શિવની મૂર્તિ કલાસૌન્દર્યના એક અપૂર્વ નમૂના રૂપ છે.

એક ડુંગરમાળને અડકીને જ 'કરામ્બુજ' (લોકવાણી-માં 'કરમાનું તળ વ') નામે તળાવ આવેલું છે. તેનો એક બાજુનો ઘાટ પથ્થરથી બાંધેલો છે તથા શામળાજી તરફ-ની પાળ મઠોના ટેકરાના આકાર તથા ઈંટોના ઢગલા વગેરે પરથી એ આખી યે પાળ એક વખત નાનાં મોટાં મંદિરોની હારમાળાથી શોભતી હશે એમ માનવાને કારણ મળે છે. પાળને એક છેડે સંખ્યાબંધ પાળિયાઓ પડેલા છે. આ તળાવ બે વર્ષ પહેલાં વરસાદના સખત મારથી વચમાંથી તૂટી ગયું છે, ને તળાવથી મેશ્વો નદી સુધીનો લગભગ અરધા માઈલ જેટલો માર્ગ પચીસ ફૂટ ઊંડો કોતરાઈ ગયો છે. એ આખા માર્ગની અંદર થઈને ચાલતાં જમણી તરફનો ભાગ આખો જ ઈંટોના ઢગલાઓથી ભરેલો જણાય છે. ઈંટોના એ ઢગલાને માથે ખેતરો છે ને હાલ ખેતી થાય છે. આ પરથી જણાય છે કે આ અવશેષો ઘણા પ્રાચીન સમયના હોવા જોઈએ. આવા એક ખેતર-માં એક મહાદેવનું મંદિર છે. પ્રખ્યાત પુરાતત્ત્વવિદ્ સર લિયોનાર્ડ વૂલી આવાં મંદિરો વિષે કહે છે કે એક કાળે આ મંદિરો ધરતીની સપાટી પર બંધાયાં હોય છે, પણ પછી એ સ્થળ કોઈ કારણસર ભુલાઈ જાય છે કે તજાઈ જાય છે, ને આસપાસની જમીન વાવંટોળ કચરો, રેલ વગેરેથી ઊંચી ચડવાને પરિણામે મંદિર જમીનની સપાટીથી નીચું થઈ જાય છે. આ મંદિરના શિખર જેટલી ઊંચાઈ સુધી આસપાસની જમીન ચડી ગઈ છે. જમીનનો થર તપાસાય તો તે પરથી મંદિર કેટલું જૂનું હશે તથા તે પર કેવાકેવા કુદરતી કે માનુષી સંસ્કારો વીત્યા હશે તે કહી શકાય. તળાવ તૂટવાથી ખુલ્લી થયેલી અવશેષોની આ લાંબી જમીનપટ્ટીનો અભ્યાસ પણ આ બ બતમાં મદદ કરી શકે તેમ છે.

અહીં મળી આવતા અનેક શિવમંદિરોના અવશેષો પરથી એમ લાગે છે કે એક કાળે અહીં શિવપૂજા અગત્યનો ભાગ ભજવતી હશે. 'ગદાધર માહાત્મ્ય'માં પણ શિવભક્તિના ઉલ્લેખો ઘણી જગ્યાએ છે.

શામળાજીના મંદિરની ચારે કોર દૂર દૂર સુધી, અને ફરતી ડુંગર-માળની કરાડોમાંથી પણ અસંખ્ય નાનીમોટી મૂર્તિઓ વખતોવખત મળી આવે છે. આવી મળી આવેલી મૂર્તિઓમાંની કેટલીક તો ઈસવી સનના છઠ્ઠા-સાતમા સૈકાની હોવાનું જણાયું છે.

અહીંનાં ઘણાંખરાં મંદિરો લાલ રેતીઆ પથ્થરનાં બાંધેલાં છે, પણ કેટલાંકમાં ઈંટોનો ઉપયોગ થએલો છે. શામળાજીના જૂના મંદિર નામે ઓળખાતા મંદિરની અંદરની છત, તથા વિશ્રામઘાટ પર આવેલા રઘુનાથજીના મંદિરની છત જોવા જેવી છે. હરિશ્ચન્દ્રની ચૉરી નામે ઓળખાતી જગ્યાએ હાલ એક પથ્થરનું તોરણ ઊભેલું છે તેની કલા-કારીગરી પણ જોવા જેવી છે.

વિશ્રામઘાટ પાસેની લોકજીભે 'કળશી છોકરાંની મા' નામે ઓળખાતી એક મૂર્તિ ખરેખર કયા દેવતાની છે તે કહી શકાતું નથી. આવી જાતની મૂર્તિ હિંદમાં કોઈ જગ્યાએ જોવા મળી નથી. કોઈ તેને વિરાટ સ્વરૂપ કહે છે, તો કોઈ 'અનન્ત બ્રહ્મા' કહે છે. મૂર્તિના બધા હાથ ખંડિત છે, પણ આઠ હાથ ચોક્કસ જોઈ શકાય છે. ચાર મસ્તક છે. પહેરેલું પીતામ્બર સ્પષ્ટ દેખાઈ આવે છે. મૂર્તિએ જાણે પોતાના

અહીંથી મળી આવતી ઈંટો પણ ઘણી જ મોટી ને જુદાજુદા માપની છે. ૧૫ ઇંચ લાંબી, ૧૦ ઇંચ પહોળી ને ચાર ઇંચ જાડી, તથા તેથી વધત-ઓછા માપની ઈંટોનાં ખંડેરોના ઢગલેઢગલા આ ક્ષેત્રમાં ચોમેર વેરાએલા છે. કેટલાં યે ખેતરોમાં જાણે આવી ઈંટોમાં જ હળ ફરે છે. કોઈકોઈ વાર નાનીમોટી મૂર્તિઓ કે કોતરેલા પથરા તેમાંથી ઊપડી આવે છે. શામળાજીના મુખ્ય મંદિરની મૂર્તિ પણ આવી જ રીતે એક ખેતરમાંથી મળી આવેલી છે. મોડાસા–શામળાજીની વચમાં આવેલા ગામ ટીંટોઇના સુંદર જૈન દેવાલયમાં પધરાવેલી પારસ-નાથની મૂર્તિ પણ અહીંના જ એક ખંડેરમાંથી મળી આવી હતી.

ઇડર રાજ્યના પુરાતત્ત્વખાતાના એક વખતના અધિકારી શ્રી પંઢરીનાથ ઇનામદારે પોતાના 'ઇડર સંસ્થાનના કેટલાક પુરાતન અવશેષો' નામે પુસ્તકમાં શામળાજી નજીકથી 'કોઇ પુરાતન રાક્ષસનાં અથવા પ્રાણીનાં હડપચીનાં હાડકાં, એક ખભાની હાંસડી, પાંસળીના ટુકડા વગેરે' આઠ નવ વર્ષ પહેલાં મળી આવ્યાની નોંધ લખેલી છે. આ બધા પરથી એક વાત નિશ્ચિત છે કે આ સ્થળ અતિ પ્રાચીન છે.

સ્થળ અતિ પ્રાચીન છે, નૈસર્ગિક સૌન્દર્યે અતિ મનોહર છે, સ્થાપત્યકલા ગુજરાતમાં અનોખી છે; છતાં, દુઃખ ને દિલગીરીની વાત છે કે ગુજરાતના વિદ્વાનોએ હજી આ તરફ નજર સરખી યે કરી નથી.

ગુજરાતના ઇતિહાસલેખકો કે કલા-સ્થાપત્ય વિષે લખનારા વિદ્વાનોમાંના કોઇએ પણ આ સ્થળનો પોતાનાં લખાણોમાં ઉલ્લેખ સરખો યે કર્યો નથી, ભાગ્યે જ કોઇએ આ સ્થળની મુલાકાત પણ લીધી હશે. કોઈ પરદેશી આવીને આનો મહિમા આપણી આગળ ગાઈ બતાવે તેની તો વાટ નથી જોવાતી ને? **રમણલાલ સોની**

ગુજરાતમાં સ્થાપત્ય અને કલા

લેખક **અનંતનાથ નંદનાથ દીક્ષિત**, બી એ., બી. એસ સી., (લંડન) એ. કે. સી.

હિંદુસ્તાનના બધા પ્રાંતોમાં ગુજરાતની રસાળ ભૂમિ અનેરી જ છે. વિસ્તાર ને વસ્તીના પ્રમાણમાં જોકે બંગાળા કે તામીલનાડ જોડે આપણે હરીફાઈ કરી શકીએ તેમ નથી, તોપણ અનેરી તરેહની ભાત હિંદમાં ગુજરાતની છે. કુદરત અને વર્ષાની આ લાડકી બાલા હિંદુસ્તાનની સાહસિક વ્યાપારી કોમોનું પ્યારૂં વતન છે, અને તેને જ લીધે અત્યારે પણ બીજા પ્રાંતોની સરખામણીમાં આ તરફની સંસ્કારછાયા અસલ ને ગહન છે.

પશ્ચિમ કાંઠાનો આ મુલ્ક અરબી સમુદ્રથી પાવન થએલો છે. અનાદિ કાળથી હિંદ બહારની સંસ્કૃતિના ગાઢા સંબંધમાં આ પ્રદેશ આવેલો છે, તેથી તેનાં રીતરિવાજ, માન્યતા ને શોખો અનેરા જ કેળવાએલાં છે.

રોમ જ્યારે દુનિયાની મહારાણી હતું ત્યારથી પ્રભાસ, નાલા, સોપારા, ખંભાત ને અન્ય બંદરોથી આ પ્રદેશ જગતભરમાં મશહૂર હતો. ત્યાર પછી સુરત-ભરૂચનાં બંદરો જગવિખ્યાતિ પામ્યાં ને તેથી આ પ્રદેશમાં અઢળક લક્ષ્મી અને સંસ્કાર આવ્યાં. એ ગુજરાતમાં થએલા કળા અને સ્થાપત્યના સમન્વયનો આજે આપણે વિચાર કરીએ.

સ્થાપત્ય એ એક કળા જ છે. ઉપરાંત સ્થાપત્ય કળામય પણ થઇ શકે. દુનિયામાં દરેક ચીજની ઉપયોગિતા, (Utility) પણ છે, પરંતુ તેની સાથે સાથે તેને કળામય પણ બનાવી શકાય. પાણી પીવું અને તે માટે વાસણ હોવું એ રોજની જરૂરિયાતની બાબતો છે, પણ ટિનના ટમ્બલરમાં યે પાણી પીવાય છે અને મીરઝાબાદી કે કાશીના કળામય કોતરેલા પ્યાલા અથવા ગંગા-જમની લોટામાંથી પણ પીવાય છે. હિંદુસ્તાનમાં રોજની ઘણી વપરાતી ચીજોમાં આ પ્રમાણે કળા અને ઉપયોગિતા (Utility and art)નો સારો સુમેળ છે.

ગુજરાતની વિશિષ્ટ શિલ્પસામગ્રી વણઝારાની વાવો છે. બીજા પ્રાંતો પેઠે અત્રે પણ મંદિરો કિલ્લાઓ ને મસ્જિદો છે. પણ વાવની જે ખૂબી ને શોભા આ પ્રદેશમાં આપણાં પૂર્વજોએ ઉત્પન્ન કરી છે, તે હિંદભર જ નહિ પણ બલ્કે જગતભરમાં અજોડ છે.

રેલ્વે-મોટરના જમાના પહેલાં માલની અવરજવરમાં વણઝારાઓની પોઠો મોટા પ્રમાણમાં વપરાતી. તેનાં સેંકડો જાનવરોને તથા દેખરેખ રાખનાર મનુષ્ય કાફલાને રાત્રિના મુકામ વખતે પાણીની જરૂર તો પડે જ. તે માટે કૂવાઓ મોટા પ્રમાણમાં જોઈએ. ઉત્તર ગુજરાત સૂકો મુલ્ક. દક્ષિણ જેવી સતત વહેતી નદીઓની એ તરફ ત્રૂટી. ખેતરના કૂવાઓ પાણીની તંગાશને લીધે ખેડૂતો વાપરવા ન દે તે સ્વાભાવિક. તેવી સ્થિતિમાં વણઝારા આગેવાનોએ એ પ્રદેશમાં પોતાના તેમજ સમગ્ર જનતાના ઉપયોગ માટે કળામય સુંદર વાવો સ્થળે સ્થળે બંધાવી. તેની રચના, અદ્‌ભુત કોતરકામ ને કળામય વ્યવસ્થા જોઇને આજે પણ આપણું હૃદય હર્ષથી ઊભરાઇ જાય છે. શું એમના ભવ્ય મનોરથ, શી એમની ધીરજ ને શાંતિ! ત્રીસ-ચાળીસ ગજ ઉપરાંતથી મોટીમોટી શિલાઓ ઘસડી લાવી સ્થળેસ્થળે આવી વાવો રચનારને શું ધન્યવાદ ન ઘટે?

તે પ્રમાણે મોઢેરાનું સૂર્યમંદિર અને ભવ્ય કુંડ, સિદ્ધપુરનો રુદ્રમાળ, પાટણનું સહસ્રલિંગ ને ખાન સરોવર, વડનગરના કીર્તિસ્તંભો ને દેલવાડાનાં જૈન મંદિરો તથા અમદાવાદની મસ્જિદો ગુજરાતીઓના કળા અને શોખની હજુ. સાક્ષી પૂરે છે.

મકાનોની યાદી કરવાનો અત્રે ઈરાદો નથી; ફક્ત નિર્દેશજ બસ છે.

બીજી ખાસ ખૂબી એ છે કે આશરે ૮૦૦ વર્ષથી મુસલમાનોના અત્રેના વસવાટ દરમ્યાન હિંદુ ને મુસલમાન શિલ્પીઓએ ભેગા મળી આ કળામાં પોતાનો યોગ્ય ફાળો આપ્યો છે. રાજકીય ઝગડા હોય યા ન હોય તોપણ બાંધકામમાં તો ગુજરાતના સુલતાનોએ હિંદુ શિલ્પસામગ્રીઓની મદદથી જ અમદાવાદ અને મહેમદાવાદનાં ભવ્ય મકાનો, કોટો ને મસ્જિદો સર્જાવ્યાં. ગુજરાતના સુલતાનોની મસ્જિદો હિંદુ અને મુસલમાની કારીગરીના સમન્વયનો સજીવ પુરાવો છે. ઇસ્લામની ગંભીરતા અને ઉચ્ચ આશય તથા હિંદુઓની કલામયતા ને ઝીણી ઝીણી બાબતમાં પણ રસ ઉત્પન્ન કરવાની તીવ્ર અભિલાષા, મધ્યકાળનાં બાદશાહી મકાનોમાં તરી આવે છે.

કોતરકામમાં તો હિંદી કારીગરો બેનમૂન છે. જાતજાતનાં સુરેખ પૂતળાં રચવાં તો તેમને મન રમતવાત છે. અમદાવાદની મસ્જિદની જાળીઓને તો (Poetry in Stone)ની ઉપમા અપાઇ છે. તેજ પ્રમાણે ગુજરાતના બાદશાહોની મસ્જિદો નમાઝ માટે રચેલાં મંદિરો છે. મંદિરો જેવી જ સુરેખ કોતરકળા ને ભવ્યતા તે મસ્જિદોમાં ઈસ્લામની સાદાઈ ને ગંભીરતામાં કાંઇ અનેરા રંગ પૂરે છે. શિખરો, કમાન, મહેરાબ ને મિનારાઓ સાથે વળી નવીન સ્વરૂપો નજરે આગળ ખડાં કરે છે. એમાં હિંદુ અને મુસલમાન શિલ્પશાસ્ત્રીઓએ જે કામ કરી બતાવ્યું છે તે એ જ પુરવાર કરે છે કે જો હિંદુ ને મુસલમાનભાઇઓ ધારે તો કાંઈ નવીન જ અદ્‌ભુત સુંદરતા સર્જાવી શકે.

બે સુધારા

આ અંકનાં છેલ્લાં આઠ પાનાંના ક્રમાંક ૮૯થી ૯૬ ને બદલે ૧૦૧થી ૧૦૮ ગણવા.

ગયા અંકના છેલ્લા પાને આપેલા ઘડિયાળી કૅલેન્ડરમાં વાર શોધવાની ગણત્રીમાં જ્યારે જવાબ શૂન્ય આવે ત્યારે રવિવાર સમજવાનો છે.

અંધારી ગઈ!

મોટી વાત કહેતી એક નાની વાર્તા

મહમદમિયાંએ પોતાના ટટ્ટુને જ્યારે 'રતન' એવું નામ આપ્યું ત્યારે બીજા સિગરામવાળાઓએ મહમદમિયાંની મજાક કરવામાં કાંઈ જ બાકી ન રાખ્યું. આમાં કેટલો નિર્દોષ આનંદ હતો અને કેટલી અદેખાઈ હતી એ કળવું તો મુશ્કેલ હતું, કારણ કે જ્યારથી મહમદમિયાંએ આ નવા તેજી ટટ્ટુને સિગરામમાં જોતર્યું ત્યારથી એક રીતે તો જાણે આખા ગામને એ સિગરામમાં બેસવાનું મન થતું. કોક એના સફેદ બાસ્તા જેવા ઝુલાળા તકિયાની, તો કોક એની નરમ ગાદીઓની, તો કોક વળી એનાં નીકલનાં ચકચકતાં ફાનસ, એમ હરેક રીતે એ જ સિગરામની તારીફ કરતા. પણ તારીફ કરવાનું સૌથી મોટું કારણ તો 'રતન' હતું. મહમદમિયાંના એક ઇશારે એ ભૂમિ ઉપર પોતાનો પગ ટકવા જ ન દે; જાણે એને તો જમીન ને આસમાનને એકતારે બાંધવાની તાલાવેલી ન લાગી હોય! અને સવારીને ઊતરવાનું ઠેકાણું આવે ને મહમદમિયાં રમતી મૂકેલી લગામને સહેજ તાણી ખેંચે એટલે રતન ઊભો તો રહે તો, પણ આવી રોકપ્રત્યે જાણે તિરસ્કાર દર્શાવતો હોય, એમ ગરદન હલાવી, મહમદમિયાંએ તેને માટે ખાસ વસાવેલી ત્રણ ટીકાની ઘંટડીનો રણકાર કરી, એક નાનકડી છીંક તે ખાઈ લેતો: માલિક સામે જાણે પોતાનો વિરોધ નોંધાવતો ન હોય! એની થનગનતી ચાલ પર જાણે કોઈએ અંકુશ મૂક્યો હોય એમ એને લાગતું હોય એવી રીતે એ આમ કરતો; અને મહમદમિયાં પણ જાણે એના મનની વાત સમજી જતો હોય એમ, નીચે ઊતરી સૌથી પહેલો એ રતન પાસે જતો અને એની ગરદનને સહેજ પંપાળી ખભા પર થાપો મારી, પછી જ સવારીને ઉતારવા માટે બારણું ખોલવા જતો. ગામના લોકો પણ કહેતા કે મહમદ ને રતનની જોડી એ ગામનું એક રીતે ગણાવી શકાય એવું રતન હતું.

મહમદને રતનથી જેટલો સંતોષ હતો એટલી જ રતન વિષે એને ચિંતા પણ હતી. અગલા જમાનામાં પોતે સાંભળેલી વાત એ વારંવાર પોતાના દીકરા રશીદ આગળ કહેતો. પોતાના બાપના વારામાં કોઈક ગાડીવાળાએ અદેખાઈના માર્યા એક ઘોડાનો પગ ભંગાવી નાખી એને બધા કામમાંથી નકામો કરેલો, એ વાતને ઉપદેશ, સૂચના કે આગાહી બધી રીતે મહમદ વારંવાર જપ્યા કરતો. 'રતન તો આપણી રોટી છે. એને કાંઈક થયું એટલે આપણી રોટી પર તરાપ પડવાની!' આવું આવું એ વહાલમાં અને વ્યવહારમાં ઘણુંઘણું રશીદને કહેતો.

રતનનું મન જાણવાનું તો કોઈ સાધન ન હતું; પણ એક વસ્તુ એને ખટકતી હોય એમ લાગતું હતું. મહમદ આખો ય વખત રતનની આંખે અંધારી ચડાવી રાખતો. હમેશાં અમંગળની ચિંતા કરનારી માતા જેમ બાળકને મોંએ કાજળનું ટપકું લગાવી રાખે તેમ મહમદમિયાંને પણ એવી જ કશીક ચિંતા રહ્યા કરતી હતી ટટ્ટુ ક્યારે નજરમાં આવે, અથવા તો રતન જેવું જનાવર ક્યારે મદઝરતું બને એની ક્યારેય આગાહી ન થઈ શકે. એટલે એ બધી ચિંતાઓને, કે બની શકે એવા અકસ્માતોને, દૂર રાખવા માટે મિયાં રતનની આંખે અંધારી ચડાવી રાખતા. રતનને એ ખૂબ ખૂંચતું. પોતાનો અણગમો બતાવવા એ મહમદનો હેતથી ગરદન પર ફરતો હાથ ક્યારેક આંટી લેતો, અને સાથે સાથે વાત ને જાણે આ અંધારીનો અન્યાય થતો હોય એમ એનો વિરોધ બતાવવા ધરતી પર પગ પણ પછાડતો. જવાબમાં મીઠા અવાજે મહમદ કહેતો: 'જરા ઉંમરવાળો થા, બેટા! મોટો થા!' રતનને આથી આશ્વાસન મળતું કે નહિ અથવા ભવિષ્યમાં એની આંખેથી આ અંધારી જશે એવો દિલાસો સાંપડતો કે નહિ એ તો કોઈ પ્રાણી-માનસનો જાણકાર કહે ત્યારે.

વખત એમ ને એમ વહ્યે જતો હતો. ન તો એને રતનની અંધારીની પડી'તી, કે ન તો એને મહમદના રતનને મોટા થવાના આપેલા આશ્વાસનની. ગામમાં મહમદ-રતનની જોડી વખણાતી પોળને નાકે રતનની ઘૂઘરમાળ રણકે એટલે 'મહમદનો રતન' 'મહમદનો રતન' કરતાં ટાબરિયાં દોડતાં પહોંચી જતાં. અને રતન જાણે એમનાં વહાલ અને પ્રશંસાને પોતાની વંદના આપતો ન હોય, એમ સડક પર પગ પછાડતો. ન જાણે કેમ, પણ સહાનુભૂતિ, સહૃદયતા, કદર અને વિરોધ —એ સૌ દર્શાવવા માટે રતને આ જ એક સાધન કેમ પસંદ કર્યું હતું! કોક ટીખળી છોકરાએ એનું ગીત જોડવાનો પણ પ્રયાસ કરી જોયો:

રતન! રતન!
રતન તારી ડોક છે વાંકી,
ગળે તારે ઘંટડી બાંધી,
શું જોઈને મહમદ મિંયે
આંખે તારી અંધારી બાંધી?
રતન! રતન!

રતન આ સમજતો કે નહિ એ તો કોણ જાણે, પણ એ પગ તો અચૂક રીતે પછાડતો. કોકવાર મહમદ એને કહેતો પણ ખરો 'શું પગ પછાડે છે?'

સુધરાઈએ સડકો સુધારવા માંડી. ડામર નાખીનાખી લીસી બનાવેલી સડકો ઉપર બીજાં જનાવરો ગભરાટનાં માર્યાં તેમજ નવા લાગતા સ્પર્શને લીધે લપસી પડતાં; પણ ક્યારેય રતન લપસી પડ્યાનો દાખલો નહોતો બન્યો. મહમદમિયાંને ન તો લગામને ખેંચી રાખવી પડતી કે ન તો બીજી વધુ પડતી સાવચેતી લેવી પડતી. આંખે અંધારી છતાં, રતન કોક અજબ સાનથી એ બધા જ પ્રસંગોને સંભાળી લેતો. વિસામે, બેઠક નીચેની પેટીમાં રાખેલી ચંદી અને લીલી કુંજર જેવી ઘાસ વહાલથી ખોબે ખોબે રતનને ખવરાવતા મહમદમિયાં બોલતા: 'રતન તું તો મારી રોટી છે.

અને દુનિયાનો ક્રમ એ જ હતો. રતનને મહમદમિયાંની રોટી જ બનવાનું હતું. આંખે અંધારી સાથે સવારીને શહેરને ચાર છેડે રૂમઝુમ કરતાં ફેરવવાની, મોં દેખાય એવી ચકચકતી સડકો ઉપર કોક સ્વરક્ષણની પ્રાણીમાત્રમાં વસેલી સાનથી જ પોતાની જાતને અને પોતાને સુપરદ થએલી સવારીને બચાવવાની, સાંજ પડ્યે કેટલા ય ગાઉની મજલ કાપી તબેલામાં પાછા ફરી ચંદી અને ઘાસ ખાતાં, મહમદમિયાંના મીઠા આશ્વાસન ભર્યાં શબ્દો સાંભળવાના. અંધારી જતી ન હતી, રતન મોટો થતો ન હતો......

રશીદે હઠ લીધી. પડોશના ગફૂર જેમ એને પણ રતનને નદીએ નવરાવવા લઈ જવો હતો. રોજ ના ને ના કરતા મહમદમિયાંને બીબીએ ટોક્યા: 'શું સ્વભાવ પડ્યો છે? બસ ના ને ના મોંમાં નન્નૈયો જ ભર્યો છે! છોકરો મોટો થયો છે અને જાનવર જાતવાન છે. પછી ભો શો છે?'

મહમદમિયાંનું કાંઈ ન ચાલ્યું, અને રશીદ રતનના મોંમાં નાખેલું ચોકડું હાથમાં સાહી વિશ્વવિજય કરવા નીકળતો હોય એમ, રતનને લઈ શેરી બહાર નીકળ્યો. રતનને આ નવો અનુભવ હતો. જેનો એને વારંવાર દિલાસો દેવામાં આવતો હતો એવો, પોતે મોટો થયાનો પ્રસંગ આવ્યો હોય એમ એને લાગ્યું. અને એનો આનંદ તો ફૂલ્યો સમાતો ન હતો. ધીરે રહી રતને ગરદન લંબાવી રશીદની પીઠ પર જોરથી ફૂંક મારી. જાણે (અનુ૦ આગળ પાન ૬૬મે)

હિંદમાં પુરાતત્ત્વસંશોધન

હિંદની સંસ્કૃતિને સર્વથા ઉપકારક એવા હિંદી સરકારના એકમાત્ર ખાતાની

ટૂંકી પણ રસમય માહિતી આપતો લેખ

લેખક

અમૃતલાલ વ. પંડ્યા

હિંદુસ્તાન તેની પુરાતન સંસ્કૃતિ માટે જગતમાં પહેલું સ્થાન ભોગવે છે. હિંદના આંગણે આજે ૨૬૬૨ પ્રાચીન ઈમારતો અસ્તિત્વ ધરાવે છે. દુનિયાના બીજા કોઈ દેશમાં તેમની સંખ્યા આટલી મોટી નથી. હિંદુસ્તાન સિવાય જગતના બધા દેશોમાં પુરાતત્ત્વસંશોધનનું કાર્ય મુખ્યત્વે વિદ્યાપીઠો અને સંશોધન-સંસ્થાઓ ચલાવે છે, જ્યારે આપણા દેશમાં પ્રાચીન ઇમારતો અને અવશેષોની વિપુલતા એટલી બધી છે કે એ સંસ્થાઓ એ કામ હાથમાં લઈ શકે તેમ નથી, એટલે તેના માટે હિંદી સરકાર એક સ્વતંત્ર ખાતું ચલાવે છે જે 'આર્કીઑલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયા'નું ખાતું કહેવાય છે. એવું સરકારી ખાતું દુનિયાના બીજા એક પણ દેશમાં નથી.

ઈ. સ. ૧૮૬૨માં આ ખાતું ખોલવામાં આવેલું, અને તે વખતે યુક્ત પ્રાંતના ચીફ એન્જીનીઅર જનરલ સર ઍલેક્ઝાન્ડર કનિંગહામને તેના વડા બનાવવામાં આવેલા. કનિંગહામે આખા ઉત્તર હિંદના પ્રાચીન અવશેષો તપાસ્યા, જેના પરિણામ રૂપ તે પરનો પોતાનો અહેવાલ ૨૩ દળદાર ગ્રંથોમાં તેમણે લખ્યો છે. ઉપરાંત, હિંદની પ્રાચીન ભૂગોળ ઉપર પણ તેમણે એક પ્રમાણભૂત ગ્રંથ લખેલો. દક્ષિણ હિંદમાં પુરાતત્ત્વ-સંશોધન માટે જનરલ કનિંગહામના મદદનીશ તરીકે ડૉ. બર્જેસ નામના વિદ્વાનની નિમણૂક કરવામાં આવેલી. એમણે મિ. કઝીન્સ નામના બીજા વિદ્વાનની સાથે ઉત્તર ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના પ્રાચીન અવશેષ તપાસીને અહેવાલો લખ્યા છે. એ ઉપરાત, ગુજરાત માટે ડૉ. બર્જેસે બીજું વિશેષ કાર્ય એ કર્યું કે તેમણે જૂનાગઢના દીવાન અમરજીના પુત્ર દીવાન રણછોડજીએ ફારસીમાં લખેલી 'તવારીખે સોરઠ'નું અંગ્રેજી ભાષાંતર કરી બહાર પાડેલું. ૧૮૮૫માં કનિંગહામ નિવૃત્ત થતાં તેમને સ્થાને ડૉ. બર્જેસ એ ખાતાના ઉપરી બન્યા ને ૧૮૮૯ સુધી ચાલુ રહ્યા.

આ વર્ષ પછી પુરાતત્ત્વખાતા પર જાણે પનોતી બેઠી ને એક દસકા સુધી તે નામશેષ જેવું થઈ ગયું. પણ ઈ. ૧૮૯૯માં લૉર્ડ કર્ઝન હિંદના વાઈસરૉય થતાં તેમણે એ ખાતાનું પુનર્વિધાન કર્યું. આખા હિંદના પુરાતત્ત્વ માટે 'ડાયરેક્ટર જનરલ ઑવ આર્કીઑલૉજી ઈન ઇન્ડિયા' નામની નવી જગ્યા કાઢવામાં આવી અને એ અમલદારને ખાસ વાઈસરૉયની કારોબારી કાઉન્સિલના મેમ્બર ફૉર એજ્યુકેશન, હેલ્થ ઍન્ડ લૅન્ડ્ઝ'ની નીચે મૂકવામાં આવ્યો. એના ખાતાને બે મુખ્ય કામગીરીઓ સોંપવામાં આવી: એક, પ્રાચીન અવશેષો, ઇમારતો ને વસ્તુઓના સંરક્ષણની, અને બીજી, પુરાતત્ત્વ તથા ઇતિહાસ સંબંધે શોધખોળ ચલાવવાની. આમ, હિંદની બધી પુરાણી ઈમારતોની વ્યવસ્થા એ ખાતાને સોંપી દેવામાં આવી.



જનરલ સર ઍલેક્ઝાન્ડર કનિંગહામ

હિંદી પુરાતત્ત્વખાતાના સૌપ્રથમ વડા જેમણે ઉત્તરહિંદના પ્રાચીન અવશેષો ઉપર સૌપ્રથમ ૨૩ દળદાર ગ્રંથો લખ્યા.

એ ખાતા નીચે આખા હિંદને પુરાતત્ત્વ-સંશોધનની દૃષ્ટિએ સાત વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું બંગાળ અને આસામ (ઑફિસ કલકત્તા), મદ્રાસ અને કુર્ગ (મદ્રાસ), બીહાર, ઓરિસ્સા અને મધ્યપ્રાંત (પટણા), સંયુક્ત પ્રાંત અને રાજપુતાના (આગ્રા), પંજાબ, સરહદ પ્રાંત અને બલુચિસ્તાન (લાહોર), સિંધ અને મુંબાઇ ઇલાકો (પૂના), અને બ્રહ્મદેશ (રંગૂન). એમાંનો છેલ્લો વિભાગ હાલ બંધ થયો છે. આ પ્રત્યેક વિભાગનો અધિકારી આર્કીઑલૉજિકલ સુપરિન્ટેન્ડેન્ટ કહેવાતો થયો. ઉપરાંત, પુરાતત્ત્વ-સંશોધનમાં મળી આવતી વસ્તુઓના રાસાયનિક પૃથક્કરણ અને સમારકામ માટે દહેરાદૂનમાં એક મોટી પ્રયોગશાળા પણ ઊભી કરવામાં આવી. વળી, પ્રાચીન લિપિ અને ભાષાશાસ્ત્ર માટે એક જુદો વિભાગ પાડવામાં આવ્યો હતો ને તેનું મથક ઉતાકામંડમાં રાખેલું. આ બધા વિભાગોની હેડ ઑફિસ દિલ્હી (અને ઉનાળામાં સીમલા)માં રાખવામાં આવી અને એ ખાતાના પહેલા વડા તરીકે લૉર્ડ કર્ઝને સર જૉન માર્શલ નામના પંકાએલા પુરાવિદને મૂકયા.

સર જૉન માર્શલની કારકીર્દિ ઈ.સ. ૧૯૦૨થી શરૂ થએલી. તેમણે હિંદના પુરાતત્ત્વ માટે અથાગ પરિશ્રમ સેવ્યો છે એ વિષે તો બે મત છે જ નહિ. સર માર્શલ રત્નપારખુ હતા. હિંદીઓ પ્રત્યે તેમને સૂગ ન હતી. સરકાર જોડે અથડામણમાં આવીને પણ તેમણે પુરાતત્ત્વખાતાનું હિંદીકરણ કરેલું. સર ઑરેલ સ્ટાઇન જે એ વખતે પંજાબના કેળવણી અધિકારી હતા, તેમને પોતાના ખાતામાં એમણે ખેંચ્યા. ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરને પણ એમણે પોતાના ખાતામાં નીમ્યા. પુરાતત્ત્વના વડા ઉપર સંશોધન તથા સંરક્ષણ ઉપરાંત બીજી અનેક જવાબદારી હોય છે. વડી ધારાસભામાં તેના ખાતા સંબંધે આવતા પ્રશ્નોનો નિકાલ તેણે કરવાનો હોય છે. સર માર્શલે કૉંગ્રેસ પક્ષની પણ પ્રીતિ મેળવી હતી અને પંડિત મો-



ડૉ. બર્જેસ

જેમણે ઉત્તરગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના પ્રાચીન અવશેષો પર સૌપ્રથમ પ્રમાણભૂત ગ્રંથો લખ્યા.



સર જૉન માર્શલ

હિંદના પુરાતત્ત્વ સંશોધનમાં મોહેં-જો-ડેરોની 'સિંધુ સંસ્કૃતિ'ની શોધનું મહત્ત્વનું અર્પણ કરનાર

તીલાલ નેહરૂએ અનેકવાર ઍસેમ્બ્લીમાં તેમનો બચાવ કર્યો હતો. સર માર્શલનાં બધાં કાર્યોની નોંધ તો સ્થળસંકોચને લીધે અહીં લઈ શકાય તેમ નથી. પણ તેમણે ત્રણ મુખ્ય કાર્યો કરેલાં: દેશી રાજ્યોમાં (જેવાં કે હૈદરાબાદ, મહીસૂર, કાશ્મીર, જયપુર, જોધપુર, ગ્વાલીઅર, વડોદરા ઈત્યાદિમાં) પણ સ્વતંત્ર પુરાતત્ત્વખાતાંઓ ખોલાવ્યાં ને તે માટે તાલીમ આપી આપીને હિંદી કાર્યકર્તાઓ પૂરા પાડ્યા; તક્ષશિલા, પાટલીપુત્ર, સાંચી, પહાડપુર, નાગાર્જુની કૉન્ડા, સારનાથ, નાલંદા, હરપ્પા અને મોહેં-જો-ડેરોનાં ખોદકામો કરાવ્યાં; ને પુરાતત્ત્વખાતાનું હિંદીકરણ કર્યું.

૧૯૦૨થી ૧૯૩૧ સુધીનાં ત્રીસ વર્ષના પોતાની કારકિર્દીના ગાળા લગી એમણે દર વર્ષે પુરાતત્ત્વખાતાના દળદાર વાર્ષિક અહેવાલો તૈયાર કર્યા છે. સાંચી, બાગ અને તક્ષશિલા પર તેમણે પુસ્તકો લખ્યાં છે અને મોહેં-જો-ડેરો તથા બીજા સ્થળે 'સિંધુ સંસ્કૃતિ'ના નામથી ઓળખાતી સંસ્કૃતિના જે અવશેષો ખોદાયા તેમના પર, બીજા દેશી અને પરદેશી વિદ્વાનોના સહકારથી ત્રણ મોટા ગ્રંથો તૈયાર કર્યા છે. ઉપરાંત, તેમણે પુરાતત્ત્વખાતા તરફથી પુરાતત્ત્વના સંબંધમાં વિવિધ વિષયોને લગતી એક પુસ્તકમાળા કાઢી અને જુદાજુદા વિદ્વાનો પાસે પુસ્તકો લખાવીને એમાં પ્રકટ કર્યાં. એ પુસ્તકમાળા 'મેમ્બર્સ ઑવ ધી આર્કીઑલૉજિકલ સર્વે' કહેવાય છે અને તેમાં અત્યાર સુધીમાં ૫૭ પુસ્તકો પ્રકટ થયાં છે. પ્રાચીન લેખોના ઉકેલ માટે ખાતા તરફથી ઉતાકામંડ ખાતે જે મથક સ્થાપવામાં આવેલું તેના તરફથી 'એપીગ્રાફીઆ ઇન્ડિકા' નામે ત્રૈમાસિક પત્ર પ્રકટ થાય છે, જે ૧૮૯૨થી આજ સુધી ચાલુ રહ્યું છે. એમાં નવાનવા મળી આવતા પ્રાચીન લેખોના ઉકેલ પ્રકટ થયા છે. ૧૯૩૧માં સર જૉન માર્શલ નિવૃત્ત થયા. હમણાં જ સમાચાર પ્રકટ થયા છે કે હિંદમાં એમણે કરેલી શોધખોળોની કદર રૂપે લંડનની રૉયલ એશિયાટિક સોસાએટીએ પોતાનો ત્રિવાર્ષિક સુવર્ણચંદ્રક એમને અર્પણ કર્યો છે.

એમના ઉત્તરાધિકારી તરીકે તેમના સૌથી પહેલા હિંદી શિષ્ય રાય બહાદુર દયારામ સાહની થયા. એમના સમયમાં નાણાંભીડને લઇ સરકારે પુરાતત્ત્વખાતા ઉપર કાપ મૂક્યો અને તેના પરિણામે મોહેં-જો-ડેરો ઇત્યાદિ બધાં ખોદકામો અને નવી શોધખોળનાં કાર્યો બંધ થયાં. ઈ. ૧૯૩૭ સુધી શ્રી સાહની ડાયરેક્ટર જનરલ રહ્યા અને ઉપલા કારણે તેમની કારકિર્દીનો સમગ્ર પુરાતત્ત્વખાતાની નિષ્ક્રિયતાનો કાળ નીવડ્યો. એ સમય દરમ્યાન ખાતાના વાર્ષિક અહેવાલોનું કામ પણ બંધ રહ્યું. સાહિત્યસેવામાં પણ શ્રી સાહનીનો ફાળો થોડો જ ઓછો રહ્યો છે. સારનાથના બૌદ્ધ અવશેષો પર તેમણે એક પુસ્તક લખ્યું છે અને સને ૧૯૨૧માં સર માર્શલની દેખરેખ નીચે હરપ્પામાં જે ખોદકામ તેમણે કરેલું તેના પર એક અહેવાલ લખ્યો છે. ૧૯૩૭માં શ્રી સાહની નિવૃત્ત થયા અને તત્કાળ જયપુર રાજ્યમાં 'ડાયરેક્ટર ઑવ આર્કીઑલૉજી ઍન્ડ હિસ્ટૉરિકલ રીસર્ચ' (પુરાતત્ત્વ અને ઐતિહાસિક સંશોધનના વડા) તરીકે નીમાયા.

રાય બહાદુર દયારામ સાહની પછી રાવ બહાદુર કાશીનાથ નારાયણ દીક્ષિત હિંદી સરકારના ડાયરેક્ટર જનરલ ઑવ આર્કીઑલૉજી થયા. એમના સમયમાં પુરાતત્ત્વખાતામાં પુનઃ જાગૃતિ આવી. શ્રી દીક્ષિતનો અનુભવ શ્રી સાહની કરતાં વિશેષ હતો. તેઓ આર્કીઑલૉજિકલ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે માત્ર બ્રહ્મદેશ સિવાય હિંદના બધા ભાગોમાં કામ કરી ચૂક્યા હતા. વળી ઉતાકામંડમાં પુરાલિપિશાસ્ત્રી તરીકે પણ તેમણે કાર્ય કરેલું હતું. ૧૯૨૪-૨૫માં તેમણે મોહેં-જો-ડેરોનું ખોદકામ કરાવેલું. આ પછી સિંધમાં મોહેં-જો-ડેરોના જેવાં જ બે પ્રાગૈતિહાસિક નગરો 'લોહુમ-જો-ડેરો' અને 'હીમો-જો-નેજો' તેમણે શોધેલાં. બંગાળમાં પહાડપુર સ્થળે એક પ્રાચીન બૌદ્ધકાલીન વિહારનું વર્ષો સુધી તેમણે ખોદકામ ચલાવેલું. પોતાની સાહિત્યસેવામાં, પુસ્તકો કરતાં તેમણે લેખો અને ભાષણો દ્વારા મોટો ફાળો આપ્યો છે. જોકે પુસ્તકોમાં પણ મોહેં-જો-ડેરોના ખોદકામના અહેવાલમાં તેમનો ફાળો છે અને પહાડપુરના ખોદકામ પરનો રીપોર્ટ, મહોબા (બુંદેલખંડ)ના અવશેષો પર એક પુસ્તક, સિંધુ સંસ્કૃતિ ઉપર એક સ્વતંત્ર પુસ્તક, આટલી તેમની સાહિત્યસેવા છે. પ્રાચીન લેખો અને સિક્કાઓના ઉકેલ પર હિંદનાં જુદાંજુદાં સંશોધનવિષયક પત્ર-પત્રિકાઓમાં તેમણે ઘણા લેખો લખ્યા છે. રા. બ. દીક્ષિતની પહેલાં હિંદની સંશોધન સંસ્થાઓ અને સરકારી પુરાતત્ત્વખાતા વચ્ચે વિશેષ સંપર્ક હતો નહિ. એટલે જ એ સંસ્થાઓએ સર માર્શલ જેવા વિદ્વાનને માન આપ્યું નહોતું. આ ઊણપ રા. બ. દીક્ષિતના સમયમાં દૂર થઇ અને ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ (હિંદી વિજ્ઞાન પરિષદ), ઇન્ડિયન ઑરીએન્ટલ કૉન્ફરન્સ (હિંદી પ્રાચ્યવિદ્યા પરિષદ), ન્યૂમિસ્મૅટિક સોસાએટી ઑવ ઇન્ડિયા (હિંદી સિક્કાશાસ્ત્રની પરિષદ), ઇન્ડિયન હિસ્ટૉરિકલ કૉંગ્રેસ (ભારતીય ઇતિહાસ પરિષદ) વગેરે અનેકાનેક પરિષદોએ રા. બ. દીક્ષિતને પ્રમુખ બનાવ્યા અને સરકાર, વિદ્યાપીઠો તેમજ પ્રાન્તીય સંશોધન-સંસ્થાઓ તથા વ્યક્તિઓ વચ્ચે સહકાર સ્થપાયો અને એથી હિંદમાં પુરાતત્ત્વ અને ઇતિહાસની શોધખોળને અભૂતપૂર્વ વેગ મળ્યો. ગયા મહાયુદ્ધ વખતે હિંદમાં પુરાતત્ત્વનું કાર્ય સર માર્શલ જેવા અધિકારીના સમયમાં પણ અટકી પડ્યું હતું અને ૧૯૩૦ પછીની આર્થિક મંદીમાં પણ એ કાર્ય થંભી ગએલું. ચાલુ વિશ્વયુદ્ધમાં તો એ બન્ને પ્રસંગો કરતાં આર્થિક પરિસ્થિતિ વિષમ થઈ પડી છે, તેમ છતાં રા. બ. દીક્ષિતના પ્રયાસથી સરકારી પુરાતત્ત્વખાતાનું કાર્ય જેમ નેં તેમ ચાલુ રહ્યું છે. અને આજે પણ એ ખાતાનું વાર્ષિક બજેટ રૂપિયા પંદર લાખનું છે. બરેલી પાસે પાંચાલ દેશની પાટનગરી અહિચ્છત્રા (આધુનિક રામનગર)નું વિશાળ ખોદકામ તેમણે ૧૯૪૦માં હાથ ધરેલું તે અદ્યાપિ નિર્વિઘ્ને ચાલ્યું જાય છે. છેક ઈ. સ. પૂર્વે પહેલાથી બીજા સૈકાના શુંગ કાળના અવશેષો નીકળે તેટલા ઊંડાણ સુધી આ વિશાળ નગર અત્યાર સુધીમાં ખોદાઈ ગયું છે એની પહેલાંના થરો હવે ખોદાઇ રહ્યા છે.

ભારતવર્ષની સંસ્કૃતિ મૌર્યકાળ પહેલાં વધુ મહાન અને ગૌરવવંતી હતી. મૌર્યકાળ અને તે પછીની સંસ્કૃતિ તો માત્ર એ સંસ્કૃતિની સંધ્યા હતી. એનાં મધ્યાહ્ન અને પ્રભાત તો, મૌર્યકાળ પૂર્વેના

અસંખ્ય પ્રાગૈતિહાસિક અવશેષો અને ટેકરાઓમાં દટાએલાં છે. સર માર્શલના સમયમાં એ તરફ લક્ષ્ય અપાયું નહોતું, કારણકે તેમને ઍલેક્ઝાન્ડરના હિંદ પરના આક્રમણ અને ગ્રીકોના સમયના અવશેષોમાં વિશેષ રસ હતો. રા. બ. દીક્ષિતે ખાતાનું તંત્ર સંભાળતાંની સાથે જ પ્રાગૈતિહાસિક અવશેષો તરફ વિશેષ લક્ષ્ય આપવા માંડ્યું. સિંધ અને તેની આસપાસના પ્રદેશોમાં પ્રાગૈતિહાસિક અવશેષો ખોળવાનું જે કાર્ય ૧૯૩૧થી બંધ હતું તે તેમણે સ્વ. એન. જી. મજુમદાર દ્વારા ફરી શરૂ કરાવ્યું વેદકાળની સરસ્વતી, જે 'ખોવાએલી નદી' તરીકે ઓળખાય છે અને વૈદિક આર્ય સંસ્કૃતિના વિકાસમાં જેના તટપ્રદેશે સબળ ફાળો આપ્યો છે, તેના વહેણ અને તેના કાંઠે પાંગરેલી પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓના સંશોધનકાર્ય માટે રા. બ. દીક્ષિતે સર ઑરેલ સ્ટાઈનને ખર્ચ આપ્યું. સર સ્ટાઇને ૧૯૪૧થી એ કાર્ય હાથમાં લીધું, પણ બીકાનેર રાજ્યની દક્ષિણે સિંધમાં થોડેક સુધી એ નદીનો ૨૬૦ માઇલ સુધીનો પટ તપાસ્યા પછી સર સ્ટાઇનનો સ્વર્ગવાસ થઇ ગયો. એમની એ કારવાઇનો વિસ્તૃત અહેવાલ એકાદ વર્ષમાં પ્રગટ થનાર છે.

ગુજરાતના પ્રાચીન અવશેષોનો શ્રી દીક્ષિત બહોળો અનુભવ ધરાવે છે. તેઓ છેલ્લા મહાયુદ્ધની પહેલાં (ચોક્કસ વર્ષ અત્યારે સ્મરણમાં નથી) પુરાતત્ત્વખાતાની પૂના ઑફિસમાં એક મદદનીશ તરીકે જોડાયા હતા. તે વખતે મુંબઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમનો પુરાતત્ત્વ વિભાગ આ પૂના ઑફિસ નીચે હતો. શ્રી દીક્ષિતને ત્યાં મદદનીશ તરીકે મૂકવામાં આવેલા. પછી બીજાપુર મ્યૂઝિયમમાં સંગ્રહાએલી વસ્તુઓની યાદી કરવાનું કામ તેમને સોંપવામાં આવેલું, ને તે પછી તેમને પૂના ઑફિસમાં લેવામાં આવેલા, જ્યાં ડૉ. ભાંડારકરની જોડે અને સ્વતંત્રપણે પણ તેમણે ગુજરાત અને કાઠિયાવાડનો પ્રવાસ કર્યો સુરત, ભરૂચ, ખંભાત, મળતેશ્વર, અમદાવાદ, ઈડર, ખેડબ્રહ્મા, પાટણ, મોઢેરા, વીરમગામ, ધોળકા, વળા, થાન, ઘુમલી, છાયા, મિયાણી, જુનાગઢ, સોમનાથ ને કચ્છમાં માંડવી, ભદ્રેસર, ભુજ વગેરે સ્થળોના અવશેષોનો તેમણે અભ્યાસ કર્યો છે. તેમની આ સ્થળો સંબંધી નોંધો પૂનામાં જરીપુરાણી ફાઇલો ખોળીખોળીને મેં વાંચી છે.

આ પછી તેમને લખનૌ મ્યૂઝિયમના ક્યૂરેટર તરીકે મૂકવામાં આવ્યા ને ત્યાર બાદ આર્કિઑલૉજિકલ સુપરિન્ટેન્ડેન્ટ થઈ તેઓ હિંદના બધા ભાગોમાં રહ્યા છે. એ વસવાટ દરમ્યાન તેમણે હિંદના સર્વે પ્રાંતોની ભાષાઓનો પ્રાથમિક પરિચય પ્રાપ્ત કરેલો. તેઓ ગુજરાતી પણ સારીરીતે બોલી તથા વાંચી લે છે. ઈ. ૧૯૪૧ના શિયાળામાં જ્યારે તેઓ ઉત્તર ગુજરાતમાં પ્રાગૈતિહાસિક અવશેષોની તપાસ ચલાવતા ત્યારે મારગિયા લોકો જોડે વાતો કરવામાં ખૂબ આનંદ માણતા. છેલ્લે છેલ્લે સીમલાથી નિવૃત્ત થતી વેળા 'કુમાર'માં પ્રગટ થએલી મારી લેખમાળા 'ભૂતકાળની શોધમાં' તેમણે વાંચવા મંગાવેલી અને તે વાંચતાં તેમને એટલો રસ પડેલો કે તે એમણે પોતાના મિત્ર અને આપણા જાણીતા કલાવિવેચક શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા I.C.S. (હાલ સ્યૂગર કૉન્ટ્રોલ બોર્ડના પ્રમુખ) ને તે વાંચી જવા આગ્રહ કરેલો.

ગુજરાતમાં પ્રાગૈતિહાસિક અવશેષોની શોધખોળ અગાઉ કદી થએલી ન હતી. બ્રુસ-ફૂટ નામના ભૂસ્તરશાસ્ત્રીને અચાનક થોડાક અવશેષો મળી આવેલા અને લીંબડી રાજ્યમાં રંગપુર મુકામે મોહેં-જો-દડોની સિંધુ સંસ્કૃતિના જે અવશેષો તેને મળેલા તે ઉપરથી જણાયું કે ગુજરાત પ્રાગૈતિહાસિક અવશેષોથી ભરપૂર છે. એ વાત રા. બ. દીક્ષિતના ધ્યાનમાં હતી, એટલે તેમણે યોગ્ય અવસર આવતાં ઇ. ૧૯૪૧માં ઉત્તર ગુજરાતમાં શોધખોળ શરૂ કરાવી દીધેલી, જેમાં મેં પણ ભાગ લીધેલો. આ શોધખોળ ભારે ખર્ચે થએલી ને તેમાં મુંબઈના 'ગુજરાત સંશોધન મંડળ' તથા અમદાવાદની 'ગુજરાત સાહિત્ય સભાએ પણ ભાગ લીધેલો. આ શોધખોળ લંબાવવાની શ્રી દીક્ષિતની યોજના હતી. એનો અહેવાલ હાલ છપાઈ રહ્યો છે અને તેનો ખર્ચ વડોદરા રાજ્યે ઉપાડી લીધો છે, એટલે તે વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતા તરફથી આવતા વર્ષના પ્રારંભમાં પ્રકટ થશે.



રા. બ. કાશીનાથ નારાયણ દીક્ષિત

હમણાં જ સેવાનિવૃત્ત થએલા સરકારી પુરાતત્ત્વખાતાના વડા, જેમણે પ્રાગૈતિહાસિક સંબંધની નવી દિશામાં પુરાતત્ત્વખાતાનું કામ વિસ્તાર્યું અને ખાતામાં સર્વદેશીયતા ને એકવાક્યતા સ્થાપ્યાં.

ભરતખંડના પુરાતન ઇતિહાસમાં નર્મદાના તટવર્તી પ્રદેશે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પુરાણો જણાવે છે કે વૈવસ્વત મનુની દસ પેઢી પહેલાં પૃથુવૈન્ય નામનો રાજા થએલો. તેના સમયમાં હિંદમાં માનવજાત અસભ્ય હતી. ફળમૂળ અને મત્સ્ય-માંસ ઉપર ગુજરાન ચાલતું. રાજા પૃથુવૈન્યે નર્મદા નદીના કાંઠે પહેલવહેલી ખેતીની શોધ કરી અને એ શોધ માનવજાતને આપી તેને ખેતી દ્વારા ખોરાક મેળવતી બનાવી. વળી ખેતીની શોધે માનવજાતને સ્થાયી રહેતી પણ બનાવી છે. ખેતીની શોધથી ગ્રામો વસવા લાગ્યાં, પછી પુરો ને નગરો થયાં ને આ રીતે સંસ્કૃતિએ આગેકદમ માંડ્યાં. આમ, પુરાણો દ્વારા જણાય છે કે ખેતીની શોધ સર્વ પ્રથમ નર્મદા કાંઠે થએલી. એટલે આ નદીના કાંઠે હિંદના ઇતિહાસમાં સૌ પહેલાં ગામડાં વસ્યાં હોય એ સ્વાભાવિક છે, ને જો તેમ હોય તો હિંદી સંસ્કૃતિની જનની નર્મદા ઠરે છે. એવાં પ્રારંભિક ગામડાંઓના અવશેષો અને તેમાં વસતી ખેડૂત પ્રજાનાં સાધનો, હિંદમાં બીજે ક્યાંય મળ્યાં નથી તેવાં, વિપુલ પ્રમાણમાં નર્મદા કાંઠે તાજેતરમાં મળી આવેલાં છે. આ અવશેષો મોહેં જો દડોની સિંધુ સંસ્કૃતિ કરતાં પણ હજારો વર્ષ વધુ જૂના છે. એનું ખોદકામ થયે વધુ વિગત હવે પછી.

પુરાણો જણાવે છે કે વૈવસ્વત મનુના સમયમાં જે જલપ્રલય ફરી વળેલો તેમાં નર્મદાપ્રદેશ ડૂબ્યો નહોતો, એટલે પરાપૂર્વની આદિમ સંસ્કૃતિ ત્યાં જળવાઈ રહેલી. ભૃગુવંશની શાસનસત્તા નર્મદાતટ પર જ પ્રસરેલી ને મહાપ્રતાપી સહસ્રાર્જુનનું સામ્રાજ્ય પણ એના કાંઠે જ જામેલું મનાતા અને તેના પુત્રોએ અહીં આવી રાજ્ય કરેલું. ઇતિહાસના કૈંક અનેરા રંગો એ નર્મદાના પ્રદેશમાં જામેલા છે. ઉત્તર અને દક્ષિણ ભરતખંડના સીમાડા નર્મદાએ બાંધ્યા છે. આવી ગૌરવવંતી પુરાતનતા ધરાવતો નર્મદાપ્રદેશ આજ સુધી સંશોધનવિહોણો રહેલો હતો. એની શોધખોળ માટે હિંદી પ્રાચ્યવિદ્યા પરિષદે ૧૯૩૩માં 'નર્મદા વૅલી રીસર્ચ બોર્ડ' નામના મંડળની સ્થાપના

કરેલી ને હિંદના ગણ્યગાન્ય પુરાવિદોને તેમાં જોડવેલા, પરંતુ આ યોજના પાર પડેલી નહિ. આ પ્રદેશના પુરાતની ભેદભરમો બહાર આવે તે જોવા રા. બ. દીક્ષિત ભારે ઉત્કંઠા સેવતા ને તેથી એ કાર્ય માટે રાજપીપળા રાજ્યને તૈયાર કરી નર્મદાના પુરાતત્ત્વાન્વેષણનો તેમણે પ્રારંભ કર્યો. એ કાર્ય ૧૯૪૪ના પ્રારંભથી ચાલુ થયું છે.

હિંદના પુરાતત્ત્વવિષયક સંગ્રહસ્થાનોમાં તેમણે અનેક સુધારાઓ કર્યા છે. એક સંગ્રહસ્થાનમાં એક જાતની વધુ વસ્તુઓ હોય તો બીજા સંગ્રહસ્થાનમાંની વધુ વસ્તુઓના બદલામાં તેની આપલે કરવાની પદ્ધતિ તેમણે દાખલ કરી, અને આમ, સંશોધનસંસ્થાઓ, સંગ્રહસ્થાનો અને વિદ્વાનો વચ્ચે જે પ્રાંતિક વાડાબંધી હતી તે પરસ્પરનો સહકાર સ્થાપી તેમણે નાબૂદ કરી.

આખા ભરતખંડનો નવેસરથી એક બૃહદ્ ઇતિહાસ લખાય તેવી જે યોજના ચાલી રહી છે તેને મૂર્ત રૂપ આપવામાં રા. બ. દીક્ષિતનો હાથ નાનોસૂનો નથી. એ બૃહદ્ ઇતિહાસનો પહેલો ખંડ લખવાની જવાબદારી પણ હિંદના વિદ્વદ્-વર્ગે તેમના પર જ નાખી છે અને આવતા વર્ષે તે છપાઈને બહાર પણ પડી જશે. આ વર્ષના પ્રારંભમાં અલીગઢમાં 'ભારતીય ઇતિહાસ પરિષદ્'નું છઠ્ઠું અધિવેશન શ્રી દીક્ષિતના પ્રમુખપણા હેઠળ ભરાએલું ને તેમાં આ બૃહદ્ ઇતિહાસના પ્રકાશનનો કાર્યક્રમ તેમણે નક્કી કરેલો. આ ઈતિહાસ સંબંધે મંડળમાં ગુજરાત તરફથી શ્રી કનૈયાલાલ મુનશી સભ્ય નીમાયા છે.

મુંબાઈ પ્રાંતમાં જ્યારે કૉંગ્રેસ પક્ષની સરકાર સત્તા પર હતી ત્યારે એ પ્રાંતમાં આવેલા ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક પ્રાંતોના ઇતિહાસ સંબંધે શોધખોળ માટે એ સરકારે મોટી ગ્રાન્ટો આપીને એ પ્રાંતોમાં સંશોધનસંસ્થાઓ સ્થાપેલી. એમાંથી કર્ણાટક માટે ધારવાડ ખાતે જે 'કન્નડ રીસર્ચ સોસાએટી' અસ્તિત્વમાં આવેલી તે કાર્ય શ્રી દીક્ષિતના પરિશ્રમને આભારી છે. મહારાષ્ટ્ર સંબંધેના સંશોધનનું કાર્ય 'ડેક્કન કૉલેજ પોસ્ટ ગ્રૅજ્યુએટ ઍન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ'ને આપવામાં આવેલું ને તેનાં બધાં કાર્યોમાં શ્રી દીક્ષિતની દોરવણી રહેતી આવી છે.

ગુજરાતની સંશોધનસંસ્થાઓમાં મુંબઈના 'ગુજરાત સંશોધન મંડળ' માટે તેઓ ઉચ્ચ અભિપ્રાય ધરાવે છે. આ એક સંસ્થા સિવાય ગુજરાતની બીજી એકે સંશોધનસંસ્થાને પુરાતત્ત્વસંશોધન તથા ઇતિહાસ માટે પ્રવાસો ગોઠવીને નવીન સામગ્રી મેળવવામાં રસ નથી, એ તરફ તેમણે અનેક વાર આંગળી ચીંધેલી છે. 'ગુજરાત સંશોધન મંડળ'ના સુકાની સમા શ્રી ગોપટલાલ ગો. શાહ તેમના જૂના અને ગાઢ મિત્રોમાંના એક છે અને તેમના વિષે અનેક વાર મેં શ્રી દીક્ષિતને અભિપ્રાય ઉચ્ચારતા સાંભળ્યા છે કે શ્રી શાહ સિવાય બીજી એક પણ વ્યક્તિ ગુજરાતમાં તેમને મળી નથી કે જેને ક્ષેત્ર-સંશોધન (Field-research)માં સક્રિય રસ હોય. રાવ બહાદુર દીક્ષિતે ગુજરાતના સંશોધન સંબંધે જે જે વિચારો સેવેલા અને યોજનાઓ હાથ ધરેલી તે સર્વેમાં શ્રી ગોપટલાલ શાહની પ્રેરણા મોટો ભાગ ભજવતી આવી છે ને તેઓ સક્રિય સહકાર આપતા આવ્યા છે.

રા. બ. દીક્ષિતનું જન્મસ્થાન પંઢરપુર અને વતન સાંગલી છે. તેમનો જન્મ ઈ. ૧૮૮૯માં થએલો ને સરકારી નિયમ મુજબ ૧૯૪૪ના ફેબ્રુઆરીમાં તેમને ૫૫ વર્ષ પૂરાં થતાં નિવૃત્ત થવાનો પ્રશ્ન ઊભો થએલો. હાલ સરકારી પુરાતત્ત્વખાતામાં એવી એક પણ વ્યક્તિ નથી કે જે હાલ તુરત તેમનો હોદ્દો સંભાળી શકે; એટલે એવી શક્યતા ઊભી થએલી કે તેમનો કાર્યકાળ ઓછામાં ઓછો લડાઈની મુદ્દત જેટલો લંબાવવામાં આવશે. આ શક્યતા નિષ્ફળ નીવડી અને જાન્યુઆરીમાં સરકારે જાહેરાત કરી કે ઇંગ્લૅન્ડના બ્રીગેડીઅર ડૉ. આર. ઈ. મૉર્ટીમર-વ્હીલરને રા. બ. દીક્ષિતના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા છે. આ સમાચારે હિંદભરમાં અસંતોષ પ્રગટાવેલો અને લેજિસ્લેટીવ ઍસેમ્બ્લીમાં, રા બ. દીક્ષિતનો કાર્યકાળ લંબાવવા માટે, તેમજ જ્યારે એકસરખી યોગ્યતાના હિંદીઓ મળી શકે છે છતાં એક હિંદીની જગાએ યુરોપિયનને શા માટે મૂકવામાં આવે છે ઇત્યાદિ પ્રશ્નો પૂછવામાં આવેલા. પણ સરકારે પોતાનું મનધારેલું જ કર્યું ને અંતે મે માસની તા. ૭મીએ રા. બ દીક્ષિત ડૉ. વ્હીલરને ચાર્જ સોંપીને સેવાનિવૃત્ત બની પૂના આવીને રહેવા લાગ્યા છે.

નવા આવેલા બ્રીગેડીઅર ડૉ. આર. ઈ. મૉર્ટીમર-વ્હીલર M. C., D. LITT., F. S. A., એક સારા ને મળતાવડા સજ્જન લેખાય છે. હિંદ કે પ્રાચ્યવિદ્યા સંબંધેની શોધખોળ સાથે તેમનું નામ સંકળાએલું નથી. સંસ્કૃત કે કોઇ પણ હિંદની ભાષાના જ્ઞાનથી તેઓ વંચિત છે. હિંદની સંસ્કૃતિ, ધર્મ, ઇતિહાસ અને પુરાતત્ત્વનું જ્ઞાન કદાચ તેઓ હવે મેળવશે. પરંતુ ઇંગ્લૅંડમાં તેઓ પહેલી હરોળના પુરવિદ છે. તેમની કારકિર્દિની શરૂઆત 'નૅશનલ મ્યૂઝિયમ ઑવ વેલ્સ'ના પુરાતત્ત્વવિભાગના સંગ્રહપાલ તરીકે થએલી છે. પછી તેઓ લંડન આવ્યા ને લંડન મ્યૂઝિયમના સંરક્ષક અને મંત્રી બન્યા. આ પછી લંડન યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગના નિયામક અને લંડન યુનિવર્સિટી કૉલેજમાં પુરાતત્ત્વના લેક્ચરર નીમાયા. ઇંગ્લૅંડ તથા ફ્રાંસના ઉત્તર ભાગમાં તેમણે પ્રાગૈતિહાસિક કાળના કાંસા અને પ્રાચીન લોહયુગના અવશેષો ખોદાવેલા અને રોમન કાળનાં સ્થળોનું પણ ખોદકામ કરાવેલું. આમ, તેઓ ઇંગ્લૅંડના પુરાતત્ત્વના પરમ પંડિત છે. યુદ્ધ શરૂ થતાં તેઓ સૈન્યમાં જોડાયા અને તેમને ઉત્તર આફ્રિકામાં ટ્યૂનીશિયા મોકલવામાં આવેલા, જ્યાં બ્રીગેડીઅર તરીકે તેમણે સૈનિક સેવા બજાવેલી. ટ્યૂનિશિયાથી તેઓ 'ડાયરેક્ટર જનરલ ઑવ આર્કીઑલૉજી ઈન ઇન્ડિયા' તરીકે નીમાઈ હિંદ આવેલા છે.

વાંદરાં

પૃથ્વી પરની પ્રાણીસૃષ્ટિમાં બે મુખ્ય વિભાગઃ કરોડવાળા જીવ અને કરોડ વિનાના જીવ. તેમાં કરોડવાળા જીવમાં પાછા ચાર વંશ (વિભાગ) છે. એ ચારમાં સ્તનવાળા વંશનાં ઊંચી કક્ષા'નાં છ કુટુમ્બોમાં પાંચમું કુટુમ્બ માનવ જેવા વાનરનું અને છઠ્ઠું કુટુમ્બ મનુષ્યનું ગણવામાં આવ્યું છે.

પ્રાણીસૃષ્ટિ

- **કરોડવાળાં**
  - **પંખી**
  - **માછલાં**
  - **પેટે ચાલનારાં**
  - **સ્તનવાળાં**
    - વાંધવરૂ નોળિયાં આદિ
    - ભૂંડ શેળા વગેરે
    - વાગોળ ચામાચીડિયા આદિ
    - હાથી ઘોડા ઊંટ ગાય ભેંસ હરણ વગેરે
    - **વાનર**: ગોરીલા, ઉરાંગઉટાંગ, ચિમ્પાન્ઝી, ગિબન, ગુરેઝા, કાપુચીન, હાઉલર, માર્મોસૅટ, મૅન્ડ્રિલ, પ્રોમોસ્ક્રિય અને લેમૂર, લેમૂરોઈડ્ઝ, આય આય, હિંદનાં વાંદરાં
    - માનવ
- **કરોડ વિનાનાં**: પાણીના પોરા અળસિયાં ને કરમ, છીંપા ને કરચલાં, કરોળિયા, કાનખજૂરા, ઝેમેલ, વીંછી, કીડી મકોડી, મધમાખ, પતંગ, માકડ-મચ્છર વ.

આમ મનુષ્યને અને વાનરને એક કુટુમ્બનાં સાંભળી હવે આશ્ચર્ય પામવા જેવું રહ્યું નથી. કેમકે વાનર અને માનવ એ બંનેના શરીરના બહારના મળતાપણા ઉપરાંત ગર્ભાધાનથી માંડી પ્રસૂતિ, લોહીના સમાન ધર્મો, માંદા પડવાની પ્રકૃતિ વગેરેના એકતાનું તથા વાંદરાંના જીવન, વર્તન અને લક્ષણ આદિના'સમગ્ર નિરૂપણ ઉપરથી માનવ અને વાનર વચ્ચે લાગણીઓ અને તેના પ્રત્યાઘાતોમાં રહેલી સામ્યતાનું, અવલોકન કરી વિજ્ઞાને માનવ અને વાનર વચ્ચેનો સંબંધ નક્કી કર્યો છે.

પણ વિજ્ઞાન મનુષ્ય અને વાંદરાં વચ્ચેનું સગપણ સિદ્ધ કરે તે અગાઉ પણ ઘણી ભાષામાં વાંદરાં માટે વપરાતા શબ્દો માનવી માટે વપરાતા શબ્દો જેવા જ હોઈ સગાઈસૂચક હતા. દાખલા તરીકે આપણો જ શબ્દ 'વાનર' લો. વા-નર એટલે ઊતરતો નર. આ તો ઠીક, પણ પ્રાણીસંગ્રહાલયમાં રમૂજ કરતાં અને આપણા જેવું વર્તન કરતાં, ઝાડબીડમાં કુદાકુદ કરતાં કે છાપરેછાપરાં ઠેકતાં વાંદરાંનું, સમયાભાવ હોવા છતાંયે, ઘડીભર રોકાઈ નિરીક્ષણ કરવાનું સૌને ઇચ્છા થતું આકર્ષણ શું તેમના પ્રત્યેના સંબંધનું દર્શક નથી લાગતું ?

માનવ અને વાનર એક વંશવેલામાંથી ઊતરી આવેલાં છે એ તો બરોબર, પણ વાનરમાંથી જ માણસ નીપજ્યાં છે કે માણસમાંથી જ વાનર જન્મ્યાં છે એવું કંઈ નથી. આજથી છ કરોડ વર્ષો પૂર્વે માનવીનું રૂપ વિકસ્યું. તે અગાઉ પ્રાણીસૃષ્ટિમાંથી વિકાસ પામી અમુક જાતનાં વાંદરાંને મળતી જાત હસ્તીમાં આવી હતી. તેના બે ફાંટા પડ્યા. એક વાનરનો અને બીજો વાનરને મળતો આવતો વનમાનવનો. વનમાનવ મગજ અને પ્રબળ આત્મશક્તિના પ્રતાપે, ટટ્ટાર ચાલતાં શીખ્યો અને તેનું પૂંછડું અદૃશ્ય થયું. હાથનો ઉપયોગ કરી કલાકૌશલ્ય શીખ્યો અને ધીમેધીમે આધુનિક મનુષ્યના રૂપમાં વિકસી પ્રાણીસૃષ્ટિમાં સર્વોચ્ચ થઈ બેઠો. જ્યારે વાનર ચાર પગાળા રહી વૃક્ષરાજીમાં ગોંધાઈ રહ્યાં અને પશુત્વ સેવ્યા કર્યું. તેમની આપણા જમાના સુધી પશુકોટિમાં ગણના થતી રહી.




ગોરીલા

સમસ્ત જીવસૃષ્ટિમાં મનુષ્યયોનિથી બીજી કક્ષા વાંદરાઓની છે, તેમાંયે માણસ જેવાં વાંદરાંઓની તો ચાર જ જાતો છેઃ ચિમ્પાન્ઝી, ગોરીલા, ઉરાંગ ને ગિબન. આ ચાર જાતો વા-નર (એટલે ઊતરતો નર) નામને સર્વથા યોગ્ય છે. વા-નરો પૂંછડા વગરના હોય છે અને સ્વભાવે તથા દેખાવમાં માણસ જાતને બહુ જ મળતા આવતા હોય છે.

ગોરીલા

ઉપરની ચાર જાતોમાં, આફ્રિકાના પશ્ચિમાદિ પ્રદેશના ગાઢાં જંગલોમાં વસતા ગોરીલા મોખરે આવે છેઃ જીત કે જોરથી નહિ પણ કદાવરતા અને શક્તિથી છ ફૂટની ઊંચાઈ, પાંચ ફૂટનો છાતીનો ઘેરાવો અને ૫૦૦ રતલનું વજન ધરાવતા વિશાળકાય ગોરીલાની ભયંકરતાનું સ્વપ્નું આવતાં પણ આપણે ફફડી ઊઠીએ ! પણ આમ તો ગોરીલા શાંત જ્વાળામુખી, જેવા હોય છે. પરંતુ એનું ઘર ભેલાડાતાં કે બચ્ચાંનો રંજાડ જોઈને તે ક્રોધથી ભભૂકી ઊઠે છે અને છાતી ઠોકી ઢોલ જેવો ભયાનક અવાજ ઉત્પન્ન કરી, પાછલા પગે ઊભા રહી શત્રુ ભણી ધસારો કરે છે. સામાન્ય રીતે ગોરીલા ચારે પગે ચાલે છે અને ઝાડોની ડાળીએ ડાળીએ ખિસકોલી જેવી સિફતથી વિહરે છે. ગોરીલા માણસ સાથેના પ્રસંગો બને ત્યાં સુધી ટાળે છે, પણ સ્વરક્ષણને વખતે ઝનૂનથી તેના ઉપર હુમલો કરે છે. સિંહ વાઘ આદિ હિંસક પશુઓ કરતાં ગોરીલાનો હુમલો ભારે ભયાનક ગણાય છે. ગોરીલા 'ઘર' ભાંગતાં હામ હારી બેસે છે અને નાસી છૂટે છે. એના વસવાટનો આફ્રિકન વનપ્રદેશ જ્યારે મનુષ્યના પાદાઘાતથી



ઉરાંગ ઉટાંગ

ખળભળશે. અને ત્યાં જ્યારે સંસ્કૃતિનાં પગરણ મંડાશે ત્યારે સરજનહારની જીવસૃષ્ટિની કિતાબમાંથી ગોરીલાનાં નામનિશાન સદાને માટે ભૂંસાઈ જશે. આજે તેમના સંરક્ષણ માટે યોગ્ય પગલાં લેવાઈ રહ્યાં છે

ઉરાંગઉટાંગ


ગોરીલાથી કદમાં ઊતરતાં ઉરાંગઉટાંગ છે. બોર્નીઓ ને સુમાત્રાનાં જંગલોમાં વસતાં આ વનસ્પતિ-ભક્ષક વાનરોને મલાયા વાસીઓ 'વનવાસી માનવ' તરીકે સંબોધે છે. વાનરોમાં ઉટાંગ કંઈક વધુ બુદ્ધિશાળી દેખાય છે; અને તેનું મગજ સમગ્ર દૃષ્ટિએ વિચાર કરતાં, બીજા વાનરોની સરખામણીમાં માણસના મગજને વધારે મળતું આવતું હોય છે. ડાળીએ ડાળીએ કૂદવામાં તેની ઝડપ એવી ભારે હોય છે કે ઝડપથી દોડનાર માણસ તેની સાથે હરીફાઈ ના કરી શકે.

ચિમ્પાન્ઝી

જો કોઈ પણ વાનરના દેહ અને ચહેરો માણસના સ્વરૂપને આબેહૂબ મળતાં આવતાં હોય તો તે ચિમ્પાન્ઝીના. ભારે બાંધાવાળા ચિમ્પાન્ઝીના હાથ-પગ માણસના જેવા જ હોય છે. આ જાત સ્વભાવમાં નમ્ર અને મળતાવડી હોવાથી લોકો તેને પાળે છે પણ ખરા. માનસશાસ્ત્રીય પ્રયોગશાળામાં જુદાંજુદાં પ્રાણીઓ ઉપર અખતરા કરીને સૌથી બુદ્ધિશાળી પ્રાણીઓની ક્રમવાર યાદી તૈયાર કરવામાં આવી છે:



ચિમ્પાન્ઝી



ગિબન

તેમાં ચિમ્પાન્ઝી વાનર મોખરે છે. પછીનું સ્થાન ઉરાંગઉટાંગનું છે. આમ ચિમ્પાન્ઝી બુદ્ધિશાળી હોવાથી તે દેખાદેખી ઝટ શીખી લે છે તેમજ કેળવેલાં ચિમ્પાન્ઝીઓ મનુષ્યની ઘણીખરી રીતભાતો અને વર્તનનું આબાદ અનુકરણ કરે છે. તે સાયકલ ફેરવે છે, સિગારેટ પીએ છે, આપણી માફક કોટ પહેરીને બટન બંધ કરે છે અને મઝેથી રકાબી-પ્યાલા વડે ચા પીએ છે તેમજ સ્વચ્છતાપૂર્વક ટેબલ ઉપર ખાણું પણ લે છે. ચિમ્પાન્ઝી આબાદ નકલ કરનારાં અને ભારે ટીખળી હોય છે.

ગિબન

પરંતુ ઉપર કહ્યાં તે બધાં વાનરો ચાર પગે પણ ચાલનારાં ખરાં. પરંતુ માણસની જેમ એકદમ ટટ્ટાર ચાલી શકે તેવી વાનરની જાત તો એક જ અને તે ગિબનની. માનવ જેવાં વાનરની પંક્તિમાં ગિબનનો આંક છેલ્લો આવે છે. ગિબનનું મગજ નાનું અને એ બુદ્ધિશાળી પણ ઓછાં. કશુંક શીખવવામાં આવે તો તે ઝટ ગ્રહણ કરી શકે છે એટલે તેમને રમતગમત શીખવતાં કે કેળવતાં વાર નથી લાગતી. ગોરીલા જેવું કદાવર પ્રાણી ઝાડ પર મોટી ખિસકોલીની જેમ સહેલાઈથી ચડી શકે છે, પણ ગિબનને તેમ કરવું નથી હોતું તે ઉંચા ઝાડ પર રહેવામાં પાવરધાં હોય છે. ઝાડની એક ડાળેથી બીજી ડાળે ૩૦-૪૦ ફૂટના લાંબા અંતરની ફલાંગો ભરતાં, હવામાં અદ્ધર ગુલાંટો ખાતાં અને ડાળીઓ પકડી ઝૂલા ખાતાં ગિબન જંગલનો પ્રદેશ સર કરતાં હોય છે.

ઘણાખરા ગરમ પ્રદેશોમાં અને હિમાલય તથા તિબેટના શીત પ્રદેશોમાં વાંદરાંઓની વસતી ફેલાએલી હોય છે. તેમની પેટા જાતો તો અસંખ્ય હોય છે. એ બધીનું વર્ણન કરવાનું અત્રે અશક્ય હોવાથી, વાનરસૃષ્ટિની થોડીક અજાયબીઓનો જ અહીં ઉલ્લેખ કરીશું.

ગુરેઝા

વાનરસૃષ્ટિમાં કોઈ સુંદરતમ જાત હોય તો તે આફ્રિકાની 'ગુરેઝા'



ગુરેઝા



કાપુચીન

જાત. ગુરેઝાના ડીલ ઉપર લાંબા કાજળકાળા અને બરફ શા શ્વેત વાળોનું આવરણ હોય છે. વાળનાં આ રંગભેદે તેમને અનુપમ સૌંદર્ય બક્ષ્યું છે. પશ્ચિમની વિલાસી પ્રજા આ સુંવાળા ને ચળકતા વાળના વસ્ત્રશણગાર માંગે છે અને એ વાળના વેપાર ખાતર તેમનો સંહાર થાય છે. કુદરતે ગુરેઝાને સુંદર વાળ આપી અનુપમ સૌંદર્ય આપ્યું તો તેમને સંકટો પણ વધારે હોય છે.

કાપુચીન


પૂંછડાની સખત પકડ કરી તેનો પાંચમા હાથ તરીકે ખરેખરો ઉપયોગ કરી શકતાં હોય તો તે અમેરિકાનાં કાપુચીન વાંદરાં, સો દોઢસો ફૂટની ઊંચાઈએ કોઈ ઝાડની ડાળીએ પૂંછડું વીંટાળી અદ્ધર ટીંગાયેલું કાપુચીન એકાએક હવામાં ભુસકો મારે અને વીસ-ત્રીસ ફૂટના અવતરણ બાદ એ જ પૂંછડાવતી બીજી ડાળ પકડી લઈ પાછાં અદ્ધર ટીંગાય; અને વળી પાછું ભુસકો મારે, આવી રીતે તે ઘન વૃક્ષરાજિમાં વિહર્યા કરે છે.

હાઉલર

અમેરિકાના વાંદરની એક જાત હાઉલર નામક છે. તેના કંઠની કંઈક એવી રચના હોય છે. કે તે ધ્વનિવર્ધકની ગરજ સારતું હોય છે. એ જાતના નરવાંદરનું હુપહુપ માઈલો પર્યંત સંભળાય છે.

મારમોસેટ


વાંદરાંની દુનિયામાં નાનામાં નાનું વાંદરું મારમોસેટ છે. તે મધ્ય અને દક્ષિણ અમેરિકાનું વસાહતી છે. તેનું કદ ખિસકોલી કે ઉંદરથી જરાક વધારે હોય છે. તેની રમતિયાળ પ્રકૃતિને લીધે માણસો તેને પાળે છે. વિકાસક્રમના સિદ્ધાંત અનુસાર નાના કદમાંથી મોટાં દેહધારી વાનરોનું રૂપ કેવી રીતે વિકસ્યું તેની કક્ષાઓનો યથાર્થ ખ્યાલ આપતાં અને તે કક્ષાઓના જીવંત ઉદાહરણ રૂપ અદ્યાપિ પૃથ્વી પર મારમોસેટ વિદ્યમાન છે.



હાઉલર

મૅન્ડ્રિલ

વાંદર જગતનું ખૂની. ઝનૂની અને ત્રાસદાયક



મારમોસેટ

પ્રાણી મૅન્ડ્રિલ છે. તેનો દેખાવ જ આપણું ધ્યાન દોર્યા વિના ન રહે. નરવાંદરના મોટા માથામાં ઊંડી ગોઠવાયેલી આંખો, મોં, હોઠ, નાક અને આંખો પર્યંત લંબાયેલા, ઉપસેલા ભભકદાર વાદળી રંગના પટ્ટા અને તેની વચમાં સીંદુરીઆ રંગના ખચકા તેને ભયંકર રમ્યતા આપે છે. મૅન્ડ્રિલ પશ્ચિમ આફ્રિકાના પ્રદેશમાં સમૂહમાં વસે છે. કદાચ તેમની સાથે આપણો ભેટો થઈ જાય તો તેમના રાક્ષસી દાંત આપણા શરીરને ફાડી ખાધા વિના છોડે નહિ

પ્રોબોસિકસ અને લેમૂર


બોર્નીઓ ભાગી વસતાં પ્રોબોસિકસ વાંદરનું પાંચ ઈંચ જેટલું લાંબું આગળ પડતું નાક તેમને કઢંગો અને વિચિત્ર દેખાવ આપે છે. શિયાળના જેવી મુખાકૃતિવાળાં લેમૂરનો ઉલ્લેખ પણ ભુલાવો ના જોઈએ. એ લેમૂરમાંથી જ માનવના આદિ વડવાનો વિકાસ થયો હતો એવો વૈજ્ઞાનિકોનો મત છે. લેમૂરનો દેખાવ હોય છે તો ખિસકોલી કે નોળિયા જેવો, પણ વિજ્ઞાને તેને વાનર-કુળનું લેખ્યું છે.

લૅમૂરૉઈડ્ઝ


લૅમૂરૉઈડ્ઝ નામક વાંદરનો એક વર્ગ છે. તેની ત્રણ જાતો આપણું ધ્યાન દોરે તેવી હોય છે. 'લોરીસ' જાત હિંદ, બ્રહ્મદેશ, સીઆમ, અને સુમાત્રા તરફ થાય છે. દિવસના તે પગ વચ્ચે માથું નાખી ઊંઘતું રહે છે. આથી બંગાળાના વતનીઓ તેને 'લજ્જાતર બાનર' (શરમાળ વાંદરો) તરીકે ઓળખે છે. લોરીસ ચૌદ ઇંચના દેહવાળું પૂંછડાવિહીન અને ભૂખરા રંગના વાળ વાળું નાનું મઝાનું પ્રાણી હોય છે.

આય-આય

કેવળ માડાગાસ્કરનાં જ વસાહતી આય-આય વાંદરાં ગાઢાં જંગલોમાં વસતાં હોય છે. એક વાર્તામાં આવે છે કે વર્ષાદિને લીધે ઝાડથી ધ્રૂજતા વાંદરાને સુગરીએ માળો બાંધવાની સલાહ આપી



મૅન્ડ્રિલ


પ્રોઓરિક્સ

હતી. જોકે તે વાંદરાએ તો આ સલાહ અવગણી હતી. પણ આય-આય વાંદરે તે માન્ય રાખી હોય એમ તે જાત ડાળીઓ અને પાંદડાંનો મોટો ગોળ માળો બાંધે છે. ત્રણ ફૂટ જેટલી તેમના દેહની લંબાઈ હોય છે અને ગોળ માથાવાળા દેહ ઉપર રતુમડા રંગના વાળનો જથ્થો હોય છે. આ પ્રાણી નિશાચર હોય છે અને ઝાડની છાલોમાંથી જીવાત પકડી ખાય છે.

હિંદનાં વાંદરાં

એશિયાનાં વાંદરાંનાં પૂંછડાં લાંબાં હોય છે. હિંદમાં મુખ્યત: વાંદરાંની બે જાતો જોવામાં આવે છે. લાંબી પૂંછડીવાળાં શ્યામમુખી કપિ અને ટૂંક પૂંછડિયાં રક્તવર્ણાં મોં અને પૂંઠવાળાં માંકડાં હિમાલય તરફનાં વાંદરાંનાં મોં જ ફક્ત કાળાં હોય છે જ્યારે ગુજરાતનાં વાંદરાંનાં હાથ, પગ, મોં અને પૂંઠ પણ કાળાં હોય છે. આખા શરીરે શ્યામ એવાં નીલ વાંદરાં પણ ઉત્તરમાં થાય છે.

વાંદરાંની વસાહત ઝાડોમાં જ હોય છે. ઘેરાં પાંદડાંવાળાં ઝાડની ઊંચી ડાળીઓમાં તેમનાં સ્થાન હોય છે, અને ખસુસ નદી કે સરોવર જેવાં જળાશયની પાસે જ તેમનો વસવાટ હોય છે. દિવસના આકાશની શોભા જે ઊડતાં પંખીઓથી લાગે છે તેમ વૃક્ષોની સચેતનતા આમતેમ ઠેકતાં વાંદરોથી અનુભવાય છે. ઝાડ હોય ત્યાં વાંદરાં હોય અને વાંદરાં હોય ત્યાં ઝાડની ઘટા હોય. જ્યારે સીમમાં વાંદરાંઓનું ભક્ષ્ય અલ્પ બને છે ત્યારે તેઓનું ગામમાં આવાગમન થાય છે અને તેમની કુદાકુદ, હુપાહુપ અને મસ્તીથી ગામનું વાતાવરણ ઘડીભર ગાજી રહે છે. આથી કપિ તો આપણને પરિચિત પુરજન જેવાં લાગે છે.

વાંદરાં સ્વભાવે મસ્તીખોર અને ભારે રમૂજી હોય છે. કોઈ બેઠેલા જાતભાઇનું પૂંછડું પકડી ઊંચા ચડવું કે પૂંછડું પકડી હીંચકા ખાવા કે બેઠેલા વાંદરા ઉપર ઊંચેથી પડતું મૂકવું, આપસમાં બટપલાં કરવાં વગેરે તેમનાં ટીખળ અને ચાળા આપણને ઘણી રમૂજ પમાડે


લેમૂરોઈડ્ઝ

છે. વાંદરાં ખેતરનો મોલ ભેલાડે છે અને ઘણીવાર પાક ખૂંદી ફંગોળી નાખી ખાધા કરતાં નુકસાન વધારે ઉપજાવે છે. તેઓ સ્વભાવે 'ચોર' હોય છે અને વર્તનમાં ગંદાં હોય છે. માંકડાં તોફાની, ચપળ, વધારે રમૂજી અને વધારે ગંદી ટેવ વાળાં હોય છે. કપિ મંદ અને ઉલ્લાસ વગરનાં હોય છે. તેથી તેઓ ઝાઝું શીખતાં નથી હોતાં. માંકડાં બુદ્ધિશાળી અને ચતુર હોય છે તેથી મદારીઓ 'ખેલ' કરવા માટે તેમને વધારે પાળે છે.

વાંદરાં વર્તનમાં ગંદાં ખરાં, પણ પ્રાણિસૃષ્ટિમાં શરીરે ચોકખાં જે થોડાંઘણાં પ્રાણીઓ છે તેમાં સ્વચ્છતા અને ચોકખાઈની દૃષ્ટિએ બિલાડી પછી વાંદરાં આગળ આવે ખરાં તેમનાં શરીર ઉપર જૂ, ચાંચડ કે કોઈ જાતની જીવાત નથી હોતી. પક્ષી જગતમાં જેમ કાગડો ચતુર તેમ પ્રાણી જગતમાં ચતુરાઇ તો વાંદરાંની જ. તેમના સ્વભાવનું ખાસ લક્ષણ જિજ્ઞાસાવૃત્તિ છે અને તેમની આ વૃત્તિને લીધે તેઓ આપણને ઘણીવાર રમૂજ અને આનંદ ઉપજાવે છે.

કૂતરાં-બિલાડાંની જેમ વાંદરાંની ઘ્રાણશક્તિ તીવ્ર નથી હોતી, કારણકે તેમનો કાયમી વસવાટ પૃથ્વીથી ઊંચે વૃક્ષોમાં હોય છે. તેઓ ભક્ષ્યની શોધ માટે આંખની શક્તિ ઉપર વધુ આધાર રાખતાં હોય છે. તેમના ભક્ષ્યમાં ફળ, ઝાડની કૂંપો, લીલાં પાન, કૂંળા છોડવા વગેરે હોય છે. અત્રે એ જાણવું જરૂરનું છે કે ગોરીલા આદિ વાનરો પણ વનસ્પત્યાહારી હોય છે. વાંદરાં ખાવામાં બહુ કાળજીવાળાં હોય છે. ઝેરી પદાર્થને તે પ્રેરણાથી જ પારખી કાઢે છે ને તેને અડકતાં પણ નથી.

કપિ કૂદવામાં બહુ ચપળ હોય છે. વીસથી ત્રીસ ફૂટનું અંતર એક ફલાંગે તે સહેલાઇથી કૂદી જાય છે. વાંદરાંઓનો ભક્ષ્યની શોધમાં જંગલમાં કે ગામમાં જવાનો રસ્તો જાણે કે તેમણે નક્કી કર્યો


લેમૂર



આય-આય

હોય તેમ સદાને માટે એકનો એક જ હોય છે. સીમમાં નિયત કરેલાં ઝાડવાંની અમુક ડાળીઓથી જ તેઓ પસાર થવાનાં અને ગામમાં આવતાં ચોક્કસ છાપરે છાપરે થઈને જ હડીઓ કાઢવાનાં.

વાંદરાં સમૂહચારી પ્રાણી છે. તેઓ પચાસ-સાઠના ટોળામાં રહે છે અને ટોળાના મુખીના આદેશમાં રહે છે. કોઈ સશક્ત અને આધેડ નરવાંદર તેમનો મુખી હોય છે. કેટલાક નિરીક્ષકોના કથન મુજબ ટોળાને બે રક્ષકો હોય છે: એક ટોળાની આગળ રહે છે અને બીજો પાછળ રહે છે. ટોળાનો મુખી ટોળાને ખોરાક મેળવી આપવાનું. ભયમાંથી તેમનું રક્ષણ કરવાનું વગેરે કાર્યો આશ્ચર્યજનક હિંમતથી ઉપાડતો હોય છે. શ્રી જવાહરલાલ નેહરુએ આત્મકથામાં એવા મુખી વાંદરાની હિંમતનું એક દૃષ્ટાંત ટાંક્યું છે: 'એક વાંદરાનું બચ્ચું, અમારી બગાકનાં કૉમ્પાઉન્ડમાં આવી ચડ્યું તે દીવાલ ઉપર પાછું ચડી શક્યું નહોતું. સરકારી મુકાદમ તથા કેદી મુકાદમો અને કેદીઓએ તેને પકડ્યું અને તેને ગળે દોરી બાંધી દીધી. દીવાલ ઉપર ઊંચે બેઠેલાં તેના માબાપે (માબાપ જ હશે નો) આ જોયું અને તેમને ગુસ્સો ચડ્યો. એકાએક તેમાંથી એક મોટો ઘરડિયો નીચે કૂદી આવ્યો. અને પેલા બચ્ચાને વીંટળાઈ વળેલા ટોળામાં ધસી ગયો. આ કામ અસાધારણ બહાદુરીનું હતું. કારણ સરકારી મુકાદમ તથા કેદી મુકાદમો પાસે લાકડીઓ અને લાઠીઓ હતી અને તેઓ તે આમતેમ વીંઝતા હતા અને વળી તેમની સંખ્યા ઘણી મોટી હતી. પરંતુ તેની આ બેપરવા હિંમતનો વિજય થયો. નરોનું ટોળું, પોતાની પાસે લાકડીઓ અને લાઠીઓ છતાં, વાનરથી બીને ભાગ્યું! નાના બચ્ચાનો છુટકારો થયો.'

જંગલમાં વાંદરાં બીજી પ્રાણીસૃષ્ટિના ચોકિયાતનું કામ કરે છે. દિવસ કે રાતના વાઘ કે ચિત્તાના આગમનની તેમને તરત જ જાણ થાય છે. તેઓ તેમની પાછળ પાછળ ડાળીએ ડાળીએ કૂદે છે અને કિકિયારીઓ પાડી કકળાણ કરી મૂકે છે. આથી બીજાં પ્રાણીઓ વાઘ કે ચિત્તાના આવ્યાની જાણ થતાં-સચેત થઈ જાય છે અને દુશ્મનની નજરમાં ના આવાય તેમ સંતાઈ જાય છે. તેમની આ વૃત્તિને લીધે સસલાં-હરણ જેવાં સાલસ પ્રાણીઓ ખાસ તેમની નજદીકમાં જ વસે છે.

વાંદરાં સવાર-સાંજના વખતે આહારોપાદાનની ક્રિયામાં મશગૂલ રહે છે અને મધ્યાહ્નના તાપ વખતે જંગલમાં જલાશય નજીક સીમમાં ઝાડની છાયામાં અને ગામમાં આવ્યાં હોય ત્યારે છાપરાંની પાંખ નીચે કે છાંયડાવાળાં સ્થળોએ બપોરા ગાળે છે. આ સમયે માનવકુળના આદિવંશના એ કુટુંબીઓનું જરા નિરીક્ષણ તો



કરો ! કોક વાંદરું પગ લાંબા કરી બેઠેલું હોય છે, તો કોક જાણે



હિંદનો વાંદરો

શ્રમિત મજૂર ઘડીભર આરામ પામ્યો હોય તેમ બેઠુંબેઠું ઊંઘતું હોય છે. વળી કોક રોષ જાહેર કરવા કેવાં દાંતુડિયાં કરતું હોય છે? તેમના ચાળા ને મસ્તી તો ઓર મઝા ઉપજાવે છે ! આંખો ઉપર આગળ પડતી ભરાવદાર ભમરોને લીધે વાંદરાં શૂન્યમન બેઠાં હોય ત્યારે જાણે કે કોક મહાન તત્ત્વજ્ઞાની ઊંડા વિચારમાં ગંભીર બની બેઠો હોય તેવાં લાગે છે. અને નાનકડા બચ્ચાંને છાતી સરસી દબાવતી તેને રમાડતી કે ધવરાવતી વાંદરી કેવી લાગે છે ? જાણે આદિવાસી અભ્રગ માતા બાળકનું જતન ના કરી રહી હોય ! કેટલાંક વાંદરાં પ્રસાધન (ટૉઇલેટ)માં પડ્યાં હોય છે ! એક જણ બીજાના ડીલ ઉપર (ખાસ કરી માદા નરના ડીલ ઉપર) વાળેવાળે નજર ફેરવી, ખણી ખોતરી કશુંક મોંમાં પધરાવતું હોય છે. આને આપણે વાંદરાં જૂ વીણી ખાતાં હોય છે એવું માનતાં હોઈએ છીએ. પણ આ માન્યતા ખોટી છે. વાંદરાં શરીર ખંજવાળતાં હોય છે તે જીવાતને લીધે નહિ, પણ તેમના શરીર ઉપરનાં ઘટ્ટ વાળને કારણે એક પ્રકારની ખણ ઉત્પન્ન થાય છે તેને લીધે. વાંદરાં બીજાના શરીર ઉપરથી વીણીવીણીને, ઉખાડીઉખાડીને મોંમાં મૂકે છે તે ખાંડો હોય છે અને તેના ખારા સ્વાદને લીધે તેઓ તેને મોંમાં આ[illegible]ગ્યા કરતું હોય છે.

વાંદરાંના અવાજ બે પ્રકારના હોય છે. આનંદનો અવાજ હુપાહુપ અને ભયક્રોધનો દાંત કચકચાવતાં ગળામાંથી નીકળતો તીણો અવાજ. ગુનો કરી નાસતા જતા કોઈ વાંદરાંની પૂંઠે પડેલા તેના મુખી દાંતના કચકચાટ સાથે ગળામાંથી નીકળતો ક્રોધ અને હિંસાવૃત્તિ સૂચક તીવ્ર અવાજ આપણે સહજમાં પારખી શકીએ છીએ.

આપણે વાંદરાંને હનુમાનના અંશ ગણી તેમના પ્રત્યે ધાર્મિક આદર ધરાવીએ છીએ, જ્યારે યુરોપ અને અમેરિકામાં તેઓ મગજની ક્રિયાશીલતાની અન્તર્ગતી જાણવાનાં અનન્ય સાધન થઈ પડ્યાં છે. હિંદ અને આફ્રિકામાંથી હજારો વાંદરાંને અમેરિકા લઈ જવામાં આવે છે ત્યાં તેમને સરકસ માટે તૈયાર કરવામાં આવે છે અથવા પ્રાણીસંગ્રહાલયમાં મોકલવામાં આવે છે. મોટા ભાગનાં વાંદરાંને માનસશાસ્ત્રીય પ્રયોગશાળામાં (અનુસંધાન આગળ પાન ૯૬મે)

ફોટોગ્રાફી

કૅમેરાની પસંદગી

ઊગતા ફોટોગ્રાફરને પહેલો જ પ્રશ્ન આવી ઊભો રહે છે તે એ કે કૅમેરા કેવો લેવો. આજે યુદ્ધને લીધે ઊભી થએલી અછતના સમયમાં તો જોકે મનપસંદગીનો તો શું પણ રડ્યોખડ્યો કૅમેરા પણ હાથ લાગતો નથી; પરંતુ સારા વખતમાં વિજ્ઞાની પ્રગતિએ યોજેલા એટલી બધી જાત ને પ્રકારના કૅમેરા મળે છે કે પસંદગીમાં મૂંઝવણ થઈ પડે. ચારરૂપિયાની મામૂલી કિંમતના 'બૉકસ ટાઇપ'ના બાબુની કૅમેરાથી માંડીને એક સામાન્ય મોટરકારના જેટલી કિંમતના કૅમેરાઓ પણ મળી શકે આ વિશાળ ક્ષેત્રમાંથી પસંદગી કરતી વખતે અમુક અગત્યના મુદ્દા ધ્યાનમાં લેવા જોઇએ.

પહેલો મુદ્દો તે હમેશના ખર્ચનો. કૅમેરાની પસંદગી ઉપર જ ચિત્ર બનાવવાનો ભવિષ્યનો રોજિંદો ખર્ચ ઘણો આધાર રાખે છે. માટે પોતાની શકિત-સંપત્તિના પ્રમાણમાં એ ખર્ચ કરાવે એવી ઢબનો કૅમેરા પસંદ કરવાનું પહેલું ખ્યાલમાં રાખવું.

બીજો મુદ્દો એ કે દરેક કૅમેરાને તેની મર્યાદા હોય છે કૅમેરા સસ્તો હશે તો તે પોતાની મર્યાદા પ્રમાણેના અનુકૂળ સમયે જ સંતોષકારક ચિત્ર પાડી શકશે; એટલે કે તેને માટે પૂરતો પ્રકાશ જોઇશે અને પાત્રની હીલચાલ ધીમી જોઇશે. જ્યારે કિંમતી કૅમેરા ઘેરી મધરાતના વખતે સીદી જેવા મારામારી કરતા માણસોનું પણ દૃશ્ય સારીરીતે ઝડપી લઈ શકશે.

કૅમેરાની કિંમત ત્રણ બાબત ઉપર અંકાય છે: (૧) તેના લેન્સની કવૉલિટી–ગુણવત્તા; (૨) લેન્સની ઝડપ; (૩) શટરની ઝડપ અને બહુવિધ શક્તિનું ચાપલ્ય.

ખર્ચની નજરે જોઇએ તો કૅમેરાના વપરાશનો ખર્ચ મુખ્યત્વે તેની ફિલ્મના કદ ઉપર અવલંબે છે. એટલે કૅમેરા પસંદ કરતી વખતે, તેમાં વપરાનારી ફિલ્મને કારણે એ શૉખ આપણને આખા વરસમાં, અગર એક મહિનામાં, કેટલા ખરચમાં ઉતારશે તે જાણી લેવું જોઇએ કોઈપણ બે માણસો એકસરખી સંખ્યામાં તો ચિત્રો પાડતા જ નથી. એટલે, ઉપલો અંદાજ જાણવા માટે આ નીચે જુદા જુદા કદની ફિલ્મ વાપરતાં તે તે ફિલ્મના ડેવેલપિંગનો અને તેમાંનાં દરેક ચિત્રની એક છાપ (કૉન્ટૅકટ પ્રિન્ટ)નો, ૫૦૦ એકસ્પોઝરનો ખર્ચ કેટલો આવે તેનો કોઠો આપ્યો છે:

ફિલ્મનું કદ	દરેક રોલ કે પૅકમાં એકસ્પોઝરની સંખ્યા	૫૦૦ એકસ્પોઝરનો ખર્ચ
૩૫ m m (૧×૧½ ઈંચ)	૩૬	રૂ. ૭૦
૧⅝×૨½ ઇંચ (વી.પી. સાઈઝ)	૧૬	રૂ. ૮૫
૨¼×૨¼ ,, (નાના કદનો ફોલ્ડિંગ)	૧૨	રૂ. ૧૧૫
૨¼×૩¼ ,, ('૨૦' સાઈઝ)	૮	રૂ. ૧૭૦
૨½×૪¼ ,, ('૧૬' સાઈઝ)	૮	રૂ. ૧૯૫
૩¼×૪¼ ,, (કવાર્ટર પ્લેટ)	૧૨	રૂ. ૨૭૦
૩½×૫½ ઈંચ (પોસ્ટકાર્ડ સાઈઝ)	૬	રૂ. ૩૦૫

આ આંકડા ચાલુ બાંધેલા ભાવે સ્ટૅન્ડર્ડ ફિલ્મની કિંમત અને ડેવેલપિંગ-પ્રિન્ટિંગની કિંમત ઉપરથી આશરે કાઢેલા છે. આ ઉપરથી જણાશે કે કૅમેરા ખરીદતી વખતે ધ્યાનમાં રાખવાના ત્રણ અગત્યના સવાલો પૈકી ફિલ્મના કદનો સવાલ ખાસ મહત્ત્વનો છે. ઉપલા ખર્ચ ઉપર વિચાર કરતાં એક મુદ્દો ખ્યાલમાં લેવાનો એ, કે ૨¼×૨¼ ઈંચ કરતાં નાના કદની ફિલ્મના પ્રિન્ટ તો પછી એટલાબધા નાના મળે કે તેમાંના ચિત્રવિષયો આપણને સ્પષ્ટ દેખાય જ નહિ, તેમજ આલ્બમને માટે પણ તે માફક આવે નહિ. પરિણામે, આપણને ગમતાં તેમાંનાં ચિત્રો એન્લાર્જ કરાવી જ લેવાં પડે, એટલે પાછો એન્લાર્જમેન્ટનો ખર્ચ ઉપરના ખર્ચમાં વધવાનો. માટે, જો સૌથી નાનો ૩૫ m m કે વી.પી. (વેસ્ટ પૉકેટ) કદનો કૅમેરા પસંદ કરવો હોય તો તમારી સારી સારી નેગેટિવોનાં એન્લાર્જમેન્ટ કરાવવાનો ખર્ચ પણ ઉપરની ગણત્રીમાં ઉમેરી લેજો.

આ ઉપરાંત બીજા બે અગત્યના મુદ્દા વિચારવાના તે એ કે તમારે કેવી જાતનાં ચિત્રો લઇ શકે તેવો કૅમેરા જોઇએ છે; અને ઊંચી ગુણવત્તાવાળાં ચિત્રો ની અગત્ય તમારે કેટલી છે.

એવો કોઈ કૅમેરા તો હજી શોધાયો નથી કે જે બધા જ પ્રકારનાં સર્વસાધારણ કામમાં સર્વત્ર ઉપયોગી થઇ પડે. તોપણ આપણને દરેકદરેક કામમાં ખપ લાગે એવો સર્વસાધારણ લેવા જઇએ તો સામાન્ય કવૉલિટીનાં ચિત્રો આપે એવો જ કૅમેરા મળવાનો; જ્યારે, ખાસ બનાવટના ઊંચા કૅમેરા, કે જેમાં અમુક પ્રકારનાં જ ચિત્રો લઇ શકાતાં હોય, તેનું પરિણામ તમને ટેકનિક અને ચિત્ર-ગુણની દૃષ્ટિએ ઉમદા મળવાનું. બાકી તો, ગમે તેવો કિંમતી કૅમેરા પણ જો કોઇ શિખાઉને હાથ પડ્યો હોય તો તેના અજાણપણમાં તે કૅમેરાથી ન થઈ શકતું હોય એવું કામ જો એ લેવા જાય તો નિષ્ફળતા મળે જ.

બીજી પણ બે અગત્યની બાબતો પર વિચાર કરવાનો છે: નાનો કૅમેરા જો પસંદ કર્યો હોય તો તેને વાપરવાની આવડત અને તેની નેગેટિવ પરથી ઇનામી હરીફાઇ કે પ્રદર્શન માટેનું ચિત્ર તૈયાર કરવા માટે આપણને કેટલાગણું મોટું એનલાર્જમેંટ કરવું પડશે તે.

ફોટોગ્રાફીની એક જૂની કહેવત અંગ્રેજીમાં છે કે 'It is the man behind the camera that counts!' એડવર્ડ સ્ટિચિન નામના પ્રતિભાવાન ફોટોગ્રાફરે અસલી ઢબના મામૂલી બૉકસ ટાઇપના કૅમેરાથી પોતાનું એક અત્યંત કલાત્મક ઉમદા પોર્ટ્રેટ પોતાનાજ હાથે પાડ્યું! એ કામ માટે તેનો કૅમેરા તદ્દન ઊતરતી પંક્તિનો જ ગણાય, પણ સારૂં પરિણામ તો એ પાડનારને આભારી છે. એક કૅબિનેટ સાઈઝનું ચિત્ર બનાવવા માટે ૩૫ m m કૅમેરાથી એક ચિત્ર લઇએ, અને બીજું ૩¼×૪¼" નેગેટિવ ઉપર લઇએ તો એ બંને એન્લાર્જમેન્ટમાં ૩૫ m m ના એન્લાર્જમેન્ટની ખામીઓ વધારે નજરે પડશે, કારણ કે તેને ઘણાગણું એન્લાર્જ કરવું પડે છે. એટલે ૩૫ m m નો કૅમેરા વાપરવા માટે ખરી આવડતની જરૂર છે.

ઘણાની એવી માન્યતા છે કે શરૂઆતમાં ફોટોગ્રાફી બૉકસ ટાઈપના કૅમેરાથી જ શરૂ કરવી જોઇએ. પણ તે ખોટું છે. એક એરોપ્લેન ઉડાડતાં શીખવા માટે કાંઇ શરૂઆતમાં બૉકસ કાઈટ ઉડાડવામાં આવતો નથી. જો તમે શરૂઆતમાં જ સારામાં સારો કૅમેરા લઈ શકો એવી સ્થિતિમાં હો તો તે લેવા ચૂકવું નહિ. પછી તમારાં સાધનને વાપરવાની સંપૂર્ણ આવડત તો થોડા વખતમાં જ હાથ આવી જશે. પણ જો તમારી સ્થિતિ સામાન્ય હોય તો સારી કવૉલિટીના સેકન્ડ હૅન્ડ કૅમેરાની પસંદગી કરવી જોઇએ. મોટરની માફક કૅમેરા પણ વપરાશથી બહુ જલદી ખરાબ થઈ જતા નથી. માત્ર તેનો ઉપરનો ભપકો જણાતો નથી એટલું જ; બાકી, ચિત્રનું પરિણામ તો સરસ જ આપે છે.

કૅમેરાની પસંદગીમાં લેન્સ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. કૅમેરાનો આધાર તેના લેન્સ અને શટરના ઉપર છે. લેન્સના ગુણ-

દોષ ઉપર તો એક મોટી ચોપડી લખાય; પણ અહીં આપણે ટૂંકમાં સમજી લઇએ. લેન્સ ઉપરનો F નંબર 'ડાયાફ્રામ' (પ્રકાશબારી) તે લેન્સની ઝડપ દેખાડે છે. F નંબર જેટલો નાનો, તેટલો વધારે ઝડપી લેન્સ સમજવો. અમુક વખતમાં પ્રકાશનો જે અમુક જથ્થો તે લેન્સમાંથી પસાર થાય તેના પર તે અવલંબે છે. એ લેન્સ સ્પીડના ઉપર કાબૂ રાખવા માટે શટરની વ્યવસ્થા કરેલી હોય છે. એક લેન્સમાંથી અમુક વખતમાં જો વધારે પ્રકાશ દાખલ થઈ શકતો હોય તો તે લેન્સ વડે ઝાંખા અજવાળાનાં અથવા તો ઝડપી ગતિવાળાં પ્રસંગોનાં ચિત્રો પણ ઘણા ઓછા એક્સ્પોઝરથી લઈ શકાય.

લેન્સની પસંદગીમાં કોઈ પણ સારી બનાવટનો ઍનાસ્ટિગ્મૅટ લેન્સ પસંદ કરવો જોઇએ. એમાં પણ હલકા અને ભારે બે જાત હોય છે. સારી જાતનો ઍનાસ્ટિગ્મૅટ વધારે વિભાગનો બનેલો હોય છે. સામાન્યરીતે તે ચાર વિભાગ કરતાં ઓછા હોતા નથી અને ઘણા ભાગે જે ટેસાર ડિઝાઇન વપરાય છે તે એવા હોય છે.

ધારો કે ૨¼×૨¼ ઈંચની સાઇઝના બે કૅમેરા F ૨·૮ લેન્સની સ્પીડના છે. એકની કિંમત રૂા. ૫૦૦) છે, જ્યારે બીજાની કિંમત રૂા. ૧૨૫) છે. તો આપણે ખાત્રીથી માનવું કે સસ્તા કૅમેરાનો લેન્સ જોકે એક જ ઝડપનો હોવા છતાં તેની ગુણવત્તામાં ઊતરતો હશે. તમે જો સાધારણ સ્નૅપશૉટ પડનાર જ હશો તો રૂા. ૩૦૦)ની કિંમતના અને સસ્તા લેન્સ વચ્ચેનો તફાવત સમજી શકશો નહિ; પણ જો તમે ખાસ પોર્ટ્રેટનાં કામ કરવા અગર સાયન્ટિફિક કામ કરવા ધારતા હો, કે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં તમારી કલાકૃતિઓ મોકલવા ઈચ્છતા હો તો તમને ઊંચી ક્વૉલિટીના લેન્સની કદર થશે અને તમે ખુશીથી પૈસા ખરચશો.

સર્વસાધારણ (ઑલ રાઉન્ડ) કામ માટે રિફ્લેક્સ ઢબનો કૅમેરા પસંદ કરવાનું વધારે સલાહભરેલું છે. અને તે ૩૫ m m થી તે [illegible] બનાવવામાં આવે છે. એક સારા રિફ્લેક્સની કિંમત રૂા. ૧૫૦)થી માંડીને રૂા. ૧૫૦૦) સુધી થવા જાય છે. પરંતુ દુનિયાભરમાં જાણીતી ઍમૅટર સાઇઝ તે ૩¼×૨¼ની પ્લેટની અથવા ૨¼×૩¼ ઇંચ ફિલ્મની છે. એનાં ફિલ્મરોલ હમેશાં તાજાં મળે છે અને કિંમત એકસરખી ને વ્યાજબી હોય છે ૩૫ m m સાઈઝ માટે વધારે કિંમતના કૅમેરાની જરૂર પડે છે અને તે વાપરવાની ટૅકનીક (કસબ)પણ ખાસ સમજ અને અનુભવ પછી મળે છે. એટલે શિખાઉ માટે તે સલાહભરેલી સાઈઝ નથી. ૨¼×૨¼ ઇંચ મોટામાં મોટી મીનીએચર સાઈઝ ગણાય છે તેમાં 2 B ફિલ્મરોલ ઉપર ૧૨ એક્સપોઝર લેવાય છે. તે ખરચમાં વધારે અનુકૂળ થઈ પડે છે અને એવા મીનીએચર ઢબના રિફ્લેક્સ કૅમેરાની પસંદગી કરવી વધારે ફાયદાકારક જણાશે.

બાં. બી. ફનીબંદા

ટિકિટ-સંગ્રહ કરવા વિષે . . . . [૩]

આલ્બમ તૈયાર કર્યાં પછીનું પગથિયું તે ટિકિટો તેમાં કેમ ચોડવી તે. ટિકિટ-સંગ્રહમાં આ વિષય સારીપેઠે કાળજી માગી લે છે. સ્વચ્છતા, સુઘડતા અને ચીવટ એમાં હરપળે સાચવવાં જોઇએ.

ટિકિટો એ અમૂલ્ય વસ્તુઓ છે, અને તેને જરા સરખું પણ નુકસાન પહોંચે તો ગમે તેવી બહુમૂલ્ય ટિકિટની કિંમત પણ ઊતરી જાય છે એ મુદ્દો જેઓ જાણતા હશે તે તો. ટિકિટોને ચોડવાની ને ઉખેડવાની ક્રિયામાં પ્રાણગન જોડીને કાળજી રાખવાના.

પ્રાથમિક શૉખ ધરાવનારાઓ, જેમને આ મુદ્દાની અગત્યનું જ્ઞાન નથી હોતું, તેઓ ઘણીવાર આખી યે ટિકિટ ગુંદરનો થથેડો કરીને ચોડી દે છે. ટિકિટ સંગ્રહ માટે આ બહુ જ બૂરી ને નુકસાનકારક રીત ગણાય. એથી ટિકિટ પોતે ગંદી થાય છે, અને જ્યારે ઉખેડવી હોય છે ત્યારે ટિકિટ કે આલ્બમ બેમાંથી એક ફાટ્યા વિના ઊખડતી નથી. આલ્બમમાંની ટિકિટ આપણે ઈચ્છીએ ત્યારે તદ્દન આસાનીથી અને જરા પણ ઇજા પહોંચ્યા વિના ઉખેડી શકાય એવી રીતે ચોડવી જોઇએ.

આને માટે એક ખાસ યુક્તિ છે લગભગ ½ ઇંચ પહોળાઈની અને અરધા-પોણા ઈંચ લંબાઈની, પાછળ ગુંદર લગાડેલી, કાગળની નાની પટ્ટીઓ આ કામ માટે વપરાય છે. ગુંદરની બાજુ ઉપર રહે એ રીતે એ પટ્ટીને બેવડી વાળી, તેનો અરધો ભાગ ટિકિટને લગાડી બાકીનો અરધો આલ્બમને લગાડી દેવામાં આવે છે, એટલે ટિકિટ આલ્બમમાં વળગી જાય છે. અંગ્રેજીમાં આવી પટ્ટીઓને Hinges (હિન્જિઝ=મિજાગરાં) કહે છે. એવા હિન્જિઝને માટે ખાસ ખર્ચ કરવાની કાંઈ જરૂર નથી. પોસ્ટ ઑફિસમાં વેચાતી ટિકિટોના એક-એક જથ્થાના આખા શીટની ચોમેર વધારાની કોરી પટ્ટી રાખેલી હોય છે. ઘણી વખત આપણને સામટી ટિકિટો ખરીદતાં એવી પટ્ટીના ટુકડા ટિકિટો સાથે વળગેલા મળી રહે છે. તે ટુકડા મેળવીને એકઠા કરતા રહેવું. ને તેમાંથી આપણને જોઇતા કદના હિન્જિઝ કાપી લેવા.

આ હિન્જિઝ એ માત્ર શૉખ કે ફૅશન જ છે એમ નથી. ટિકિટની સલામતી અને જતનને માટે એ પરમ આવશ્યક સાધન છે. ટિકિટના પાછળના ભાગમાં, માત્ર જરૂર પૂરતી જગ્યાએ જ તે ચોંટતા હોવાથી ટિકિટનો બાકીનો બધો પાછલો ભાગ સાબૂત રહે છે, અને ટિકિટ આલ્બમમાં સ્વચ્છ અને આકર્ષકરીતે ચોંટેલી સલામત રહે છે. ઉપરાંત, ટિકિટનો પાછલો ભાગ એથી અકબંધ રહેતો હોવાથી ટિકિટમાંનો વૉટરમાર્ક પણ સહેલાઈથી જોઈ શકાય છે. આ વૉટરમાર્ક એ ટિકિટ-સંગ્રહના વિષયમાં એક ખાસ જરૂરનો મુદ્દો ગણાય છે. એ વિષે હવેના હપતામાં વિચાર કરીશું.

હરિલાલ બૅંકર

'સેકન્ડ અમદાવાદ એક્ઝિબિશન ઑવ ઑલ ઇન્ડિયા ફોટોગ્રાફી'

અમદાવાદના 'નિહારિકા' મંડળના ઉપક્રમથી સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં ભરાનારૂં અખિલ હિંદ ફોટોગ્રાફી પ્રદર્શન

ઊગતા ફોટોગ્રાફરો માટે ખાસ તક આપતો વિભાગ

હિંદુસ્તાનમાં ફોટોગ્રાફીનાં પ્રદર્શન તો અવારનવાર થયા કરે છે. પણ આ પ્રદર્શનમાં ફોટોગ્રાફીના નિષ્ણાતો ઉપરાંત જુનિયર (શિખાઉ) ફોટોગ્રાફરોના પ્રોત્સાહન અર્થે ખાસ 'જુનિયર' વિભાગ રાખવામાં આવ્યો છે. સિનિયર અને જુનિયર બંને વિભાગમાં ચિત્રોની ગુણવત્તા પ્રમાણે 'સિલ્વર' તેમજ 'બ્રૉન્ઝ' પ્લૅક ઉપરાંત 'સર્ટિફિકેટ ઑવ મેરિટ' પણ આપવામાં આવનાર છે. ચિત્રો મોકલવાની છેલ્લી તારીખ ૧૫મી 'ઑગસ્ટ ૧૯૪૪ છે. વધુ વિગતો માટે કુમાર કાર્યાલયના સરનામે 'નિહારિકા'ના મંત્રીને લખી 'એન્ટ્રી-ફોર્મ' મંગાવી લો.

અંધારી ગઈ!

(અનુસંધાન પાછળ પાન ૮૪થી)

રશીદને કહેતો ન હોય : 'જોયું? આપણે બંને એક જ દિવસે મોટા થયા! આજ પહેલીવાર તબેલા બહાર મારી આંખેથી અંધારી ગઈ!' ને જાણે પોતાના ફૂંગરાએલા નસ્કોરાથી રશીદને આશ્વાસન ન આપતો હોય : 'જોજે, મારાથી કાંઈ બીવાનું નથી. તું ને હું તો બે ભેરુ, અને આજે નવાણે એટલી મજા કર શું..... એટલી મજા કરીશું.....'

શેરીનો વળાંક વળીને રશીદ-રતનની જોડી રાજમાર્ગે આવી. આંખમાં પૂરી ઉત્સુકતા ભરીને રતન પાણીના રેલે રેલાતી હોય એવી મોટરોને જોઈ રહેતો. અને પેલા અવનવા દેખાતા, રંગબેરંગી કપડાં પહેરેલાં માણસો! રોજની આદત મુજબ એ પેલી કવિતા સાંભળવા કાન સરવા કરતો. એને એ કવિતા કરનારાઓને બતાવવું હતું : 'લે, જો, ક્યાં છે મારી આંખે અંધારી? હું મોટો થયો! અંધારી ગઈ!'

પણ કોણ જાણે કેમ, આજે કોઈ રતનને ઓળખતું જ નહિ! રતનને પોતાને પણ આની નવાઈ હતી. ગંધથી અને પોતાની સાનથી એ આ માર્ગના તસુતસુને જાણતો હતો. આ ખૂણેથી જ પેલે દિવસે પેલા છોકરાએ 'રતન' 'રતન' કરી ધાંટો પાડયો હતો. પણ આજે કેમ કોઇ બોલતું જ નથી? રતનને થયું ગાડી વિનાના રતનને, અંધારી વિનાના રતનને, લોકો ઓળખતા જ નથી કે શું?

આ વિસ્મય હજુ એના મનમાં ઘોળાતું હતું ત્યાં તો એણે નવું કૌતુક જોયું. એક ઘોડો ગાડીને ખેંચતો હતો. ગાડીવાન ઘોડાને ચાબુક મારતો હતો ને ગાડીમાં બેઠેલી સવારીઓ ગાડીવાનને વધુ વેગે ગાડી હાંકવા કહેતી હતી! રતન ઊભો રહી ગયો. એક આંચકે એને યાદ આવ્યું: એ પોતે પણ આમ જ ગાડી ખેંચતો હશે? મહમદમિયાંની રોટી, એમનું વહાલ, એમનો મોટા થવાનો દિલાસો-સહુનો અર્થ તો આ જ ને? ભારનો વેઠનાર, બોજનો ખેંચનાર, ચાબુકનો માર ખાનાર!

રશીદ ચોકડું ખેંચતો હતો એનો રતનને ખ્યાલ જ ન હતો. એ તો ફાટી આંખે, પેલા બીજા કોઇની રોટી બનેલા, પોતાના જાતિભાઈ પર સડાસડ પડતી ચાબુકને જ જોઇ રહ્યો હતો. હવામાં ઉછળતી એ ચાબુક કોક વિષભરી તીવ્રતાથી રતનને હૈયે ડામ દઈ રહી હતી. કોઈ ખાખી, જટા ધુણાવી વર્ષોથી ધર કરી બેઠલી રાખ ઉડાડે એમ રતને એનું ડોકું ધુણાવ્યું. કેશવાળીના કાબરચીતરા વાળ જાણે કશોક રોમાંચ અનુભવતા હોય એમ અધ્ધર ઊભા થયા.

અને રશીદના હાથમાંથી પોતાનું ચોકડું જોસભેર ખેંચી લઇ રતન દોડયો. અને શું ય સૂઝયું તે પોતાના બધા જ બળપૂર્વક પેલી ગાડી સાથે એણે પોતાનું માથું અફાળ્યું. ગાડી આ અચાનક હુમલાથી ધ્રૂજી ઊઠી અને એક બાજુ લચી પડી. ચાબુકનો માર સહી રહેલો ઘોડો સડક પર પછડાયો અને એ ચાબુકનો મારનાર હવામાં ઉછળી, જેને એ ચાબુક મારતો હતો તેની જ પાસે ઊંધેકાંધ પડયો!

રતનના માથામાંથી લોહી વહી જતું હતું. અને એની લાલમલાલ આંખ આગળથી ઊડતી લોહીની છોળે એને ગાંડોતૂર બનાવ્યો. આજે એને અંધારીનો મર્મ સમજાયો. આજે એને એ મોટા થવાના દિલાસાનો અર્થ સમજાયો. અને ઊભી સડકે એ નાઠો.....

નથી: આજે કશી લગામ નથી; આજે આંખે અંધારી નથી; આજે પેલી ફટાણા જેવી કવિતા નથી. આજે છે માત્ર રતન અને ભર્યુંભાદર્યું વિશ્વ!

'નિર્વાસિત'

વાંદરાં

(અનુસંધાન પાછળ પાન ૬૩થી)

રાખવામાં આવે છે. ત્યાં પ્રખર વૈજ્ઞાનિકો તેમની બુદ્ધિશક્તિ અને વર્તન સમજવા ઝીણવટ ભર્યો અભ્યાસ કરતા હોય છે.

કોલંબીઆ યુનિવર્સિટીની માનસશાસ્ત્રીય પ્રયોગશાળાના નિયામક ડૉ. કાર્લ જે વૉર્ડનના પ્રયોગો બાદ સિદ્ધ થયું છે કે માણસો અને વાંદરાંની વિચારશક્તિ એક સરખી હોય છે. વાંદર માણસની જેમ અનુકરણથી શીખે છે. પ્રો. થોર્નડાઇકે વાંદરાંની અને બીજાં પ્રાણીઓની શીખવાની વૃત્તિનું માપ કાઢયું છે. તેમાં બિલાડાં અને કૂતરાં શીખવામાં મંદ જણાયાં અને વાંદરાં કોઈપણ વસ્તુ તરત ગ્રહણ કરી લેતાં જણાયાં છે. એ પ્રોફેસરના કથન મુજબ વાંદરાંની ગ્રહણશક્તિ માણસોને પણ ટપી જાય તેવી હોય છે. કોઈનું કાર્ય દેખ્યા પછી, તેની ગેરહાજરીમાં તે કાર્યનું સંપૂર્ણ રીતે અનુકરણ કરી બતાવવાની બુદ્ધિને 'અનુમાનયુક્ત અનુકરણબુદ્ધિ' કહેવામાં આવે છે. પ્રો. થૉર્નડાઈકના વાંદરાં ઉપરના બુદ્ધિને લગતા આ પ્રયોગોમાં તેમાં તે ઉત્તમ રીતે ખીલેલી માલૂમ પડી છે. એકવાર નજરે જોયા પછી વાંદરાં બારણું કે તાળુ ઉઘાડી કે વાસી શકે છે. મગજની ઉચ્ચ ખીલવણી યાદ રાખવાની શક્તિ ઉપર અવલંબે છે. વાંદરાં મુદ્દાઓ યાદ રાખી શકે છે, અને અમુક કાર્ય કરવાની યોજના પણ ઘડી રાખે છે. આ ઉપરથી તેમની બુદ્ધિશક્તિ ઉચ્ચ પ્રકારની ખીલેલી છે એમ કહી શકાય. વાંદરાંની યાદશક્તિ તીવ્ર હોવાથી કદી તેમના તરફ ક્રૂર વર્તન ના દાખવવું જોઇએ. હાથી જેમ યાદ રાખી સમય આવે વેરવૃત્તિ તૃપ્ત કરે છે, તેવી વૃત્તિ વાંદરાં પણ ધરાવતાં હોય છે.

ન્યૂ યૉર્કના પ્રાણી-સંગ્રહાલયના નિયામક ડૉ. ડબલ્યુ. રેઈડ બ્લેરઅને માનસશાસ્ત્રીય પ્રયોગશાળામાં અખતરા કરી, સૌથી બુદ્ધિશાળી પ્રાણીઓની યાદી તૈયાર કરી છે, તેમાં ચિમ્પાન્ઝી પ્રથમ, ઉરાંગઉટાંગ બીજે, હાથી ત્રીજે અને ગોરીલા ચોથો આવે છે.

એરીક હાર્ડી, (એફ. ઝેડ. એસ.) કહે છે કે પાળેલા વાંદરાને ઠપકો આપીએ તો તે રોશે પણ, તેને ગલીપચી કરતાં કે ફાવે તેટલા પ્રયત્નો કરતાં તે કદી સ્મિત કરશે નહિ! સ્મિત કરવાનો કે હસવાનો ઈજારો કુદરતે ફક્ત માણસોને જ આપ્યો છે. હા, હાયેના નામનું પ્રાણી કે ઑસ્ટ્રેલિયન કલકલિયા હસવા જેવો અવાજ કરે છે ખરાં, પણ તે ખરું જોતાં હાસ્ય નથી હોતું. એક પ્રાણીશાસ્ત્રીએ દાખલા આપી નક્કી કર્યું છે કે વાંદરાંમાં ઉમદા માતૃત્વ સમાએલું હોય છે. કોઈ એકલદોકલ વાંદરી ચિત્તા, વાઘ, સર્પ કે શિકારીના ભય સામે કે આફત વખતે હિંમત રાખી બચ્ચાનું રક્ષણ કરતી હોય છે.

વાંદરાં, દેખાવમાં અને વર્તનમાં આદિયુગના માનવીઓનો ખ્યાલ આપતાં, આપણા વિકાસક્રમની કથા રજૂ કરતાં વિદ્યમાન છે. પૃથ્વીનાં પડલો અને આકાશનાં વાયુમંડલો ઉપર સ્વામિત્વ ભોગવતા માનવકુળની ઉત્ક્રાન્તિનો ઇતિહાસ તપાસતાં વૈજ્ઞાનિકો અનુમાન ઉપર આવ્યા છે કે માનવો અને વાંદરાં એક જ પૂર્વજના અનુજો છે. વાંદરાં અને મનુષ્ય ક્યારથી છૂટાં પડયાં એ લાખો વર્ષની કથા છે. માણસે મગજના વિસ્તારથી ઉત્ક્રાન્તિ સાધી છે. આ સુધારણાને લાંબો કાળ વીત્યો હોવા છતાં યે આજે પણ એકબીજાનાં બાહ્ય સામ્ય અને સમાન ગુણ તથા દેહધર્મ માનવ અને વાનર વચ્ચેની સહોદર એકતા સ્પષ્ટ કરે છે.

ડૉ. શિવપ્રસાદ કુ. ત્રિવેદી

શેઠ હંસરાજ લખા હુન્નરશાળા—જામનગર

આ શાળા ૧૬ વર્ષ ઉપરના ને ત્રીજું અંગ્રેજી કે પાંચમું ગુજરાતી ધોરણ ભણેલા વિદ્યાર્થીઓને દાખલ કરે છે. વણાટકામ, રંગકામ અને ઇલેકટ્રિક વાયરિંગ કામના વર્ગો નિષ્ણાત અધ્યાપકોની દેખરેખ નીચે ચાલે છે. આજના યંત્રયુગમાં આવું શિક્ષણ સાધારણ સ્થિતિવાળા વિદ્યાર્થીઓને ફળદાયી નીવડશે. વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલ્સ ને બોર્ડિંગની સગવડ છે. અન્ય સ્થળો કરતાં ખર્ચ ઓછો આવવાનો સંભવ છે. દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીએ શાળાના પ્રિન્સિપાલને બે આનાની ટિકિટ મોકલી પ્રૉસ્પેક્ટસ ને અરજીનું ફૉર્મ મંગાવીને પાંચમી જૂન પહેલાં અરજી કરવી.

મઝધાર

(અનુ૰ પાછળ પૃ૰ ૭૯થી)

માછલીઓ ચોંટી રહેલી. માછલીઓ સાથેનું એ આખું ભોયું અમે કઠાના લીધું અને નાની ફૂણી માછલીઓનું ભોજન કર્યું. હવે અમે ક્યાંક જમીનની નજીક જ છીએ એવી આશા પ્રેરતા એ ભોથાએ અમારા મંદોત્સાહમાં નવો પ્રાણ પૂર્યો.

પણ પચીસમે દિવસે પવને પાછું પોત પ્રકાશ્યું. અમારાથી થોડે જ દૂર સઘળી દિશાઓ ધૂંધળી બની ગઇ. મોજાંનાં પણ જોર ને ઝટપ વધ્યાં. સાથે એમનું કદ પણ બિહામણું બનવા લાગ્યું. અને એમાં કશું ઓછું રહેતું હોય તેમ, તૂટી પડેલા વરસાદે અમારા ચહેરા પર લપડાકો ખેંચવા માંડી.

એક તોતીંગ મોજું ધડીંગ દેતું આવીને અમારા તરાપા પર ત્રાટક્યું અને તળિયે લાગેલી તેની ઝપટે એને હવામાં એવો તો અધ્ધર ઉલાળ્યો કે અમે ત્રણે દરિયામાં જઈ પડ્યા !

તરાપામાંથી ઊડી પડેલી વસ્તુઓ હું હાથવગી કરી રહ્યો હતો, ત્યાં હવામાં અધ્ધર ઊછળેલો તરાપો મારે ખભે આવી પછડાયો ! મારા સાથીદારોએ લાઈફ-જૅકેટ્સ નહોતાં ચડાવ્યાં. પણ સારું થયું કે તરાપો અમારી નજીકમાં જ આવીને ઊંધો પટકાયો., અમે તેને ઝટપી લીધો.

દરિયો અમારાં શરીર પર મોજાંની ત્રમઝટ બોલાવીને અમારી નજરને પણ અંધારી દેતો અમને ખેંચી જવા પ્રયત્ન કરી રહ્યો હતો. તેમાં વળી શાર્ક મત્સ્યોનો તો ભય મનમાં રહ્યો જ હતો. પણ જેમતેમ કરીને તરાપામાં તો અમે ગોઠવાઈ ગયા. અને પછી પવન સામે નીચું માથું ધરીને તેનો કોપ અમે ઝીલવા લાગ્યા.

આ રીતે હાથવેંતમાં રહેલા મોતના મોંમાંથી અમે ઊગરી ગયા. જાંચપડતાલ કરી જોતાં અમે કંઈ ગુમાવ્યું હોય એમ લાગ્યું તો તે ટૅાનીના ખમીસના અવશેષ અને એક હથોડી.

સૂરજનો પ્રખર તાપ નીકળ્યો અને તેમાં અમારાં કપડાં સુકાવા આવ્યાં, ત્યાં તો ફરી પાછા એક જબરા ઝાપટાએ અમને તરબોળ કરી મૂક્યા. ફરી પોતાની પાટલૂન ઉતારીને તેને નીચોવતો નીચોવતો ટૅાની છંછેડાઇ ઊઠ્યો: 'આવી આવી નકામી વેઠથી તો તોબા !'

એ દિવસે જ મને ખબર પડી કે મારા હાથ-પગ કંઈક બહેર મારવા લાગ્યા હતા. સુસ્ત વાતાવરણમાં તેજી લાવવા મેં દિવસના આંકા ગણતાં આનંદભરી બૂમ મારી, 'હેઈ ! આજ તો આપણો જયંતીદિન ! આજે પાણીમાં રહે આપણને ચાર અઠવાડિયાં થયાં થોડી જ મિનીટ પહેલાં આપણો ૨૮મો દિવસ શરૂ થયો !'

ટૅાનીના હોઠ ફફડતા લાગ્યા; પણ તેની આંખો અને ચહેરો મુડદાં જેવાં સ્થિર હતાં. 'હુર્રે' તેનો મંદ અવાજ સંભળાયો. એ અવાજમાં ઊમળકો નહોતો.

મે જીન સામે જોયું તો પોતે હસે છે એવા ભાસમાં માત્ર તેના હોઠ તેણે મરડ્યા.

બીજે દહાડે સવારે મોટામોટા શાર્ક મત્સ્યો અમારા તરાપા આગળ ઘૂમવા લાગ્યા. એક જંગી મચ્છ તો તરાપાની પાસે આવી મારી સામે ડોળા કકડાવવા લાગ્યો. પડખાભેર થઈ મેં તેના નાક પર એક મુક્કો એવો તો ચોડ્યો કે તે ઘુમરી ખાઈ રફૂ થઇ ગયો !

'ચૅમ્પીઅન!' મારો જમણો હાથ ઊંચો કરી ટૅાની બોલી ઊઠ્યો.

જીનની નજર અમારા ત્રણેમાં સૌથી તીક્ષ્ણ હતી. એણે નમતા બપોરે ફરી પાછી નાળિયેરની બૂમ પાડી. અને ખરેખર નાળિયેર જ મળ્યું. અમે એ ચપાટી ગયા. બસ, એ અમારું છેલ્લું જ ભોજન.

'ધારો કે આપણામાંનો એક જણ ભૂખથી મૃત્યુ પામે (અલબત્ત, આપણામાંથી ગમે તે એક તો પહેલો મરશે જ) તો તેની લાશનું શું કરવું ?' એક જણ એક દિવસ બોલ્યો. બીજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે એની લાશ પર બાકીના બેએ જીવવું. અલબત્ત, અમારા ત્રણેમાંથી કોઈની અંતરેચ્છા એવી નહોતી જ, પણ આ પ્રશ્ને વાતચિતનો નવો વિષય અમને પૂરો પાડ્યો હતો.

ઓગણત્રીસમે દિવસે ફરી અમારે ઝપટ ખાવી પડી. પ્રાણની પેઠે અમે તરાપાને વળગી રહ્યા. થોડી વારે શાંતિ થતાં મેં તપાસ કરી તો કેટલાક ગાભા ઉપરાંત હોડીને બાંધેલું લંગર પણ વછૂટી ગયું લાગ્યું. આ અમારે માટે એક ભયંકર ફટકો હતો. તરાપાની ગતિ ઉપર માત્ર હાથઘડાઉ હલેસાં સિવાય હવે અમારો કશો અંકુશ નહોતો રહ્યો. અને હલેસાં મારવાના અમારા છેલ્લા અનુભવે અમને એવા તો મુડદાલ બનાવી દીધા હતા કે છેક છેલ્લી ઘડી સિવાય તેનો આશ્રય ન લેવાનો જ અમે નિશ્ચય કર્યો હતો.

એ ઝંઝાવાત વચ્ચે જ અમે રાત ગાળી. લંગર વિના અમે હવે માત્ર દરિયાની દયા પર જ રહ્યા હતા; તેમાં વળી પવન કહે કે મારું કામ. એવાંએવાં તો મોજાં એણે ઉછાળવા માંડ્યાં કે છાતીનાં પાટિયાં બેસી જાય ! ઊછળીને એ મોજાં તરાપામાં કૂદી પડતાં. અરધો તરાપો તરબોળ થઈ જાય અને અમે પાણી ઉલેચતા જ રહીએ. અમને દહેશત હતી કે ઉઘાડા ડીલે, વરસાદથી ભીંજાતા અને દરિયાથી તરબોળ બનતા અમે પાણી ઉલેચતા રહીને એમ ને એમ જ થીજી જઇશું.

ફરી પાછો એક મોજાનો હેલો... અને અમે ત્રીજી વાર દરિયામાં પટક્યા ! અમે શી રીતે તરાપામાં પાછા પેઠા એ મને નથી સાંભરતું, પણ અમારાં રહ્યાંસહ્યાં સઘળાં સાધનોથી પણ અમે હવે રીઢા બની બેઠા હતા. ચપ્પુ, હલેસું, માથાબાંધણ ચીથરાં, ખડખડપાંચમ લંગર, અરે, અમારા શરીર પરનું છેલ્લું ચીંથરું સુદ્ધાં સ્વાહા થઈ ગયું હતું. અમારી પાસે નહોતું અમારા સંરક્ષણનું કશું સાધન, નહોતું તરાપાને ટકાવવાનું કશું સાધન કે નહોતું શિકારનું સાધન. અમારી તદ્દન નવસ્ત્રી દશાની મશ્કરી રૂપ, દોરાથી બાંધેલી મારી સીસોટી માત્ર મારા ગળામાં લટકી રહી હતી !

પણ ટૅાની પૅસ્ચુલા જબરો ખેલદિલ જવાનિયો! 'ચાલો દોસ્તો, એ બોલ્યો: 'આ નગ્ન હાલત ઉપર પણ આપણે તાળી દઇએ ! અને આજથી જ આપણે જન્મ્યા એમ ગણીએ!!'

બરફ જેવા ઠંડા વરસાદનાં ઝાપટાં લગાવતા પવનના સુસવાટા વચ્ચે અમે હાથ મિલાવ્યા અને એ ઘડીથી નવા જ જીવનનો પ્રારંભ ગણવાની અમે કબૂલાત કરી.

એ દિવસે—અમારા તરાપા પરના તેત્રીસમા દિવસે—અમારી સ્થિતિ વિકટ બની ગઈ હતી. અમારી પાસે એક જ ખાસડા-હલેસું અને મારી સીસોટી એટલું જ માત્ર રહ્યું હતું.

સૌથી ખરાબ ફટકો તો અમને અમારાં કપડાં ગયાનો અને અમારાં માથાબાનાં ગુમાવવાનો પડ્યો હતો. મને દિલમાં ઊગી ગયું કે હવે અમારી લાંબી યાત્રાનો અંત પણ નજીકમાં હતો; એકાદ બે દિવસમાં યા તો આ લોકના કોઈ ટાપુ પર પહોંચીશું, અથવા તો પરલોકમાં.

કપડાં ગુમાવ્યા પહેલાં મારી ચામડીની બે ખાલ તો ઉખડી ગઈ હતી. હવે પાછી ત્રીજી નવી ખાલ આવતી હતી, અને એ નવી ચામડી ખૂબ બળતી હતી. મારી કમરનો બધો ભાગ તો જિંદગીમાં હવે પહેલી જ વાર ખુલ્લો થયો હોઈ હીંગળોક જેવો બની ગયો હતો. એ જ સ્થિતિ બીજા બેની હતી. પહેલાં જે કેર હાથમોં પર વરસ્યો હતો એ હવે આખે શરીરે વરસી રહ્યો હતો. મારા શરીરેથી તો એ ભુંજામણીના ડાઘ કદી નહિ જાય.

જોકે બબ્બે કલાકની ચોકીમાં અમે અમારા દિવસો વહેંચી

નાખ્યા હતા, તો પણ હું જાગતી આંખે બન્ને વખત સાવધ જ રહેતો. હવે મારી આંખ ખોટી પડવા લાગી; એટલે બધી જવાબદારી મારા સાથીદારને સોંપી દઇને હું મારે ફાળે પડતા ચોકીના બે કલાક માટે શક્તિસંચય કરવા વિશ્રાંતિ લેવા પડ્યો. ચોત્રીસમા દિવસની સવારે પહેલવહેલો જ હું આમ તરાપાના મોરા પર માથું ઢાળીને તડકામાં તરફડતો લાંબો પડ્યો હતો.

આશરે દશેક વાગ્યાનો શુમાર હશે. આકાશ સ્વચ્છ હતું અને તેમાંથી આસમાની જ્વાળા જેવો ઘામ ધખતો હતો. પવન શાંત હતો અને અમારો તરાપો દરિયાની મંદ પ્રલંબ લહેરો પર નાચતો રહી પંથ કાપી રહ્યો હતો.

એક મોજાની ટોચે અમારો તરાપો ચડ્યો અને એ પરથી તે નીચે સરકે તે પહેલાં, પોતાની ચોકી દરમ્યાન પહેલી જ વાર જીન બોલ્યો,



'અરે સરદાર! જુઓ તો પાંગે ધાન્યથી લચતું સુંદર ખેતર દેખાય!' મેં મારી નજર સુદ્ધાં ન ફેરવી. મને થયું કે તેના મગજનો કાબૂ હવે સાવ ગયો હતો.

બીજા એક મોજા પર તરાપો ચડ્યો, ત્યારે ફરી તે બોલ્યો, 'ખોટું નથી કહેતો, હોં સરદાર! મને દૂર કૈંક લીલુંલીલું દેખાય છે.' વખતે તેને કશુંક દેખાતું પણ હોય એમ મને થયું. મેં નજર દોડાવી, પણ સાગરની મસ્ત નાચકૂદ સિવાય કશું દૃષ્ટિગોચર ન થયું. ટૉનીએ પણ નજર તો દોડાવી જ હતી, પણ કશું બોલ્યો નહિ. મેં ઊભા થઇને જોવાનો પ્રયત્ન કર્યો, પણ તરત મને ખાતરી થઇ કે મારા બહેર મારતા જતા અને બંધાઇને કોકડું વળી ગએલા પગે મારાથી ઊભા રહી શકાય તેમ નહોતું. મને ટેકો દેવાનું મેં સાથીઓને કહ્યું.

અમે ત્રણે જણ અન્યોન્યને અઢેલીને ઊભા થયા. એમનો એકેક હાથ તરાપાની કિનાર પર ને બીજો હાથ મારી કમરે હતો, જ્યારે મારા બંને હાથ એમની ગરદને વીંટેલા હતા. તત્કાળ દક્ષિણ સમુદ્રની હરિયાળી દ્વીપશ્રેણીમાંનો એક ટાપુ મારી નજરે પડ્યો! ખોખરે અવાજે મેં આનંદ વ્યક્ત કરતી એક બૂમ પાડી અને જીનની ગરદન આસપાસ મારા હાથને વધુ જોરથી દબાવ્યો.

'દોસ્ત, તું બાજી જીતી ગયો!' મેં સોલ્લાસ જણાવ્યું.

હજુ ટાપુથી અમે દૂર હતા. નકશાના અભાવે એ કયો ટાપુ હતો તે કહી શકાય તેમ હતું નહિ. એ વસેલો હતો કે નિર્જન, અથવા તો મિત્ર તાબેનો હતો કે દુશ્મન તાબેનો તેની પણ અટકળ થઈ શકે તેમ નહોતું.

આખો દિવસ અમે હાથથી હલેસાં મારીમારીને સામે પવને નેવું ડિગ્રીને ખૂણે હંકાર્યાં કર્યું.

પણ એકાએક સ્થિર ગંભીર ગર્જનાનો ભયંકર અવાજ અમારે કાને પડ્યો. તરત હું પામી ગયો કે એ અવાજ તો પરવાળાના ખડક પર અફળાતા મોજાનો! ભયાનક મોતના ખ્યાલે મને કમકમાં આવ્યાં, કેમકે તીણા પરવાળાના ખડક પર અફળાવું એટલે શરીરની પેશીએ પેશીના છૂંદાનો જ અંજામ!

મોજાંઓના ક્રુદ્ધ પછડાટ સામે જેમજેમ એ ખડક અપ્રતિહત રહેતો હતો તેમતેમ મોજાંની ઊંચાઇ ને ઝડપ વધતાં જતાં હતાં. અને એનાં ટનબંધ પાણી ખડકને ભેદવામાં લાચાર નીવડતાં, એટલે ધુધવાટ કરતાં ઊંચે ચડતાં હતા. અમે જોએલું છેલ્લું મોજું ખડક પર ચડ્યું ત્યારે તેની ઊંચાઈ ત્રીસેક ફૂટની હશે.

અમે હવે ખડક નજીક ઘસડ ઈ પહોંચ્યા હતા. આગલા મોજાની કારવાઈ જોઇને મારી છાતી બેસી ગઈ હતી. હવેના મોજાના પછડાટ સાથે અમે ખડક પર અફળાઇએ તો અમારા ત્રણેનો અંજામ નિશ્ચિત હતો.

પણ મોજું એના પર પોતાના બેફામ જોરથી ભાંગી પડે તે પહેલાં જ અમારી હોડી તેની પીઠ પર સવાર થઇને ત્રીસેક ફૂટ ઊંચે ચડી અને ખડકની સાથે પછડાવાને બદલે અમે અદ્ધરોઅદ્ધર એ ખડક વટાવી ગયા! જો એમ ન થયું હોત તો એના પડખાની કોઇ ધાર પર અમે ચીરાઈ ગયા હોત અથવા તો એના નક્કર તળિયા સામે પછડાઇને છૂંદો થઇ ગયા હોત. પરંતુ એટલી ઊંચાઈએ વલોવાતું ને ધુધવાટ કરતું એ મોજું ફાટી પડે તે પહેલાં જ અમે છટકી ગયા હતા જોકે સાવ કોરા તો નહિ જ. મોજાએ તરાપાનો પાછલો ભાગ ઊંચકયો હતો એટલે એના પરથી સરકીને કિનારા તરફ ધકેલાવું એક રીતે સરળ છતાં બીજી રીતે ભયંકર બની ગયું હતું. ફીણોટા સાથે ધસતા પાણીનું જોર એટલું હતું કે અમે હવામાં અદ્ધર ઊછળી નીકળીને પાણીમાં પટકાયા હતા.

એ પછાડ પછી હું બેત્રણ વાર પાણીમાં ઊંધે માથે પટકાયો અને દરિયાની ભોં સાથે ઘસાયો એટલું જ મને સાંભરે છે. દરિયાનું તળિયું મને લાગેલું એ રેતી હતી કે ખડક તેનો યે મને કશો ખ્યાલ નથી. પણ મને ભાન આવ્યું ત્યારે મારી પીઠના વચ્ચેના ભાગમાંથી ચામડીનો એક લાંબો ટુકડો ઊતરડાઈ ગયો હોવાનું મને જણાયું. જીન અને ટૉનીની પણ એ જ દશા થઈ હતી. અને અમારા તરાપાનો તો લોચો વળી ગયો હતો.

અંતે એક અજાણ્યા ખડકાળ કિનારે અમે આવી લાગ્યા હતા. અમે ઊભા થવાનો પ્રયત્ન કરી જોયો, પણ ફોગટ. થાકથી અમને અંધારાં આવી જતાં હતાં અને અમારી આસપાસની દુનિયા જાણે ચકરડી ભમરડી ફરી રહી હતી. અને શ્વાસ માટે ઊંચાંનીચાં થતાં અમારાં પાંસળાં અને પડખાં પર, એ તીણી ખડકાળ જમીન સૂર્યથી દાઝેલાં અમારાં અંગમાં ભોંકાતી હતી એટલું જ યાદ છે. અર્ધ બેભાન એ દશામાં કાંઠા પર અમે પડ્યા રહ્યા.

મારામાં જ્યારે સ્વસ્થ બનીને પરિસ્થિતિનો તાગ લેવાના હોશ આવ્યા ત્યારે સૂરજ ડૂબવા આવ્યો હતો. અમે પડ્યા હતા ત્યાંથી થોડે જ દૂર કેટલાંક ઝૂંપડાં જણાયાં. ઘૂંટણભેર થવાનો પ્રયાસ કરતો હું બોલ્યો, 'જવાનો! કદાચ આ ટાપુ પર જ જાપાનીઓ આપણી રાહ જોઈ રહ્યા હોય!' અને પછી, એટલામાં તણાઈ આવેલા ત્રણ સોટા વીણી લઇને દરેકને એકેક આપતો હું બોલ્યો, 'જો એમ જ હોય, તો કોઇ અમેરિકન નાવિક બાંબોડિયા ભરતો તેમને ન દેખાવો જોઇએ. મર્દની માફક ખડે પગે આપણે કૂચ કરશું અને આપણને માત્ર ગોળીએ દઇને જ તેઓ નીચા પાડી શકશે.'

થોકડા જેવા તરાપામાં ચોત્રીસચોત્રીસ દિવસ ઠસાઇ રહીને



અમારાં અંગ એવાં તો અકડાઈ ગયાં હતાં કે અમે કોઈ પૂરા ઊભા રહી શકતા ન હતા. નેતરના એ મોઢાઓને આધારે, કળતે શરીરે અમે જેમતેમ ઊભા થયા. વચમાં હું અને અડખેપડખે ટૅાની ને જીને, એ રીતે છાતી કાઢીને દમામભેર અમારા સૌથી નજીકના ઝૂંપડા તરફ અમે ઊપડયા અને ત્યાં પહોંચીને અંદર પેઠા.

રાત્રે એ ઝૂંપડાની કશી તજવીજ કરવા જેટલી હામ અમારામાં નહોતી રહી. ઝૂંપડાની બહાર નાળિયેરીનું ઝુંડ હતું, એટલે નીચે કંઈ નાળિયેર પડયાં હોય તો તે લાવવાને જીન નીકળ્યો. પણ બહાર નીકળતી વખતે પવન એટલો સખ્ત વાતો હતો કે તે પોતાની જાત ન સંભાળી શકયો અને પડી જતાં તેના પગ પરવાળાથી છોલાઇ ગયા. નછૂટકે એ રાત્રે ભોજનનો વિચાર અમારે માંડી વાળવો પડયાં.

સવારે ઊઠીને અમે, રાતના પવને ઝૂંપડાને પહોંચાડેલી જફાની મરામત કરી રહ્યા હતાં ત્યાં કિનારાની બાજુએથી આવતો એક દેશી વતની અમને જણાયો. મેં મારી સીસોટી વડે કેટલાક લાંબા સાદ દીધા એટલે એ વિસ્મય પામતો દોડી આવ્યો.

અમે જમીન પર જ, જ્યાં ઝૂંપડાની મરામત કરવાની હતી ત્યાં જ, અઢેલીને બેઠા રહ્યા. પેલો દેશી આશ્ચર્યચકિત મુગ્ધ નજરે અમને તાકી રહ્યો અમે બધાએ ભૂખ્યા હોવાની સંજ્ઞા આપવા માટે મોં તરફ આંગળી ચીંધી બતાવી. અમારી લોથપોથ હાલત જોઇને જ અમારી દુર્દશાનો ખ્યાલ આવતાં તેને વખત ન લાગ્યો: એ નાળિયેરના ઝુંડમાં દોડી ગયો ને થોડી વારમાં કેટલુંક કોપરૂં લાવી મૂકયું.

અમે ખાતા હતા તે દરમિયાન એ દેશી વતનીએ અમને સંજ્ઞાથી સમજાવ્યું કે પોતે અમને કાંઇક મદદ કરવા ઇચ્છે છે. જરા હિંમત દેતાં,હસીને એણે મારી સીસોટી તરફ આંગળી ચીંધી હાથ લંબાવ્યો. મેં સીસોટી તેના હાથમાં મૂકી જે લઇને જોરથી વગાડતો એ નાળિયેરીના ઝૂંડમાં દોડી ગયો. અમે હવે નિરાંતભરી નજર એકબીજા તરફ નાખી. કંઈ નહિ તો આ દેશીઓ દુશ્મન તો નહોતા જ.

અરધાએક કલાકમાં તો અમારો પરિચિત દેશી એક નાની સરખી ટોળી લઇને પાછો ફર્યો. ટોળીમાં એક જણ નેતા જેવો દેખાતો હતો. એ ત્યાંનો રેસિડેન્ટ કમિશ્નર હતો. અમારાં શરીરનો રંગ ભુંજાઈ શેકાઈને એવો થઈ ગયો હતો કે ચામડી પરથી તો અમે ગોરા, કાળા, ઘઉંવર્ણા કે પીળા, કયા લોકો છીએ તે પરખાય તેમ નહોતું; પણ અમારી આંખોના રંગ પરથી એક દેશીએ વર્તી કાઢયું કે અમે ગોરા છીએ. અમે અમેરિકન હોવાનું જાણીને કમિશ્નર ખુશ થયો હોય તેમ લાગ્યું.

આસપાસના પરવાળાના અસંખ્ય ટાપુઓમાંથી માત્ર આ એક જ ટાપુ વસતિવાળો હતો, અને અમે તેના જ પર આવી પહોંચ્યા હતા તે કેવા નશીબદાર! અમે કઈ રીતે આ ભાગમાં આવ્યા? ચાલતા? તેણે પૂછ્યું. અમે દરિયામાં ખડક તરફ આંગળી ચીંધી. ને એ તો દિગ્મૂઢ બની ગયા! કોઈ આદમીનો જાયો આજ સુધી એ ખડક પર થઈને જીવતો કિનારે ઊતર્યો નહતો! ટાપુના આ કિનારે ચોકી માટે એક દીવાદાંડી પણ હતી, પરંતુ એ ખડકવાળી દિશા એટલી તો દુર્લંઘ ગણાતી કે ત્યાંથી કોઈ જીવતો આવી શકે તેમજ નહોતું. એટલે દુશ્મનો સામે ત્યાં ચોકી મૂકવામાં ટાપુવાસીઓ ખાસ ધ્યાન આપતા જ નહોતા. વળી અમારો રબરનો તરાપો બહુ નાનો હોઇને તેમનું ધ્યાન એ તરફ ન ખેંચાયું હોય એ સંભવિત છે.

હજી યે કમિશ્નરને ગળે તો અમારી વાત ઊતરતી જ નહોતી. પણ મેં સમજાવ્યું કે અમારો તરાપો તો હવા ભરેલો રબરનો હલકો ફૂલ હતો, તેથી ખડક પરથી ઊછળતા મોજા પર અદ્ધર ને અદ્ધર ફચકાઇને આ પડખે સરકી આવેલો. લાકડાની હોડી હોત તો ભુક્કા બોલી જાત! મારી આ વાત એ પહોળે મોંએ સાંભળી જ રહ્યો!

તરત તેણે પોતાના માણસોને હુકમ કર્યો, અને અમને નાનાં બચ્ચાંની માફક હળવેથી ઊંચકીને એ લોકો કમિશ્નરને મુકામે લઈ ગયા. જ્યાં અમને જોઇતો આરામ આપવામાં આવ્યો.

જીવનમરણનો છેલ્લો જંગ ખેલવાની જે આખરી તાકાત માણસના અંતરમાંથી ખેંચાઈ આવે છે એની બજવણી પૂરી થઇ ગઇ હતી; એટલે મુક્તિ પામ્યા પછી જ એ જંગની વાસ્તવિક ભયંકરતા અમને હવે સમજાવા માંડી. દિવસોના દિવસો સુધી અમારાં મગજ ગુમ જ રહ્યાં અને રાત્રે સૂતી વખતે પણ એવાં ભયાવહ સ્વપ્નાં આવતાં રહ્યાં કે જેની પાસે તરાપામાંનો અમારો પ્રત્યક્ષ અનુભવ પણ ગૌણ બની રહેતો. તરાપામાં બેઠેબેઠે કાઢેલા દિવસોથી અમારા પગ પણ એવા બેવડ વળી ગયા હતા કે એક અઠવાડિયા સુધી તો એ લાંબા પણ નહોતા થઈ શકયા.

આમ છતાં, ટૂંક વખતમાં થોડીઘણી નબળાઈ સિવાય અમે સાજાસારા બની ગયા હતા. અમારા ઉતરાણ પછીના સાત દિવસ રહીને એક અમેરિકન યુદ્ધજહાજે અમને ઊચકી લીધા અને અમારા જીવનદાતાઓ સાથે હસ્તધુનન કરી અમે ચાલી નીકળ્યા.

('Argosy' ઉપરથી) **અશોક હર્ષ**

Illustrations by Courtesy of 'U. S. A.', a Monthly issued by United State Office of War Information

નવાં પુસ્તકો

હિન્દુસ્તાનમાં પાકિસ્તાન: લેખક–મોહનલાલ શર્મા, પ્રકાશક: દ્વારકાદાસ ગોકળદાસ તન્ના, કરણપરા, રાજકોટ; ૦–૬–૦; **કૉલેજજીવન અને બીજી વાતો:** લેખક-પ્રકાશક–ગંગળદાસ ગિરધરલાલ મહેતા, મંગળ ભુવન, શીહોર, કાઠિયાવાડ, ૨–૮–૦; **સ્વતંત્ર ભારત:** લેખક–ડુંગરશી ધરમશી સંપટ, પ્રકાશક–નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ, ૬–૦–૦; **ભક્તિના ખેલ** (પૂર્વાર્ધ): લેખક-પ્રકાશક–જેઠાલાલ નાથાલાલ દવે, છોટાલાલ મિલ્સ, કલોલ (ઉ.ગુજરાત), ૪–૦–૦; **કૃષિ-ગો-વિદ્યા ભવન(આણંદ)**નો ત્રીજો વાર્ષિક અહેવાલ; **વિરાજ વહુ** (શરદ બાબુ પ્રણીત): અનુવાદક–મહાદેવ હરિભાઇ દેસાઈ (ચોથું મુદ્રણ) ૦–૧૦–૦; **જીવનના તહેવારો:** લેખક–દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (ચોથું મુદ્રણ) ૧–૦–૦; **ગાંધી-વિચાર-દોહન:** લેખક-કિશોરલાલ ઘ. મશરૂવાળા (ચોથું મુદ્રણ); **રચનાત્મક કાર્યક્રમ**-તેનું રહસ્ય અને સ્થાન: લેખક–ગાંધીજી, બીજી આવૃત્તિ, ૦–૨–૦; **રચનાત્મક કાર્યક્રમ** (કેટલીક સૂચનાઓ): લેખક–બાબુ રાજેન્દ્રપ્રસાદ, ૦–૩–૦; ઉપરનાં પાંચે પુસ્તકના પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, કાળુપુર અમદાવાદ. **ભીરુ સાથી** (નવલકથા) ખંડ ૧-૨: લેખક-પન્નાલાલ પટેલ,૪–૮–૦; **અપ્સરા** (નવલકથા) ખંડ–૧ લેખક–રમણલાલ દેસાઈ, ૩–૮–૦, બંનેના પ્રકાશક–આર. આર. શેઠની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨ **ભારતના સંતો:** (ભક્ત નરસિંહ, તુકારામ, રામદાસ સ્વામી, તુલસીદાસ, શ્રી ચૈતન્ય, સ્વામી વિવેકાનંદ) લેખક:–રસુલભાઈ ન. વહોરા, પ્રકાશક–પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા, ૧–૪–૦.

રસદર્શન

સાહિત્ય, કલા, કુદરત આદિના સંપર્કથી જીવનમાં લાધેલા જે રસાનુભવોએ પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવ્યો તેનાં સંસ્મરણો

[૨]

લેખક

ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

બાવીસ વર્ષની ઉમરે અજમેરના અનાસાગર સરોવરને કિનારે બેસીને સામેના લાલ પહાડો જોવાની, બાજુ પરના બગીચાની લહેર ભોગવવાની અને જહાંગીરની આરસની છત્રીનું સૌન્દર્ય નિહાળવાની જે ત્રિરંગી મોજ મેં ભોગવી એ હૃદયમાં જડાઇ ગઈ છે. ત્યાંથી ફોયસાગર સરોવર જઇને સાક્ષરવર્ય બલવન્તરાય ઠાકોરના ફોયસાગર' કાવ્યમાંની—

'શાન્તિ શાન્તિ ઝરમર ઝરી ગૈ ગળી વાદળી આ'

એ લીટી સાક્ષાત અનુભવી હતી. અને ત્યાંથી પછી પુષ્કરના પહાડોમાં થઇને જતાંઆવતાં રાજસ્થાનના પ્રતાપી ઇતિહાસના પ્રસંગોએ અંતરને ભરી દીધું હતું.

જયપુરની સમપ્રમાણ નગરરચના અને અજાયબઘર (સંગ્રહસ્થાન) વગેરે જોઇને ગલ્ટા નામની ટેકરી–જ્યાંથી એક ઝરણ નીકળી કુંડમાં પડે છે ત્યાં બેસીને કરેલું સ્નાન, જયપુરની હુન્નરશાળા–જ્યાં મીનાકારીનાં પિત્તળનાં ગૃહશણગારનાં વાસણ બને છે તે ખરીદનારના સુખ કરતાં પણ વધારે સુખથી જોએલાં તે, ત્યાંના રાજમહેલમાં આવેલા ગોવિન્દજીનાં હાથી દર્શન કરવા આવે છે તે જ વખતે મેં પણ દર્શન કરીને રાજાના વૈભવ કરતાં યે ભોગવેલો વધારે વૈભવ, નિમચ અને નસીરાબાદની છાવણીમાં ફરી ૧૦૦ માઈલની મરુભૂમિના શુષ્ક પ્રદેશમાં પગરસ્તાની મુસાફરી કરી આખરે દેવલી કૅમ્પમાં ત્રણ દિવસ રહેવાનું લીધેલું સુખ, અને ત્યાં બાર મહિનાના વિયોગ પછી એક પરમ પ્રિય મિત્રની સાથે 'નેક ચાલ' નામના સરોવરને કિનારે ચાંદનીમાં બેસી માણેલો આનંદ,–એ બધું એવું તો રસતૃપ્તિથી માણ્યું છે કે જે થોડાનાજ નશીબમાં હશે.

૨૩ વર્ષની ઉમરે મને કલકત્તા, કાશી અને પ્રયાગરાજ જોવાનું સૌભાગ્ય મળ્યું. કલકત્તા તો મહેલોનું શહેર ગણાય છે. ત્યાંના ચૌરંગી લત્તામાં એક બાજુ મહેલો અને સામી બાજુએ વિસ્તીર્ણ લીલું મેદાન છે. કંઈ પણ કામ વગર ત્યાં મેં અનેકવાર લટારો માર્યા કરી છે અને મેદાન નિરખ્યા કર્યું છે! ઊંચા ઑકટરલોનીના મિનારા પર ચડીને એ વિશાળ શહેર, ત્યાંની વિસ્તીર્ણ ગંગા નદી, બગીચા, તળાવો, ઘુમ્મટો, મંદિરો અને માનવ સમાજનાં વિહંગાવલોકન કર્યાં છે. ત્યારે કેટલા યે ગુજરાતીઓએ મારી એ ખાલી 'ટાંગાતોડ'ની મશ્કરીઓ કરી છે! દરિયો હજી મેં જોયો નહોતો, પણ કલકત્તાના આ માનવસાગરે તો મારી કલ્પનાશક્તિ પર જુલમ કર્યો હતો!

ત્યાંનો ઈડન ગાર્ડન ખરે જ નંદનવન જેવો છે. ત્યાં આવેલું બ્રહ્મદેશના ઘાટનું લાકડાનું મંદિર, વાંકીચૂંકી જલનહેર, લતાકુંજો અને વૃક્ષોની ઘટાઓ તથા રંગરંગીન ફૂલોની વચમાં, રાત પડતાં સુધી હું બૅન્ડ સાંભળ્યા જ કરતો. અને જીવન એટલું મધુરું લાગતું કે સંસારને અસાર કહેનારની સાથે હું લડતો.

અમારી સાતની ટોળીમાંથી કોઈ વિવેકાનંદના બેલુરમઠમાં ગએલું નહિ. હું એકલો ગએલો. 'સુજલામ્, સુફલામ્, મલયજ શીતલામ્' એવી હરિયાળી લીલીલીલી ઘાસ અને ભવ્ય વૃક્ષોથી શોભતી એ ભૂમિ જોતોજોતો રેલવે માર્ગે હું ત્યાં પહોંચ્યો.

મઠના ઓટલાને ગંગા નદીનાં પાણી પ્રક્ષાલે છે. તેનાં પગથિયાં પર પગ પલાળતા બેસીને વિશાળ ગંગામૈયા સાથે, જાણે એના ખોળામાં, વાતો કરતો હું બેઠો. દૂર હિમાલયનાં બરફનાં શિખરોની તેને ખબર પૃછવા લાગ્યો. પણ હવે તો એ બંગાળી સમુદ્રને મળવાની તૈયારીમાં હતી તેથી એનો ઉલ્લાસ માતો નહોતો. એ મને જવાબ શાની દે?

પાછા વળતાં એક નાનકડી હોડીમાં બેસીને ગંગાના ભરપૂર પટ પર, જાણે ચત્તાપાટ તરતાં તરતાં, ઉપર આકાશના ઘુમ્મટની પ્રગાઢ શાન્તિનું મેં પાન કર્યું હતું, અને ચોતરફ વિસ્તરી રહેલાં ગંગાજીનાં ઘેરાં જળમાંથી માથા પર વારંવાર પાણી નાખીને એ શાન્તિને મૂર્ત કરી હતી. બન્ને કિનારે પનિહારીઓ પાણી ભરતી અને સાયંકાળની આરતીના ઘંટ મંદિરોમાં વાગી રહ્યા હતા. એ ધન્ય અનુભવ હતો.

ઘેર જઇને મિત્રોને આ મારા દૈવી સુખની મેં વધામણી આપી અને એમના જીવ બાળ્યા.

ભાગીરથી (ગંગાજી), મેદાનો, વૃક્ષો, બગીચા વગેરેની નિવૃત્તિ ભોગવી વર્તમાનકાળની પ્રવૃત્તિ જોવા મારો જીવ તલસ્યો ને બીજે દિવસે 'ડેલહાઉસી સ્કેવર'ના રાજમાર્ગોની વચ્ચે પાકી ફરસબંધીના એક બાંકડા પર બેસીને 'જનતાજનાર્દન'નાં એના વિરાટ રૂપનાં મેં ધરાઇધરાઇને દર્શન કર્યાં. લોક લોક ને લોક. ટ્રામો દોડે; ઘોડાગાડીઓ ગડગડે. ચળકતા કાળા કોટ, સફેદ પાટલુન ને છત્રીઓ લઇને બાબુલોક પાન ચાવતા ચાવતા રોફબંધ ચાલી રહ્યા હોય! ભૂતકાળનાં ખંડેરો અથવા એક સમયના ગૌરવવન્તા પણ હાલ નિર્જન બનેલાં પાટનગરોની નિરાશા ત્યાં નહોતી; ત્યાં તો બધે ઉદ્યોગ, આશા, ઉત્સાહ અને ઉછળતાં જીવન હતાં. ભારતની રાજધાનીનું એ શહેર (તે વખતે) હતું.

રાજા રામમોહનરાય. દેવેન્દ્રનાથ ઠાકુર અને બંકિમચંદ્ર સગા સંસ્કારસ્વામીઓનું એ શહેર હતું. સિંહ જેવા સુરેન્દ્રબાબુ છટાદાર વકતૃત્વશક્તિથી ત્યાં ગર્જતા. 'અમૃત બઝાર પત્રિકા'ના શ્રી મોતીબાબુની તલવાર જેવી તેજીલી કલમનું ઉદ્ભવસ્થાન પણ એ જ.

કોઈવાર સાધારણ બ્રહ્મોસમાજમાં ને કોઇવાર કેશવચંદ્રસેનના નવવિધાનમંદિરમાં હું જતો. ત્યાં ગાનાર જણાતા નહિ, પણ અમૃત જેવું સંગીત જાણે આકાશમાંથી ટપકતું. બ્રહ્મોસમાજમાંથી બુદ્ધિસ્વાતંત્ર્ય અને નવવિધાન મંદિરમાંથી 'પ્રેમભક્તિ'ની દીક્ષા મને મળી.

કલકત્તામાં રહીને પ્રવૃત્તિનો આનંદ હું સમજ્યો. આપણાં રૂઢ થઈ ગએલાં ધર્મશાસ્ત્રો અને ત્યાગ તથા વિરાગની, ઉત્સાહને ભાંગી નાખતી માન્યતાઓને લીધે, ખરૂં સુખ નિવૃત્તિમાં છે એમ આજ સુધી ઠસાવવામાં આવેલું. તે માન્યતા Pleasures of Life ('સંસારમાં સુખ') નામના પુસ્તકના અભ્યાસથી કંઈક શિથિલ તો થઇ જ ગઈ હતી. તે કલકત્તામાં ૩-૪ મહિના રહ્યો તેથી નષ્ટ થઈ અને પ્રવૃત્તિમાં પણ સુખ છે એમ મને લાગવા માંડ્યું. પુરુષાર્થ, ઉત્સાહ, આશાવાદ, વર્તમાનમાંથી જ આનંદ મેળવવાની ટેવ, એવાએવા નવા ધર્મ મને ત્યાં સમજાયા, અને સંસાર અસાર નહિ પણ બહુ સાર વાળો છે એમ હું માનવા લાગ્યો.

કલકત્તામાં એ વખતે રવિવર્માનાં ચિત્રો ઉપરથી તૈયાર કરેલાં ટપાલનાં સચિત્ર કાર્ડ તથા કવરો મળવા માંડ્યાં હતાં. એની એકેએક છબિમાં હું રસ શોધી શકતો. મારી સ્ત્રી ઉપર શુક-રંભા, હંસ-દમયંતી અર્જુન-સુભદ્રા, શકુન્તલા-મેનકા, કાદંબરી ઈત્યાદિ છબિઓવાળા

કાગળો લખતો. સિવિલ ઑસ્પિટલમાં હું જ્યારે વૈદકનો અભ્યાસ કરતો ત્યારે 'Absence makes the heart grow fonder' એ નામનું એક અંગ્રેજ ચિત્રકારનું સુંદર ચિત્ર જોએલું. ત્યાં શિકારનાં, સૃષ્ટિસૌન્દર્યનાં તથા સાંસારિક સુખદુ:ખનાં આવાં ઘણાં સુંદર ચિત્રો દરદીઓના આનંદ માટે રાખવામાં આવેલાં. તે સૌમાં મને ઉપર્યુક્ત 'વિયોગથી હૃદય વધારે પ્રેમાળ બને છે' એ ચિત્રે બહુ અસર કરી હતી. કલકત્તાના સુખી વસવાટ દરમિયાન પણ વિજોગનું તીવ્રતર દુ:ખ હું અનુભવવા લાગ્યો. એનો ભાર ઓછો કરવા હું પેલી છબિઓવાળા કાગળો પસંદ કરીને મારી પત્ની પર મોકલતો.

એક બંગાળી ચિત્રકારનું 'ઉત્તરા-અભિમન્યુ'નું ચિત્ર બજારમાં વેચાતું હતું. ઉત્તરા-અભિમન્યુ વિષેનું સ્વ. નરસિંહરાવનું કાવ્ય મેં વાંચ્યું હતું એનો રસ અંતરમાં જાગૃત થતો. અને ઉપરાંત પ્રેમાનંદના

'રથ ખેડો તો પાડું મારા પ્રાણ રે, બાળા રાજા રે!'

એ ગીત પણ સાંભરતું.

કલકત્તાના નામચીન અને સમૃદ્ધ સંગ્રહસ્થાને તો મારા મનને રસ અને જ્ઞાનથી તરબતર કરી મૂક્યું છે. તેમાં સંઘરાએલાં દેશદેશનાં કલાકૌશલ્ય; પૃથ્વીની અજાયબીઓ, ખનીજસંપત્તિ અને ધન-ધાન્ય-વનસ્પતિ; પશુ, પંખી, પ્રાણી આદિ જીવસૃષ્ટિ; ભૂગોળ-ખગોળના વિરલ સંગ્રહો; ત્યાંનો બેનમૂન ગણાતો ચિત્રસંગ્રહ;— બધું વખત કાઢીકાઢીને ધીમેધીમે નીરાંતથી રસ પીતા જઇને મેં જોયું છે અને ભગવાનની લીલા પર તથા માનવ ચિત્તની મનોહર સૃષ્ટિ પર આફરીન પોકારી છે.

ત્યાંનો પ્રાણીબાગ, એનાં જળાશયો, ફૂલો, વાંકાચૂંકા રસ્તા અને ટેકરીઓથી તો શોભે જ છે; પણ પૃથ્વીની તમામ પ્રાણિસૃષ્ટિ ત્યાં વસતી જોઇને હૃદયે એક જાતની વિશાળતા અનુભવી. પ્રાચીન ઋષિઓ પહાડો કે નદીકિનારે કુદરતની લીલામાં તન્મય થઇ જેમ ધ્યાન કરવા બેસતા તેમ એ સંગ્રહસ્થાન અને પ્રાણીબાગમાંની ઇશ્વરની અદ્ભુત લીલાકૃતિઓ જોઇને વચ્ચે વચ્ચે હું આંખો મીંચીને ધ્યાન કરવા લાગી જતો. ત્યાં 'બર્ડ ઑવ પૅરૅડાઇઝ' (સ્વર્ગનું પંખી) નામનું એક સુન્દરતમ પંખી મેં જોયું. એ કોયલ કરતાં યે મીઠું બોલે છે. પોપટ, મોર, અને લાલભૂરા કાકાકૌઆઓના તમામ રંગો એના નાનકડા દેહમાં ભરીને એ બેઠું છે. ખોરાકમાં એ કેળાં, નારંગી, દાડમ ને ચીકુ જેવાં ઉત્તમ જ ફળ ખાય છે.

એવો જ સમૃદ્ધ, અને વનસ્પતિસંગ્રહની દૃષ્ટિએ દુનિયાભરમાં નામચીન એક 'બૉટૅનિકલ ગાર્ડન' કલકત્તામાં છે. આખા એશિયા ખંડમાંના આવા બાગોમાં એક કોલંબો (સીલોન)ના બાગથી જ આ બાગ બીજે નંબરે છે. વિશાળ ગંગાને કિનારે, ઊંચાંઊંચાં તાડ અને ખજૂરીઓની વચ્ચે ભૂરા આકાશની નીચે એ બાગ વિસ્તરેલો છે. કબીરવડ જેવો જ બીજો વિશાળકાય વડ ત્યાં છે. ઑસ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા, યુરોપ, ન્યૂ ઝીલાન્ડ વગેરે ખંડોમાંથી ચૂંટીચૂંટીને આણેલાં વૃક્ષો ત્યાં છે. પર્ણ અને પુષ્પોની વિવિધતા–વિભિન્નતાનો તો ત્યાં પાર નથી. એક લીલો રંગ પણ કેટલી તરાહો ધારણ કરે છે! અને ફૂલોના તો કેટલા અસંખ્યાત રંગો! ચોમેર રૂપરૂપના અંબાર છે. ડાળીઓના વળાંક ને ઘુમ્મટોની છટાઓ તો જોયા જ કરીએ! ખરેખર મને એ જોઇને તો એમ જ થયું કે પૃથ્વી શું આટલી બધી સુંદર છે?

અલ્લાહાબાદના ત્રિવેણી સંગમનું સ્નાન પણ જીવનનો એક ધન્ય લ્હાવ છે. જમના નદી પર થઇને વાજતેગાજતે યાત્રાળુઓ સંગમ પર આવે છે. ત્યાં દક્ષિણી ગૃહસ્થોને પોતાના ગૃહિણીઓ સાથે છેડા ગાંઠીગાંઠીને સ્નાન કરતા જોઇ મારા મનમાં એક પ્રકારની સાત્ત્વિક અદેખાઈ આવી! માન્યતા એવી છે કે અહીં વરવહુ છેડા ગાંઠીને સ્નાન કરે તો અનંત કાળ એ બે જીવો જોડાએલા જ રહે. મૃત્યુ પણ એમનો વિયોગ ન કરાવી શકે. ત્યાં જ મેં સંકલ્પ કર્યો કે એક દિવસ હું પણ પત્નીને આ સ્થળે યાત્રાએ લાવીશ. છેડા ગાંઠીને નહાવાનો તો માત્ર બાહ્ય વિધિ છે. અને તે પછી બાવીસ વર્ષે એ સંકલ્પ ફળ્યો, જ્યારે ગોકુળ, મથુરા, વૃન્દાવન, દિલ્હી, આગ્રા, હરદ્વાર, હૃષિકેશ ને લક્ષ્મણ ઝૂલા થઇને કાશી–અલ્લાહાબાદની મેં સજોડે યાત્રા કરી.

પહેલી કાશીયાત્રા તો ગંગાઘાટ, અન્નપૂર્ણા, હરિશ્ચન્દ્રના મણિકર્ણિકાઘાટ વગેરેથી પૂરી થઈ. પણ ગંગાકાંઠા પરની ઔરંગઝેબની મસ્જિદના મિનારા પરથી ત્યાંનું સૃષ્ટિસૌન્દર્ય જોઇને જે સંતોષ મેં મેળવ્યો છે એવો તો કોઈ મંદિરમાંથી મને મળ્યો નથી. અત્યંત મનોહર એ સંધ્યા હતી. સૂર્યાસ્તના ભવ્ય રંગોએ આકાશ અને ગંગાજીનાં પાણીને ભરી દીધાં હતાં. ઔરંગઝેબની મસ્જિદના ટોડા ઉપરથી એક તરફ પથરાએલું આખું કાશી અને બીજી બાજુ ગંગાજીનો વિશાળ પટવિસ્તાર હું જોઈ શકતો હતો. રંગો ક્ષણેક્ષણે બદલાઇને અદ્ભુત રમણીયતા ધારણ કરતા હતા. ગંગાજળ જાણે દેવતાઈ બન્યાં હતાં. એવામાં હજારો મંદિરોમાંથી એકસામટા આરતીના ઘંટારવ વાગવા માંડ્યા અને રૂપસૃષ્ટિમાં નાદસૃષ્ટિનું અલૌકિક મિલન થયું!

૨૪ વર્ષની ઉંમરે, મારા નવા થનારા દવાખાનાનો સામાન લેવા, અને પ્રદર્શન તથા કૉંગ્રેસ જોવાને નિમિત્તે હું પહેલવહેલો મુંબાઈ ગયો અને ત્યાં સમુદ્રના પ્રથમ દર્શને મને ઉન્મત્ત કરી દીધો. ચોપાટી પર એક કોકિલકંઠી દક્ષિણી બાઈ હારમોનિયમ સાથે

'ધીરે ધીરે! યમુનાને તીરે'

ગાતી હતી. ત્યાં યમુના રૂપી આ સંસારને તીરે, ધીરે ધીરે ચાલીને આપણી સામે આવતા સમુદ્ર રૂપી શ્રીકૃષ્ણને જાણે મેં જોયા. વાલકેશ્વર પર સરસ્વતીચંદ્રના પિતા લક્ષ્મીનંદનનો બંગલો હું કલ્પનાથી શોધવા લાગ્યો. ચર્નીરોડ સ્ટેશન પાસેના દરિયામાં તરતી કઈ હોડીમાં બેસીને સરસ્વતીચંદ્ર ચાલ્યો ગયો હશે તેના હું તરંગો કરતો અને ગોવર્ધનરામના કવિત્વને ઘડવામાં અલબેલી મુંબાઈનગરીએ કેટલો બધો ફાળો આપ્યો હશે તે જોતો.

ઍપૉલો બંદર પરની માનવ મેદનીને અને સાંજની ભરતી સમયે ઉછળતા દરિયાને જોતાં હું ધરાતો જ નહિ. એમાં ચોપાટી પરના એક પૂર્ણિમાની રાત્રિ તો અદ્ભુત બની ગઈ. સમુદ્ર ઘૂઘવી રહ્યો હતો. માદક પવન વાતો હતો. અને ત્યાં સ્વ. 'કાન્ત'નું

આજ મહારાજ! જળ પર ઉદય જોઇને
ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે.

પેટ ભરીભરીને ગાયું હતું. પછી તો સાગરદર્શન માટે હૅંગિંગ ગાર્ડન પર એક એકાન્ત જગ્યા મેં શોધી કાઢી. એ વાતને આજે ૩૬ વર્ષ થયાં, પણ ત્યારથી જ્યારેજ્યારે હું મુંબાઈ જાઉં છું ત્યારેત્યારે લગભગ તે જ જગ્યાએથી સાગરરાજનાં દર્શન કરું છું અને પાવન થાઉં છું!

ત્યારે સ્ટીમ લૉંચમાં બેસવાના મારી પાસે પૈસા નહોતા, એટલે ત્રણત્રણ આનાં આપીને, અમદાવાદના મારા જેવા મુફલિસો સાથે હોડીઓમાં બેસીને હું એલીફન્ટા(ઘારાપુરી)ની ગુફાએ ગએલો. પણ તે વખતના નૌકાવિહારથી જે સુખ મળ્યું છે તે 'ન ભૂતો ન ભવિષ્યતિ' બની ગયું છે. એલિફન્ટાની ગુફામાંના શિવનું સ્વરૂપ તે વખતે તો હું સમજ્યો નહોતો, પણ એ મૂર્તિ તે વખતની મારા હૃદયમાં તો અંકાઈ જ ગઈ. [ચાલુ]

માધુકરી



વાસુકાકા

'Dear Vasu Kaka,

Of course I feel honoured to have your name on my list. I know your energy is superior to mine and love of the country as great..... Will you give me the exact details of your diet? Yours Bapu.'

૧૯૪૦ના નવેમ્બર મહિનામાં મહાત્મા ગાંધીજીએ યુદ્ધનો વિરોધ કરવા માટે વૈયક્તિક સત્યાગ્રહ કરવાની ઘોષણા કરી ત્યારે ૮૬ વરસના એક જુવાન બુઢ્ઢાએ એમાં ભરતી થવા માટે પોતાનું નામ નોંધાવ્યું હતું, અને મહાત્મા ગાંધીજીએ એનો જવાબ ઉપર પ્રમાણે આપ્યો હતો. ૮૬ વરસની ઉંમરે સત્યાગ્રહ કરીને જેલ જવાની મુરાદ ધરાવનાર એ બુઢ્ઢાનું નામ તો વાસુદેવ ગણેશ જોશી; પણ બધા લોકો એમને 'વાસુકાકા'ના નામથી જ ઓળખતા હતા.

વાસુકાકાનો જન્મ ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધની પહેલાં ત્રણ વર્ષ એટલે ૧૮૫૪ના એપ્રિલની ૨૮મીએ, વૈશાખ શુદ પ્રતિપદાએ, મહારાષ્ટ્રમાં વાઈ નામના તીર્થક્ષેત્ર આગળ, કૃષ્ણા નદીને કિનારે 'ધોમ' નામે ગામડામાં થયો હતો. એ વખતે ધોમમાં 'બાપુ' નામના એક વિરક્ત સાધુ પુરુષ રહેતા હતા. તેમના વિચાર અને વર્તનની છાપ વાસુકાકા પર એટલી બધી પડી હતી કે તેમનો ઉલ્લેખ તે અંત સુધી સન્માનપૂર્વક કરતા. ધાર્મિક વૃત્તિ, ગમે તે શારીરિક કષ્ટ કરવાની તૈયારી, ખડતલપણું વગેરે ગુણો તેમને 'બાપુ' પાસેથી મળેલા. નાનપણમાં ધોમમાં થોડી પ્રાથમિક કેળવણી લઇને ૧૪ વરસની ઉંમરે તે પૂના આવ્યા. પોતાને ઘેર ખેતીવાડી હોવાથી, પૂનામાં પાંચ છ ચોપડી અંગ્રેજીની પુરી કરીને એન્જીનીઅરિંગ કૉલેજના ઍગ્રીકલ્ચરલ ક્લાસમાં દાખલ થયા. પરંતુ ખેતીવાડી કરવાની તેમના દિલમાં તીવ્ર લાલસા હોવા છતાં એ કામને માટે તેમનો જન્મ થયો ન હતો એમ લાગે છે; કેમકે એ વખતે તે વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરના સહવાસમાં આવ્યા. અને વિષ્ણુશાસ્ત્રીના કહેવાથી તેમણે ખેતીવાડીના વર્ગમાં જવાનું છોડી દીધું.


વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરને માટે અહીં કંઈક કહેવું જોઇએ. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતવર્ષમાં જે કેટલાક પ્રખર દેશ-

બુઝાઈ ગયો દીપ ! . . . . .
તથૈવ થાશે લય જિંદગીનો
સમગ્ર કો જીવનશક્તિ અર્ક શું
ખૂટી જતાં તેલ જ, આત્મદીપને
આજન્મ સ્નેહતો અંત લગી બનાવતાં.

પરંતુ સંપૂર્ણતયા સ્વશક્તિનો
કર્યાં પછી સૌ ઉપયોગ જીવને,
એથી વધુ સાર્થ હશે શું તેલને ?
એ મૃત્યુનો યે પછી શોક શાને ? —મુકુન્દરાય પંડ્યા

ભક્તો થઇ ગયા એમાં વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરનું નામ પ્રથમ પંક્તિમાં મૂકવું જોઇએ. ૩૨ વરસની ભર જુવાનીમાં તેમનું દેહાવસાન થયું, પણ એટલી ટૂંકી આવરદામાં તેમણે મહારાષ્ટ્રમાં સ્વાધીનતાની જ્યોત પ્રગટાવી દીધી. લોકમાન્ય ટિળક પણ એમને ગુરુસ્થાને માનતા હતા. મહારાષ્ટ્રના વાઙ્મય-ઇતિહાસમાં એમની 'નિબંધમાળા'નું સ્થાન હજી પણ અજોડ છે. 'નિબંધમાળા' નામના માસિકના તેમણે ૮૪ અંક પ્રગટ કર્યાં હતા. 'આપણા દેશની સ્થિતિ' નામનો તેમનો સુપ્રસિદ્ધ તેજસ્વી નિબંધ એ નિબંધમાળા માસિકમાં જ કટકે કટકે પ્રગટ થયો હતો. એ એટલો બધો યથાતથ્ય હતો કે સરકારે જપ્ત કરેલો એ ચિપળૂણકરે જ 'ચિત્રશાળા', 'કિતાબખાનું', 'કેસરી' વગેરેની સ્થાપના કરી હતી. પૂનાની વિખ્યાત અને પ્રથમ રાષ્ટ્રીય શાળા 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ'ના પણ પ્રથમ સ્થાપક એ જ.

આવા પ્રખર દેશભક્તના સહવાસમાં વાસુકાકા તેમની ઊગતી જુવાનીમાં જ આવ્યા. વિષ્ણુશાસ્ત્રીએ તેમને પોતાના 'ચિત્રશાળા પ્રેસ' અને 'કિતાબખાના'ની વ્યવસ્થા સોંપી. એ વખતે તેમાં માત્ર લીથોનું એક નાનકડું મશિન જ હતું. રાતદિવસ પરિશ્રમ કરીને વાસુકાકાએ ચિત્રશાળાનો ખૂબ વિકાસ કર્યો. અત્યારે મહારાષ્ટ્રભરમાં એ સૌથી મોટું છાપખાનું ગણાય છે. એમાં પ્રગટ થએલાં ચિત્રો ને પુસ્તકો મહારાષ્ટ્રના ગામડેગામડે લોકપ્રિય થઈ પડ્યાં છે.



ઈ. ૧૮૮૦થી ૧૯૨૦ સુધી વાસુકાકા લોકમાન્ય ટિળકના સહવાસમાં હતા. શરૂઆતમાં અનેક વરસો સુધી 'કેસરી'ના તે શાહુકાર હતા. 'કેસરી'ના લવાજમના પૈસા ચિત્રશાળામાં ભરવામાં આવતા અને 'કેસરી'ને માટે જોઈતા પૈસા વાસુકાકા આપતા હતા. વાસુકાકા અને ટિળક સમવયસ્ક હતા. બંનેને પરમ સ્નેહ હતો. ઘણા લોકો તેમને ટિળકના અનુયાયી તરીકે ઓળખાવે છે, પણ એ બરાબર નથી. ટિળકના તે દોસ્ત ને સલાહકાર હતા. ટિળકને વાસુકાકા અનેકરીતે ઉપયોગમાં આવતા હતા. પડદા પાછળ રહીને સૂત્રસંચાલન કરવામાં વાસુકાકા એક્કા હતા. પૂનામાં તેમને બધા પક્ષના લોકો સાથે દોસ્તી હતી. એ વખતે પૂનામાં સામાજિક પ્રશ્નોને અંગે તીવ્ર મતભેદો ઊભા થયા હતા. લોકમાન્ય રાજકીય દૃષ્ટિએ જહાલ–ઉદ્દામ–હોય, તોપણ સામાજિક બાબતોમાં તે ઘણી વાર પુરાતનવાદી બની જતા હતા. તેમના આ દોષનો તેમના વિરોધીઓ, સમાજસુધારકો ને વિનીતો ફાયદો ઉઠાવતા હતા. પણ એ બંને પક્ષના લોકો વચ્ચે વાસુકાકા સાંધા જેવા હતા. વાસુકાકાનું પોતાનું વલણ સુધારા તરફ હતું તોપણ તે 'સુધારક પંથ'માં ભળ્યા ન હતા. આગેવાની મેળવવાની પહેલેથી જ લાલસા ન હોવાથી આગેવાનોને નડતી મુશ્કેલીઓથી તે મુક્ત હતા અને અનેક પક્ષના લોકોની સાથે મૈત્રી કેળવી શકતા હતા.

ગયાં સાઠ-પોણોસો વરસમાં મહારાષ્ટ્રમાં થએલી અનેક હીલચાલો તેમણે નજરે નિહાળી હતી; અનેક તોફાનોમાં તેમણે ભાગ લીધો હતો,—પણ પડદા પાછળ રહીને જ. ઈ. ૧૮૯૧માં પૂનામાં કેટલાક આગેવાનોએ ખ્રિસ્તી મિશનરીઓને ત્યાં જાહેરરીતે ચહાપાન કર્યું હતું, એટલે શંકરાચાર્યે તેમને પ્રાયશ્ચિત્તની સજા ફરમાવી હતી. એમાં ન્યાયમૂર્તિ રાનડે, ભારતસેવક ગોખલે, લોકમાન્ય ટિળક વગેરે લોકોની સાથે વસુકાકા પણ હતા. તેમને ચાન્દ્રાયણ વ્રત કરવાનું ફરમાવવામાં આવ્યું હતું. પણ તેમણે તેનો ઇન્કાર કર્યો.

૧૮૯૨માં 'સંમતિ વય'ના કાયદાનો વિરોધ કરવા માટે પૂનાના ક્રીડાભુવનમાં એક સભા મળી હતી. એમાં સનાતની અને સુધારકો વચ્ચે મારામારી થઈ. પાંચ આગેવાનોને પોલીસે પકડ્યા એમાં પણ વાસુકાકા હતા. ૧૮૯૪માં વડોદરાના બાપટ પ્રકરણમાં પણ વાસુકાકાને પૂના–વડોદરા વચ્ચે આંટાફેરા ખાવા પડેલા. ૧૮૯૫માં પૂનામાં કૉંગ્રેસનું અધિવેશન સુરેન્દ્રનાથ બૅનર્જીના પ્રમુખસ્થાને ભરાયું ત્યારે તેની સફળતાનો આધાર વાસુકાકા અને લો૦ ટિળક પર જ હતો. તે માટે એ જમાનામાં એ બે જણાએ દસ હજાર રૂપિયા ભેગા કર્યા હતા. ઈ. ૧૮૯૬માં પૂનામાં દુકાળ પડ્યો ત્યારે લોકોને રાહત આપવાના કામમાં વાસુકાકા મોખરે હતા. ૧૮૯૬માં લો૦ ટિળક પર કેસ ચાલ્યો ત્યારે પણ વાસુકાકાને ખૂબ જહેમત ઉઠાવવી પડી. ૧૮૯૭ના પ્લેગ વખતે હિન્દુ પ્લેગ કમિટીના સેક્રેટરી વાસુકાકા હતા. કેટલી યે વાર મધરાતે તેમણે શબ ઊંચકી જવામાં મદદ કરી હતી. ૧૮૯૮માં તે મદ્રાસ કૉંગ્રેસ વખતે લો૦ ટિળકની સાથે રામેશ્વર અને સિલોન જઇ આવ્યા. બીજે વરસે સર્કસવાળા છત્રેની સાથે વાસુકાકા બ્રહ્મદેશમાં જઇ આવ્યા. એ વખતે પણ લો૦ ટિળક તેમની સાથે હતા.

ત્યાર પછી ૧૯૦૧માં તાઈ મહારાજ પ્રકરણમાં લો૦ ટિળકને સજા થયા બાદ વાસુકાકા સર્કસવાળા છત્રેની સાથે ચીન તથા જાપાન ગયા. ચીનની ડૉવેજર (વિધવા) રાણીએ સર્કસને ત્રીસ હજાર રૂપિયા આપ્યા. વાસુકાકાએ રાણીસાહેબને એક સારો ગજનો હાથી નજરાણામાં આપ્યો! જાપાનમાં સ્વામી રામતીર્થની સાથે તેમને પરિચય થયો. રામતીર્થ વાસુકાકાને પોતાના આધ્યાત્મિક ગુરુ સમાન ગણવા માંડ્યા. જાપાનમાંથી વાસુકાકા અમેરિકા ઊપડ્યા. ત્યાં સ્વામી રામતીર્થનાં છ વ્યાખ્યાનોનું એક પુસ્તક તેમણે પ્રગટ કર્યું અને એ પુસ્તક લાહોર, કલકત્તા, લખનૌ, મદ્રાસ, પૂના, ન્યૂયૉર્ક, શિકાગો, સાન્ફ્રાન્સિસ્કો વગેરે મોટાં મોટાં શહેરોમાં વેચાતુ મળે એવી ગોઠવણ કરી. અમેરિકાના લશ્કરમાં હિંદી નવજુવાનોને પ્રવેશ મેળવી આપવા માટે પણ તેમણે ઘણો પ્રયત્ન કર્યો હતો. ત્યાં તે એક ખેડૂતને ત્યાં ઊતર્યા હતા અને અમેરિકાના ખેડૂતો ખેતી કેવીરીતે કરે છે એનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું હતું. ત્યાંથી પાછા આવ્યા પછી કૃષ્ણાજી પંત ખાડિલકરની સાથે વાસુકાકા થોડાક મહિના સુધી નેપાળમાં જઇને રહ્યા ને ત્યાં પણ અનેક જાતનો ઉદ્યોગ કર્યો. પછી ૧૯૧૯માં લો૦ ટિળકની સાથે વાસુકાકા ઈંગ્લંડ ગયા એ તેમની પાશ્ચાત્ય દેશની છેલ્લી સફર હતી.

આમ, જીવનના પૂર્વાર્ધમાં વાસુકાકાએ લગભગ પોણી દુનિયા જોઈ કાઢી હતી. એ દરમિયાન ચિત્રશાળાની પણ ધીમેધીમે પ્રગતિ થતી હતી. છાપખાનાને લગતું દરેક જાતનું કામ ચિત્રશાળામાં થવું જોઇએ, એવો તેમનો સિદ્ધાન્ત હતો. બ્લૉકનું કામ શીખવા તેમણે પોતાના પુત્ર રામભાઉને ૧૯૦૧–૨માં વિલાયત મોકલ્યો હતો. એ શીખીને આવ્યા પછી ૧૯૧૦માં 'ચિત્રમય જગત' પત્રની શરૂઆત થઇ. એ વખતે આટલાં બધાં ચિત્રો આપનારું એ એક જ માસિક હતું. એ અંગ્રેજી, મરાઠી, હિન્દી અને ગુજરાતી એમ ચાર ભાષામાં કાઢવાનો તેમનો મૂળ ઈરાદો હતો. તેમાં અંગ્રેજીની ગોઠવણ થઈ શકી નહિ એટલે એ રહી ગયું; પણ હિન્દી, મરાઠી ને ગુજરાતી ભાષામાં તેમણે શરૂઆત કરી. પંદરેક વરસ પછી હિન્દી આવૃત્તિ બંધ પડી. મરાઠી અને ગુજરાતી 'ચિત્રમય જગત' હજી ચાલે છે.

વાસુકાકાને જીવનની બધી યે બાબતોમાં રસ હતો. પણ સામાજિક, રાજકીય, ધાર્મિક કે સાહિત્યિક દરેક જાતની હીલચાલમાં તે હમેશાં પડદા પાછળ જ રહીને ભાગ લેતા હતા. એને લીધે મહારાષ્ટ્રના જ નહિ, પણ સમગ્ર હિન્દના અનેક આગેવાનો જોડે તેમને સ્નેહસંબંધ થયો હતો. લો૦ ટિળક, હરિભાઉ આપ્ટે, નામદાર ગોખલે, પરાંજપે, દામલે, ખાડિલકર, ડૉ. નાનાસાહેબ દેશમુખ, દાજીસાહેબ ખરે, ડૉ૦ મુંજે, નામદાર અણ્ણે, ગંગાધરરાવ દેશપાંડે, ચક્રવર્તી રાજગોપાલાચાર્ય, સુબ્રહ્મણ્યમ અય્યર, ગંગાપ્રસાદ વર્મા, પંડિત માલવીયજી, મોતીલાલ ઘોષ, લાલા લજપતરાય, સર વી.પી. માધવરાવ, વિજયરાઘવાચારીઅર વગેરે અનેકવિધ લોકોની સાથે તેમને પરિચય અને સ્નેહસંબંધ હતો. કૉંગ્રેસમાં મહાત્મા ગાંધીજીના આગમન પછી વાસુકાકા ગાંધીજીના અનન્ય ભક્ત બની ગયા. સત્યાગ્રહ ને ખાદી પર તેમને ભારે ઇતબાર હતો. મૂળશી પેઠાના સત્યાગ્રહમાં અને ૧૯૩૨ના સત્યાગ્રહની લડતમાં તેમણે ભાગ લીધો હતો. એ વખતે તેમની વય ૭૫ વરસની હતી, તો પણ જેલમાં તે પોતાનું બધું કામ જાતે જ કરતા હતા. પૂર્વાવસ્થામાં જોએલા દેશો ને પ્રજાઓનું તે ઘણી વાર રસિક અને હૂબહૂ વર્ણન આપતા. એમને એટલા બધા વિષયોનું અને એટલું બધું વ્યાવહારિક જ્ઞાન હતું કે સાંભળનારને પોતાના અજ્ઞાનનું ભાન થયા વિના રહેતું નહિ. એમની સાથેનો વાર્તાલાપ કોઈ પુરાણપુરુષના પ્રવચન જેવો બની રહેતો. ઇ. ૧૯૪૦માં ૮૬ વરસની ઉંમરે પણ તેમણે ગાંધીજી આગળ સત્યાગ્રહની લડતમાં જોડાવાની પરવાનગી માગી હતી, એ તેમના ઉત્કટ દેશાભિમાનનો સચોટ પુરાવો છે.

તંદુરસ્તીની બાબતમાં વાસુકાકા બહુ જ નસીબદાર હતા. ૯૦

વરસની દીર્ઘ જિંદગીમાં તે ભાગ્યે જ એકાદ વખત માંદા પડ્યા હશે. છેલ્લાં ૫૦ વરસથી તે પરોઢિયે ત્રણ વાગ્યે ઊઠીને ફર્ગ્યુસન કૉલેજની ટેકરી પર ફરવાં જતા અને ઉપર ગયા પછી દોડતા પણ ખરા. રોજ ૬–૭ માઇલ ફરવા જતા દૂધ, ફળ ને શાકભાજી એ તેમનો મુખ્ય આહાર હતો. વઘારેલા પદાર્થો કે મીઠુંમસાલો તેમને વર્જ્ય હતા. ગાયનું દૂધ પીવાનો ઉપદેશ તે બધાને કરતા. રોજ માત્ર ૪–૫ કલાક ઊંઘતા. રાત્રે નવ-સાડા નવ વાગ્યે સૂઈ જતા તે બરાબર ત્રણે ઊઠતા. ઊઠીને તરત ફરવા જતા. ચોમાસું હોય તો પણ છત્રી વાપરતા નહિ. ખુલ્લે શરીરે–એકલું પંચિયું પહેરીને–પરોઢિયે ત્રણ વાગ્યે, વરસતા વરસાદમાં ફરવા જવું એ કંઈ આસાન વાત નથી, પણ અનેક વરસો–લગભગ ૫૦ વરસ–થી વાસુકાકાનો આ ક્રમ અવિરતપણે ચાલ્યા કરતો હતો. એવી જ રીતે તડકામાં પણ તે ફરતા હતા. ટાઢ, તડકો કે વરસાદ એ ત્રણ મહાભૂતોમાંથી એકે તેમને સતાવી શક્યું નહિ. તેમનું મૃત્યુ પણ વાર્ધક્યને જ કારણે નીપજ્યું કોઇપણ રોગ તેમના ખડતલ શરીરમાં પ્રવેશ કરી શક્યો નહિ. वासांसि जीर्णानि यथा विहाय એ ગીતાવાક્ય પ્રમાણે તેમણે જીર્ણ શરીરનો ત્યાગ કર્યો. ઝાડ પરથી પાકું પાન ખરી પડે એટલી આસાનીથી તે દેહ ત્યાગીને ચાલ્યાં ગયા. છેલ્લી ઘડી સુધી તેમની સ્મરણશક્તિ, બુદ્ધિ, બધી ઇંદ્રિયો ને તેનાં ગુણધર્મો જાગૃત હતાં. છેલ્લે દિવસે પણ તેમણે ચિત્રશાળાની ટપાલ પોતાને હાથે જોઇ હતી અને અખબારો વાંચ્યાં હતાં.

૯૦ વરસના એ વાસુકાકા મહારાષ્ટ્રનાં ગયાં ૬૦-૭૦ વરસના જીવતાંજાગતા ઇતિહાસ જેવા પુરાણ પુરુષ હતા. દેશને માટે કંઈક કરી જવાની ધગશ તેમના દિલમાં પહેલેથી જ હતી. વિષ્ણુશાસ્ત્રીના સહવાસે એને પ્રખર બનાવી, ટિળક જેવાના સાહચર્યથી એ સફળ બની અને વાસુકાકા ૯૦ વરસની ઉંમરે મરવાં છતાં પોતાની સુવાસ કાયમને માટે મૂકતા ગયા.

આવા મહર્ષિના સ્મરણને વંદન હો.— ડૉ. સાકરલાલ યાજ્ઞિક

વીજળીનો આંચકો લાગવો અને દાઝવું

જેમાંથી વીજળી પસાર થાય તેવા ખુલ્લા તારને જાણ્યે અથવા અજાણ્યે અડકી જવાથી વીજળીનો આંચકો લાગે છે. આ આંચકો, પ્રવાહ અને તેના બળ ઉપર તેમજ આંચકો લાગનારના શારીરિક બંધારણ ઉપર વધતાઓછા પ્રમાણમાં લાગે છે. કેટલીક વાર આંચકો લાગનાર માણસ ચોંટી જાય છે, અને કેટલીક વાર ધક્કો લાગવાથી પડી જાય છે. આ પ્રમાણે ધક્કાથી પડનાર માણસને ઘણીવાર વીજળીના આંચકાની અસર કરતાં શારીરિક ઇજા વધુ પ્રમાણમાં થાય છે. ચોંટેલો માણસ પોતાની જાતે છૂટવાનો પ્રયત્ન કરવા છતાં ઘણે ભાગે છૂટી શકતો નથી.

એ આંચકાનો અનુભવ તો જેને થયો હોય તે જ કલ્પી શકે. વીજળીનો સ્પર્શ થતાંની સાથે જ શરીરમાં ત્વરિત ઝણઝણાટી પેદા થઇ નસો વગેરે ખેંચાવા લાગે છે અને તીવ્ર વેદના ત્વરિત વેગે સહન કરવી પડે છે. વીજળીના સંપર્કમાં આવનાર ભાગ કેટલીક વેળા દાઝી જાય છે અને કવચિત બળી જાય છે. વીજળીની આ ત્વરિત અસરને લીધે ભોગ બનનાર વ્યક્તિને જોરથી ચીસ પાડવાની તક પણ ભાગ્યે જ મળે છે. તે એકદમ જમીન પર પડી જાય છે; બેભાન પણ થઈ જાય છે અને ઘણી વખત તો તેની શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ પડી જાય છે.

આંચકો લાગનાર વ્યક્તિને જે તાર અથવા ભાગ સાથે ચોંટેલી તમે જુઓ તે તાર અથવા ભાગમાં વીજળી ચાલુ જ છે એમ માની લઇને જ તમારું કામ શરૂ કરજો. આંચકો લાગનાર માણસ જો કોઈ પણ ધાતુના સંપર્કમાં હોય તો વીજળી સાથેનો તેનો તેમજ તે ધાતુનો સંપર્ક તૂટી ગયો છે તેવું કદી પણ માનશો યા ધારી લેશો નહિ. વીજળી તેમાં ચાલુ હોવાથી તેને અડકવા જતાં તમને પણ શૉક લાગીને તેના જેવી જ દશામાં ફસાઈ જવાનો ભય રહેલો છે. બેદરકારીથી આ પ્રમાણે અડવાથી ઘણી વખત અકસ્માતમાં વધારો જ થાય છે. આમ, વીજળીનો આંચકો લાગીને થતા અકસ્માતના બે ભાગ પાડી શકાય: (૧) વીજળીનો આંચકો લાગ્યા પછી પણ ભોગ બનનાર વ્યક્તિ વીજળીના સંપર્કમાં ચાલુ હોય તેવા; (૨) વીજળીનો આંચકો લાગ્યા પછી ભોગ બનનાર વ્યક્તિ વીજળીના સંપર્કથી છૂટી પડી ગઈ હોય તેવા.

ભોગ બનનાર વ્યક્તિ ચોંટેલી હોય ત્યારે તો જલ્દીથી કામે જ લાગી જવું. એવા પ્રસંગે વખતના વ્યય માટે ભારે કિંમત ભરવી પડે છે. ગભરાટને તમારા પર કદી પણ કાબૂ જમાવવા દેશો નહિ. નજીકમાં સ્વિચ વગેરે માલૂમ પડે તો તરત જ બંધ કરી દો. મકાનોના વાયરિંગમાં મેઈન સ્વિચ તરત જ બંધ કરવી વધુ સલાહભરેલી છે. પ્લગમાંથી વાયર જતો હોય તો વાયર પ્લગમાંથી ખેંચી કાઢો. ખેંચતાં પહેલા વાયરનો કોઇપણ ભાગ ખુલ્લો ન હોય તે બારીકાઈથી તપાસી લો. સ્વિચ, મેઈન સ્વિચ, પ્લગ વગેરે કંઈ જ માલૂમ ન હોય તો માણસને છુટો પાડવા માટે ઘણી જ સાવચેતીથી કામ લેવું જરૂરી છે.

જ્યારે માણસ વીજળીના સંપર્કમાં ચાલુ હોય ને તમને વીજળી બંધ કર્યાની ખાત્રી ન થઈ હોય તેવા કોઈ પણ દાખલામાં ભોગ બનનાર વ્યક્તિને ખુલ્લા હાથે પકડી છૂટી પાડવા પ્રયત્ન કરશો જ નહિ. તેમ કરવા જતાં તમને પણ વીજળીનો આંચકો લાગશે.

આંચકો લાગનારને છૂટો પાડવા માટે રબ્બરની સાદડી ઉપર ઊભા રહી છૂટો પાડો, અથવા સૂકા કપડાની ઘડી વાળીને યા તો સૂકી શેતરંજી, મીણિયું, સૂકા ચામડાની બનાવેલી વસ્તુ (કે જેનો કોઇ પણ ધાતુનો ભાગ જમીન સાથે અડેલો ન હોય), સૂકું ઊનનું અથવા ગરમ કપડું, અથવા તો જો મળી શકે તો રબ્બરનાં મોજાંનો ઉપયોગ કરવો. સૂકા લાકડાનો પાટલો યા પાટિયું વાપરી શકાય. કશું જ ન હોય તો તમારાં પહેરેલાં કપડાં સૂકાં હોય તો કાઢી જમીન ઉપર નાખી તેના ઉપર ઊભા રહી દરદીને છૂટો પાડવા પ્રયત્ન કરજો. પ્રયત્ન કરતાં આજુબાજુના જમીન સાથે જોડાએલા ભાગને અડી ન જવાય તેની ખાસ કાળજી રાખવી. સૂકું ઘાસ, પરાળ, ગોદડું, કામળો, ન્યુસપેપર અથવા કોરા કાગળોનો થોકડો પણ કામમાં લઇ શકાય. બૂટ પહેરેલા હોય તે કામમાં ન આવે, કારણ તેમાં ખીલા મારેલા હોવાથી ખીલા મારફત તમારું અને જમીનનું જોડાણ થઈ જાય છે. ઉપર્યુક્ત બધી વસ્તુઓ કોરી તેમજ સૂકી અને બીલકુલ ભિનાશ વગરની હોવી જોઇએ. માણસને સૂકા કપડાનો ગાળો નાખી છૂટો પાડવાથી અડી જવાનો ભય બહુ ઓછો રહે છે.

આંચકો લાગનારને છૂટો પાડ્યા પછી તેની, અથવા જેને આંચકો લાગેલો હોય અને છૂટો પડી ગયો હોય તે બંનેની સારવાર એક જ રીતે કરવાની હોય છે. જો દરદી ભાનમાં હોય અને બોલતોચાલતો હોય તો તેને ઉત્તેજક પીણાં આપવાં. ઉત્તેજક પીણાંમાં માદક પીણાંનો સમાવેશ થતો નથી. ગરમ દૂધ, ચાહ, કૉફી, કોકો વગેરે ખૂબ ખાંડ નાખી પાવું. ઠંડાં પીણાં આપવાં નહિ. દરદીને ગરમ કપડાંમાં વીંટવો. ગરમ ન હોય તો સાદાં કપડાંમાં વીંટવો અને શરીરની ગરમી જળવાઈ રહે તેવા ઉપાયો કરવા.

જો દરદી બેભાન બની ગયો હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાની ક્રિયા તરત જ ચાલુ કરવી. તેની વિગતો માટે એ નામની ચોપડી તૈયાર થઈ છે તે ઘરમાં રાખવી જરૂરી છે. તે પછી દર-

દીના બળેલા ભાગની સારવાર હાથ ધરવી.

વીજળીથી જે માણસો દાઝે છે તેને ત્રણ વિભાગમાં વહેંચી શકાય: (૧) દાઝેલા ભાગમાં ફક્ત રતાશ જ માલુમ પડે પણ દરદ ઘણું જ થાય; (૨) દાઝેલા ભાગમાં ફોલ્લા પડી ગયા હોય; (૩) દાઝેલો ભાગ બળી ગએલો હોય.

સૌથી પ્રથમ દાઝેલા ભાગને હવામાંથી દૂર રાખો; એટલેકે તે ભાગને જેમ બને તેમ ઓછી હવા લાગવા દો. જો દાઝેલો ભાગ કપડામાં ઢંકાએલો હોય તો તેને ખુલ્લો કરતાં પહેલાં તેની સારવાર માટેનાં બધાં સાધનો તૈયાર રાખ્યા પછી જ તે ભાગને ખુલ્લો કરવો. દાઝેલા ભાગ ઉપરથી કપડાને કાઢી લેવામાં ખાસ કાળજી રાખવી જરૂરી છે. તે ભાગ ઉપરના કપડાને જરા પણ ખેંચવાનો પ્રયત્ન કરવો નહિ, પરંતુ ધીમેથી સાચવીને કાઢવો. તે કાઢતાં વધુ દરદ થાય અથવા થએલા નુકસાનમાં વધારો થતો લાગે તો આજુ-બાજુથી કપડાને કાતર વડે કાપી નાખી, કપડાં ઉતારી લેવાં. કાપવામાં પણ કાળજી રાખવી. કપડું બળેલા ભાગથી થોડે દૂરથી કાપવું. બળેલા ભાગ ઉપરથી પડું કાપવાનો પ્રયત્ન કદી પણ કરવો નહિ.

પગની પાનીના અથવા પંજાના ભાગમાં દઝાયું હોય તો બૂટ તેમજ મોજાં બંને કાપી નાખી કાઢી લેવાં. બૂટ કાઢવા માટે સરળ ઉપાય દોરીના ભાગથી સીધો ચીરો મૂકી બૂટ કાઢી લેવાનો છે. અથવા બાજુના સાંધામાંથી કાપીને તળિયેથી સાંધામાંથી કાપીને કાઢી શકાય. દરદીને વધારે હેરાન કર્યા સિવાય દાઝેલા ભાગ ઉપરથી, વધારે સરળતાથી કેમ કાઢી શકાય, તે રીત અખત્યાર કરવી

દાઝેલા ભાગ ઉપર જ્યાં કપડું વગેરે ચોંટી રહેલું હોય તે ભાગને ઑલિવ તેલ, મીઠું તેલ, અળસીનું તેલ અથવા કેરન ઑઈલ વડે ભીંજવવો. ઑલિવ તેલ અને ચૂનાના પાણીનું સરખે ભાગે મિશ્રણ કરવાથી કેરન ઑઇલ બને છે. સાદું મીઠું તેલ અને ચૂનાનું પાણી પણ ચાલી શકે. વેસેલાઇન અથવા માખણનો પણ ઉપયોગ કરી શકાય. આટલું કર્યા પછી પણ જો કપડું ચોંટી જ રહે તો તેને આજુ-બાજુથી સાચવીને જેટલું બની શકે તેટલું કાપી નાખી, બાકીનો ભાગ દાક્તર આવે ત્યાં સુધી રહેવા દેવો. ફોલ્લાને કાપવા અથવા ફોડી નાખવા નહિ.

દાઝેલા ભાગ ઉપરથી કપડાં દૂર કર્યા પછી તે ભાગને મીઠા તેલ, ઑલિવ તેલ, અળસીના તેલ અથવા કેરન ઑઇલમાં ભીંજવેલા કપડા વડે ઢાંકી દેવો. આમ કર્યા પછી તે ભાગ ઉપર જાડા ઊનનું પડ મૂકવું અથવા ઊનનું કપડું વીંટવું અને તેના ઉપર પાટો બાંધવો. પાટો બહુ મજબૂતાઇથી ન બાંધતાં દાઝેલા ભાગને વધુ નુકસાન ન થાય તેટલો જ સખત બાંધવો. આંખમાં દીવેલનાં ટીપાં પાડવાં.

જો તાત્કાલિક તેલ ન મળી શકે તેમ હોય તો દાઝેલા ભાગને સહન થઇ શકે તેવા કોકરવણાં પાણીમાં ડુબાડી રાખવો કે જેથી તે હવાના સંપર્કમાં રહે નહિ. મોં, આંખ અથવા તેવા ભાગ ઉપર પણ સાધારણ ગરમ પાણીનાં પોતા મૂકવાં. પાણીમાં સહેજ સોડા નાખવાથી વધુ ફાયદો થશે.

જ્યારે માણસનું શરીર દાઝી જાય છે ત્યારે તેને જબ્બર ધક્કો અથવા આંચકો (શૉક) લાગે છે. આ શૉક લાગવાનાં બે મુખ્ય કારણો ગણાય. એક દરદ અને બીજું માનસિક કારણો. શૉક લાગેલા માણસની નાડી ધીમી ચાલતી હોય છે, હાથપગ ઠંડા પડી જાય છે, શ્વાસોચ્છ્વાસ ધીમેથી ચાલે છે, ને કેટલીક વાર બેશુદ્ધ પણ બની જાય છે. કેટલીક વખત તેને પૂછતાં કંઇજ દરદ નથી તેમ પણ કહેશે. જ્યારે માણસ વધુ પ્રમાણમાં દાઝેલો હોય ત્યારે દાઝેલા ભાગની સારવાર કરતાં તેના શૉકની સારવાર પ્રથમ હાથ ધરવી. બળેલા ભાગ ઉપર સહન કરી શકાય તેટલું જ ગરમ તેલ રેડવું પરન્તુ કપડાં વગેરે ચોંટેલાં હોય તો કાઢવા કદી પણ પ્રયત્ન કરવો નહિ. દરદીને ગરમ રાખવાનું ખાસ અગત્યનું છે. અને આમ કરવા માટે દરદીને ગરમ કામળા અથવા સુતરાઉ કપડાં જે મળે તેમાં વીંટી રાખવો. દરદીને ગરમ ચાહ, કૉફી અથવા તેવાં ઉત્તેજક પીણાં આપવાં. બેશુદ્ધ માણસને કદી પણ પીણાં આપવાં નહિ.

અકસ્માતની ખબર પડતાં જ દાક્તરને બોલાવવા મોકલવાનું કદી પણ ભૂલવું નહિ. જે માણસનો શ્વાસોચ્છ્વાસ બંધ થઇ ગયો હોય તેને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાનું તરત જ શરૂ કરવું અને તે ચાલુ ન થાય ત્યાં સુધી ખસેડવો નહિ. હૉસ્પિટલમાં ખબર આપી દાક્તરને ત્યાં બોલાવવો અને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ ચાલુ રાખવો. દાક્તરને બની શકે તેટલી લેખિત વિગત પૂરી પાડવી. મોટાં શહેરોમાં ટેલીફોનથી દાક્તર બોલાવી શકાય. હૉસ્પિટલ નજીકમાં હોય તો દાક્તરની રાહ જોયા કરતાં દરદીને હૉસ્પિટલમાં લઇ જવો.

(વીજળીની દુનિયા) —હરિભાઇ ત્રિવેદી

બોરિક ઍસિડ

ટંકણખાર (Borax–બોરૅક્સ) જેટલો જ ઉપયોગી, આ બોરિક ઍસિડ છે એમ કહીએ તો ચાલે. બોરિક ઍસિડ ઘરગથ્થુ ઉપયોગમાં વખતોવખત આવે છે, એટલે એ વિષે થોડું પણ આપણે જાણવું જોઇએ.

આપણા શરીર ઉપર કાપ કે ઘા પડ્યાં હોય એ વેળા બોરિક ઍસિડ હાથ પર હોય તો અતિ અગત્યનો થઈ પડે છે. ઇજા પામેલી જગ્યાને તેના કોકરવરણા દ્રાવણથી ધોઇ નાખીને ઘા ઉપર તેનો ભૂકો દબાવીને માફકસર પાટો બાંધવાથી ઘા રૂઝાઈ જાય છે.

સહેજ દાઝી જવાયું હોય કે અગ્નિથી ચામડી ઊતરી ગઈ હોય તો, શણના કાપડને (પાટાના રૂપમાં) બોરિકના દ્રાવણમાં ભીંજવીને એ જગ્યાએ બાંધવામાં આવે તો ફાયદો થયા વિના રહેશે નહિ. ફક્ત થોડા જ દિવસમાં નવી ચામડી આવી જશે.

નિર્બળ, કંટાળેલી અને નિસ્તેજ આંખોવાળાઓને માટે બોરિક ફળદાયી છે. દરરોજ રાત્રે સૂતાં પહેલાં અને હમેશાં સવારે ઊઠીને તરત જ બોરિકના કોકરવરણા દ્રાવણ વડે આંખો ધોવાથી તે સુધરે છે. આંખો ધોવા માટે કાચની પ્યાલી આવે છે તે વાપરવી સુગમ થઇ પડશે. પરંતુ એટલું યાદ રાખવું કે, એક વખત વપરાએલું બોરિકનું દ્રાવણ બીજી આંખ ધોવા માટે કદી ન વાપરવું; નહિ તો એક આંખનો રોગ બીજી સારી આંખમાં જઈ પરિણામે સારી આંખને પણ નુકસાન કરશે.

બહુ ચાલવાથી કે અતિશય કામથી આપણે ઘણી વખત થાકી જઇએ છીએ અને પગ પણ સખત કળે છે. આવા વખતે બોરિક નાખેલા ગરમ પાણી વડે પગ ધોઇને સુકાવા દઇને, બોરિકનો ભૂકો બંને પગે સારી પેઠે મસળવાથી પગનું કળતર ઘટીને તાઝગી આવે છે અને આપણો કંટાળો પણ અદૃશ્ય થઈ જાય છે. મોજાં ને બૂટ પહેરતા હોઇએ તો, મોજાંમાં અને બૂટમાં પણ થોડો થોડો બોરિકનો ભૂકો છાંટવો સુખાવહ છે.

સળેખમ ઉપર બોરિક સારી અસર કરે છે. સળેખમ થયું હોય તો, અહર્નિશ રાત્રે સહેજ ગરમ બોરિકનું પાણી (અંદર થોડું મીઠું પણ નાખવું) નાકમાં છાંટવાથી સળેખમને જરૂર ભાગવું પડશે. બે ચાર દિવસ આ ક્રિયા ચાલુ રાખવાથી સળેખમ વધતું અટકીને નાબૂદ થઈ જશે.

માથામાં પડેલો ધા બોરિકના ભૂકાથી રૂઝાઇ જાય છે. શિરકેશનો પરસેવો, ખોડો વગેરે દૂર કરવા માટે બોરિકનું ઘટ્ટ દ્રાવણ વાળના મૂળમાં બરાબર ઘસો. આ દ્રાવણમાં થોડું ગ્લિસરીન નાખવાથી વાળ સુંવાળા રહેશે. આમ દરરોજ સ્નાન કરતી વખતે બોરિક વાપરવાથી ખોડો નષ્ટ થશે. સાબુ વાપર્યાં પછી બોરિકના દ્રાવણ વડે માથું ધોઇએ તો પણ ચાલે. આમ કરવાથી માથામાં સહેજ પણ સાબુ રહેશે નહિ.

બોરિકનો ભૂકો કેરમ બોર્ડ પર નાખવા માટે વપરાય છે. બોરિકથી કેરમનું પાટિયું સુંવાળું થાય છે. યુરોપમાં તો, નૃત્ય માટેની કાચની કે પથ્થરની ફરસબંદીઓ બોરિકના દ્રાવણ વડે સાફ રાખવામાં આવે છે. બોરિકથી સપાટી સુંવાળી થવાથી નૃત્ય સહેલાઈથી થઈ શકે છે.

ખોરાકના રક્ષણાર્થે પણ આ આમ્લ વપરાય છે, કારણકે એ સૂક્ષ્મજંતુવિરોધક છે.

બોરિકનો ભૂકો સુંવાળો અને હલકો હોય છે, એટલે તેને પાણીમાં ઓગાળવા માટે પ્રથમ થોડા પાણીમાં બોરિકના ભૂકાને ઘૂંટીને લુગદી જેવું બનાવીને પછી જ વધારાનું પાણી તેમાં ઉમેરવું. ઠંડા પાણી કરતાં સહેજ ગરમ પાણીમાં બોરિક જલદી ઓગળે છે.
(સંકલિત) —ગો. હા. પટેલ

વિચારોની અવયવો પર અસર

શારીરિક ભાગો અને અવયવો પર વિચારો શી શી અસર કરે છે, એ હકીકત હમણાં સુધી ગુપ્ત હતી, એટલું જ નહીં પણ ભિન્ન ભિન્ન વિચારોમાં એકતાન રહેવાથી સ્વાસ્થ્યમાં શું શું પરિવર્તન થાય છે, એ બીના પણ અંધારામાં હતી, પરંતુ હવે આધુનિક વિજ્ઞાને આ હકીકત ઉપરથી પરદો દૂર કરી દીધો છે.

અમરિકી-નિષ્ણાતોના સંશોધનોથી શારીરિક-અવયવો પર વિચારોની થતી અસર માપવાનું શક્ય બન્યું છે.

પૂર્વીય તબીબો પણ માનતા હતા, કે મનુષ્ય વિચાર અને ચિન્તામાં મગ્ન રહેવાથી નિર્બળ અને સુસ્ત બની જાય છે, અને કોઈ એક જ બાબત ઉપર વિચારોને કેન્દ્રિત રાખવા અથવા કોઈ વિકટ કાર્યમાં ચિન્તાગ્રસ્ત રહેવાથી થાક ઘણો જલ્દી જાહેર થાય છે. અમરિકી-તબીબો તથા માનસ શાસ્ત્રીઓએ આ સંબંધમાં ઊંડો અભ્યાસ કર્યો અને માનસ-નિષ્ણાતોને આમાં ખાસ સફળતા મળી છે.

ચિકાગો વિશ્વવિદ્યાલયના એક માનસશાસ્ત્રીએ આ સંશોધનોને ખૂબીપૂર્વક આગે પહોંચાડયાં છે. એણે એક શખ્સ કને બે વાર વજન ઉંચકાવ્યું. બન્ને વેળા, એ માનસશાસ્ત્રી તેની રગો અને પુઠ્ઠાંઓના હલન-ચલનને લક્ષપૂર્વક જોતો રહ્યો. પહેલીવાર એમ જ વજન ઉંચકાવ્યું. બીજી વાર આ માનસશાસ્ત્રીએ પેલા શખ્સની આંખો પર પાટો બાંધી દીધો. વજન તો તેજ ઉંચકાવ્યું, પણ પેલા શખ્સને તેણે એમ કહી દીધું કે વજન કંઇક વધારે છે. આ બીજી વખતે પેલા શખ્સના દેહના અવયવો અને રગો તથા પુઠ્ઠાંઓનું હલન-ચલન તદ્દન ભિન્ન પ્રકારનું હતું. એણે પોતાના પ્રત્યક્ષ અનુભવ ઉપરાંત એક વીજળીક યંત્રની મદદથી બન્ને વખતના પેલા શખ્સના અવયવોના હલન-ચલનને કલમબદ્ધ પણ કરી લીધાં, અને પુરવાર કર્યું કે બીજી વાર વજન ઉંચકનારની વિચાર-શક્તિ તેની રગ અને પુઠ્ઠાંઓમાં વધારે થાક ઉત્પન્ન કરવાનું નિમિત્ત બની.

એક બીજા વૈજ્ઞાનિકે ભારે વજન આપી ઉપાડનારાઓના વિભાગમાં આ અસત્ય હકીકત ઠસાવી દીધી, કે તેઓ ઓછું વજન ઉપાડી રહ્યાં છે. એવી રીતે તેણે સાબિત કર્યું, કે મનુષ્યના વિચારની અસર તેના અવયવો અને તેના સ્વાસ્થ્ય ઉપર એટલી પ્રબળ થવા પામે છે કે સારો તંદુરસ્ત માણસ માંદો, અને જુદીજુદી બીમારીઓમાં સપડાયેલો માણસ સાજો થઈ જાય છે. (ઉર્દૂ પરથી) ઇ. સ. દ.

વિવિધ દૂધના ગુણધર્મ

ગાયનું દૂધ: એ સ્વાદે મીઠું છતાં સહેજ મોળું લાગે છે. તે લોહીને જલદીથી વધારે છે. શરીરમાં તાકાત લાવે છે અને પુષ્ટિ આપે છે. સઘળાં ગરમીનાં દર્દોનો નાશ કરે છે. બાળકો માટે ઘણું સારૂં છે.

ભેંસનું દૂધ: એ ગાયના દૂધ કરતાં સ્વાદમાં વધારે મીઠું પણ ભારે અને વાયડું છે. તે ભૂખને મારી નાખે છે. ઉજાગરા ઉપર સાકર સાથે પીવાથી ઊંઘ લાવે છે તથા ઉજાગરાનું ઝેર ઉતારે છે. એ કદી ઠંડું પીવું નહિ; ગરમ પીવું જ ફાયદાકારક છે.

બકરીનું દૂધ: સ્વાદમાં મીઠું છતાં કાંઈક તુરૂં છે. પચવામાં ઘણું હલકું છે. તે લોહી વધારે છે, યાદશક્તિ તેજ કરે છે, પુષ્ટી અને તાકાત લાવે છે. ગરમીનાં દરદો માટે ફાયદાકારક છે. આ દૂધ પણ નાનાં બાળકો માટે ઘણું જ સારૂં છે. તેમાં યે નાની ઉમરની બકરીનું દૂધ વધારે ગુણકારક છે.

ગધેડીનું દૂધ: સ્વાદે મીઠું, ખારૂં તથા કાંઈક ખાટું પણ છે. ભૂખ સારી લગાડે છે. વાયુ, રુધિરસ તથા બચ્ચાંના સર્વે રોગોનો નાશ કરે છે. એ તાજું પીવું સારૂં છે.

ઊંટડીનું દૂધ: ગુણમાં ગરમ, છતાં સ્વાદમાં મીઠું તથા કાંઈક ખારૂં અને તીખું છે. ઝેરી દર્દોનો તે નાશ કરે છે. કફ અને પેટનાં સઘળાં દર્દ માટે ઘણું ઉપયોગી છે. તાકાત અને શરીરનું કદ વધારે છે.

—આર. આર. પલટનવાલા

જંતુઓની શક્તિ

કુદરતે જંતુઓને પણ આશ્ચર્યકારક બળ બક્ષેલું છે. અશ્વ પોતાના વજનથી અર્ધું વજન ખેંચી શકે છે. પરંતુ મધમાખ પોતાના વજનથી વીસગણો, અને કીડી પોતાના વજનથી તેરસો ગણો બોજ ખેંચી શકે છે. એક પ્રકારની કીડી પોતાના વજનથી ૧૩૬ ગણી ભારે ચીજ ઉપાડી એક મિનિટમાં પોતાના કદથી ૩૬ ગણું અંતર કાપી શકે છે.

એ પણ માલૂમ પડી ચૂક્યું છે, કે કીડી પોતાના વજનથી ત્રીસ હજાર ગણી વજનની ચીજ દાંતોથી પકડી ખેંચી શકે છે. જો ઇશ્વર માણસના દાંતને એવી જ તાકત અર્પણ કરત, તો તે એના દ્વારા સાત હજાર સાતસો મણ વજનની ચીજ પકડી ઉપાડી શકત.

માણુસ પોતાના કદથી કંઇક વધુ બુલન્દી સુધી કૂદી શકે છે, પરંતુ જો તેનામાં જંતુઓની માફક કૂદવાની શક્તિ હોત તો તે ત્રણસો ફીટની ઊંચાઈ સુધી છલંગ મારી શકત. —ઇ. સ. દ.

હિંદના ભાષાભાષીઓ

હિંદુસ્તાનમાં જુદીજુદી ભાષાઓ બોલનારાની સંખ્યા નીચે મુજબ છે:

હિંદી (પશ્ચિમ હિંદી, પંજાબી તથા રાજસ્થાની સાથે)	૧૩૯૩ લાખ
બંગાળી	૪૯૩ ,,
તેલુગુ	૨૩૬ ,,
મરાઠી	૧૮૮ ,,
તામિલ	૧૮૮ ,,
કાનડી	૧૦૩ ,,
ઉત્કલ	૧૦૧ ,,
ગુજરાતી	૯૬ ,,

આ માસ ઈતિહાસમાં

એપ્રિલ

તા. ૧ પોર્ટુગીઝ ગવર્નર આલ્ફૉન્ઝો આલ્બુકર્કે દખ્ખણના આદિલશાહ પાસેથી ગોવા જીતી લીધું ને ૮૦૦ મુસલમાન શહેરીઓની કતલ કરી, ઇ. ૧૫૧૦.

તા. ૩ હિંદુત્વના તારણહાર અને દખ્ખણમાં 'મહારાષ્ટ્ર'ના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજનું અવસાન, ઇ. ૧૬૮૦.

તા. ૧૩ જનરલ ડાયરે જલિયાંવાલા બાગમાં હજારો નિર્દોષોની નિર્દયપણે કતલ કરી ઇ. ૧૯૧૯. (જેના સ્મરણમાં વર્ષોવર્ષ પાળવામાં આવતું હિંદનું રાષ્ટ્રીય સપ્તાહ દરવર્ષે આ દિને શરૂ થાય છે.)

તા. ૭ મહાન ચીની દેશભક્ત સુન યાટ સેન ચીનનો પ્રમુખ ચુંટાયો, ઈ ૧૯૨૧.

તા. ૧૦ મુક્તિફોજના સ્થાપક જનરલ બૂથનો જન્મ, ઈ. ૧૮૨૯.

તા. ૧૨ ઈંગ્લંડનો રાષ્ટ્રધ્વજ યુનિયન જેક હસ્તીમાં આવ્યો, ઈ. ૧૬૦૬.

તા. ૧૬ પૂનાના મૂળશી પેઠા સત્યાગ્રહનો પ્રારંભ, ઇ. ૧૯૨૧.

તા. ૧૮ મહારાષ્ટ્રમાં મહિલા શિક્ષણના પિતા સમા ધોંડો કેશવ કર્વેનો જન્મ, ઇ. ૧૮૫૭

તા. ૧૯ ઈંગ્લંડના રંગદર્શી કવિ લૉર્ડ બાયરનનું અવસાન, ૧૮૨૪.

તા. ૨૧ પાણીપતના યુદ્ધમાં પઠાણોને હરાવીને બાબરે મુઘલ સત્તાનો હિંદમાં પાયો નાખ્યો ઈ. ૧૫૨૬.

તા. ૨૭ 'રોમન મહારાજ્યની પડતી અને અંત' નામક પોતાના મહાન ગ્રંથથી જગનામી બનનાર અંગ્રેજ ઇતિહાસકાર એડવર્ડ ગિબનનો જન્મ, ઈ. ૧૭૩૭.

આ માસનો પ્રસંગ વિશેષ

અનેકવાર લૂંટાએલા અને રંજાડાએલા, ગુજરાતના નગર સૂરતની સોનાની મૂરતને છેલ્લીવેલ્લી ઝાંખી કરનાર સૂરતની પ્રચંડ આગ, ઇ. ૧૮૩૭ના એપ્રિલની ૨૪મી તારીખ ને સોમવારના પાછલા પહોરના પાંચ વાગ્યે લાગેલી. એક પારસી વેપારીના ઘરમાં ઊકળતા ડામરમાંથી તે શરૂ થઈ, જે ૨૬મીએ હોલાઈ. એ આગમાં ૯૩૭૩ ઘર બળી ગયાં ને ૪૬,૮૬,૫૦૦ રૂપિયાનું નુકસાન થયું. અસંખ્ય માણસો પણ બળી મૂઆં, તેમાં ખાસ કરી સ્ત્રીઓ હતી. 'કેટલાંકની તો ભાળ લાગતી જ નહિ ને કેટલાંકની ચોથે પાંચમે દહાડે લોથ જડતી. . .કાળચક્રના સપાટામાંથી સૂરતની જે કંઇ રોનક બચી હતી તેને આ ભયાનક વહ્નિજિહ્વા ચાટી ગઇ.'



આ માસની વ્યક્તિવિશેષ

ટૉમસ જેફરસન

ઇંગ્લંડની ઝુંસરી ફગાવી દઇને ઈ. ૧૭૭૬ના જુલાઇની ૪થી તારીખે અમેરિકન પ્રજાએ જે 'સ્વતંત્ર્યઘોષણા' (Declaration of Independence) પોકારી તેનો મૂળ ખરડો ઘડનાર, અને અમેરિકન લોકશાહીના શ્રેષ્ઠ ઉદ્‌ગાતાઓમાંનો એક આ અગ્રણી અમેરિકન આજથી ૨૦૧ વર્ષ પહેલાં, ઇ. ૧૭૪૩ના એપ્રિલની ૧૩મી તારીખે જન્મ્યો હતો. અમેરિકાના ત્રીજા પ્રમુખ તરીકે ઉપરાઉપર બે વાર ચુંટાઇને લાગટ ૯ વર્ષ સુધી (૧૮૦૧થી ૧૮૦૯) તેણે એ પદ ભોગવ્યું એ તેની મહત્તા ને લોકપ્રિયતા પુરવાર કરે છે ભૂતકાળનો કોઈપણ મહાન અમેરિકન એ પ્રજાના હૃદયમાં કદાચ એના જેટલો જીવંત નથી.

અમેરિકા પરનું ગુલામીનું કલંક ધોવા માટે આજીવન લડનાર પુણ્યશ્લોક અબ્રાહમ લિંકનની યે પહેલાં ૧૦૦ વર્ષે, ગુલામોને છુટા કરવા માટેનું બિલ દાખલ કરનાર આ મહાન ઉદાર મતવાદી અમેરિકન એક સુખી જમીનદારનો પુત્ર હતો અને એના કબજામાં અસંખ્ય ગુલામો હતા; છતાં તે જ એ ખરડો લાવનાર પહેલો અમેરિકન હતો.

વર્જિનિયા પરગણાના 'બ્લુ રિજ' પર્વતની તળેટીમાં આવેલી 'શૅડવેલ' વાડીના જાગીરદાર ને કાબેલ એન્જીનીઅર પીટર જેફરસનને ત્યાં એનો જન્મ થયો. એની માતા પણ વર્જિનિયાના નામચીન રેન્ડૉલ્ફ ખાનદાનની હતી. ચૌદ વર્ષની વયે પિતાનું મૃત્યુ થતાં તે પોણાત્રણ હજાર એકર જમીનનો માલિક થયો અને ત્રીસની વયે એક રૂપવતી યુવાન વિધવા જોડે લગ્ન કર્યું તેને લીધે પણ પુષ્કળ જમીન અને અસંખ્ય ગુલામોનો વારસો તેને મળ્યો. વિલિયમ્સબર્ગની કૉલેજમાં લૅટિન, ગ્રીક અને ફ્રેન્ચનું સારૂં જેવું જ્ઞાન સંપાદન કરી વીસ વર્ષની વયે તેણે ભણતર છોડ્યું, છતાં અભ્યાસ તો તેણે જીવનભર ચાલુ જ રાખેલો. પાછળથી તે સ્પૅનિશ, ઇટાલિયન અને ઍન્ગ્લો-સૅક્સન ભાષાઓ શીખ્યો. ઉપરાંત ગણિત તેનો પ્રિય વિષય હતો અને પ્રકૃતિ-વિજ્ઞાનનો તે પંડિત મનાતો.

કૉલેજ છોડીને તેણે વકીલાત હાથ ધરી, પણ એ નકામી ટાચાકૂટમાં જીવનનું ધ્યેય પાર પડે એમ ન જણાતાં તે રાજકારણમાં પડ્યો અને એમાં ઉત્તરોત્તર તેજસ્વી કારકીર્દિ ઘડી. પોતાના પ્રાંત વર્જિનિયાનો તે ગવર્નર થયો; પહેલા અમેરિકન પ્રમુખ જ્યોર્જ વૉશિંગ્ટનનો સેક્રેટરી ઑવ સ્ટેટ થયો; બેન્જામિન ફ્રાંકલિન અને જૉન ઍડમ્સની સાથે રહીને સ્વાતંત્ર્યઘોષણાનો ખરડો તેણે ઘડ્યો, (જેમાં આખી ઇબારત જેફરસનના શબ્દોમાં જ રચાએલી છે); ફરી એ બંનેની સાથે યુરોપીય દેશો જોડે વ્યાપારી સંધિ કરનાર ડેપ્યુટેશનમાં ફ્રાન્સ ગયો; આવીને અમેરિકાનો ઉપ-પ્રમુખ બન્યો; અને છેવટે અમેરિકાના ત્રીજા પ્રમુખ તરીકે ઉપરાઉપર બે વાર ચુંટાયો. એના અમલનો મોટામાં મોટો બનાવ તે ફ્રાન્સ પાસેથી અમેરિકાનો લુસિયાના પ્રાંત ખરીદીને અમેરિકન પ્રાંતબળની તેણે કરેલી વૃદ્ધિ અને સંગઠન.

૧૮૨૬ના જુલાઇની ૪થી તારીખે, તેણે રચેલી અમેરિકન સ્વાતંત્ર્યઘોષણાની બરોબર ૫૦મી જયંતીના દિને, તેનું અવસાન થયું.

તેની સાદી શ્વેત કબર ઉપર નીચેના શબ્દો છે: 'અહીં, અમેરિકન સ્વાતંત્ર્યની ઘોષણાનો સંયોજક, ધાર્મિક સ્વાતંત્ર્ય માટેના વર્જિનિયાના કાયદાનો ઉત્પાદક અને વર્જિનિયા યુનિવર્સિટીનો જનક ટૉમસ જેફરસન દાટવામાં આવ્યો છે!'

આ મૃત્યુનોંધ એણે પોતે લખી રાખી હતી. પણ એમાં, પોતે અમેરિકાનો પ્રમુખ હતો એ વાતનો ઉલ્લેખ કરતાં પોતે માનવી-સ્વાતંત્ર્યના દસ્તાવેજનો જનક હતો અને ધાર્મિક માન્યતાના છુટાપણા તથા શિક્ષણ-પ્રચાર માટે મથ્યો હતો એ હકીકતના ઉલ્લેખને તેણે વધારે મહત્ત્વનો ગણ્યો છે. પોતાનો આખો જીવનકાળ એણે માનવી-સ્વાતંત્ર્યના ધ્યેય પાછળ લડવામાં ગાળ્યો હતો, અને આજે પણ જીવંત હોત તો વર્ષો પહેલાં ઉચ્ચારેલાં વચનો તેણે ફરીથી ઉચ્ચાર્યાં હોત કે 'મનુષ્યના મન પરના દરેક પ્રકારના જુલ્મ સામે શાશ્વત વિરોધની મેં ઈશ્વરની વેદી પર પ્રતિજ્ઞા લીધી છે.'

'બા, બા; અમે ઘોડા ઘોડા રમીએ છીએ તે તમે ય રમોને?'

'પણ હું શું કરૂં?

'કેમ વળી, ઘોડાને ચણા ખવરાવો!'

હસ્તરેખ વિધિલેખ જોશી મર જોયા કરે,
ખરાખરીને ખેલ હૈયું ને હિકમત ફળે.


—તનસુખ ભટ્ટ

હઝરત ઈનાયતના પિતા મૌલાબક્ષની શેરીમાં કેટલાક મુસ્લિમ છોકરાઓ હિંદુ મૂર્તિઓ સાથે રમત રમતા હતા. મૌલાબક્ષે તેમને ઠપકો આપ્યો. છોકરાઓએ કહ્યું, 'એમાં શું? એ ક્યાં આપણા દેવ છે?' તરત જ બાણ જેવો વેધક જવાબ મળ્યો: 'પણ એ કોઇકના તો દેવ છે?' છોકરાઓએ તરત જ રમત બંધ કરી દીધી.

અનેકાર્થી શબ્દ: **તોડો** (ટોડો)=પગે પહેરવાનું ઘરેણું, સાંકળું; પૂણીઓ કાંતતાં પડેલો ફોદો; બંદૂક સળગાવવાની લાંબી જામગરી; એક હજાર રૂપિયા અથવા હજાર રૂપિયા ભરેલી કોથળી; મિનારો કે શિખર, ટોડલો; મોખરો કે મ ગોળ; નીલગિરિ (દક્ષિણ)ના પ્રદેશોમાં થતી એક આદિ જાતિ.

કહેવતો કેમ પડી: 'બાંકો પણ માંકો હે.' ગમે તેવી હલકી પાતળી વસ્તુ પણ પોતાની હોવાનું અરમાન રાખવા માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે એક મારવાડી નાણાં વ્યાજે લેવા ગયો અને ધીરનારે બદલામાં કોઈક વસ્તુ ગીરો માગી ત્યારે પોતાની મૂછનો વાળ તોડીને આપ્યો. પોતાની શાખનું આવું તેનું અભિમાન વધુ કસવાના આશયથી ધીરનારે કહ્યું કે 'વાળ તો વાંકો છે.' મારવાડીએ જવાબ દીધો કે 'બાંકો પણ માંકો હે'—ભલે વાંકો રહ્યો, પણ 'મારો' છે; ને હું કાંઈ સાધારણ માણસ નથી. પોતાની મૂછના વાળ (શાખ) વિષે માગનારનું આવું અભિમાન જોઈ ધીરનારે તરત નાણાં ધીર્યાં. તેને મળતી કહેવતો: 'ખોટો તોપણ ગાંઠનો રૂપિયો'; 'ઘેલો તોપણ પેટનો દીકરો.'

ગણિતગમ્મત: તમારા મિત્રની ઉંમર પણ કહી દો ને સાથોસાથ તેના ગજવામાં સિક્કા કેટલા છે તે પણ તમે આપમેળે કહી દો એવી આ ગણિતી યુક્તિ છે. તમારા મિત્રને તેની ઉંમર કાગળ ઉપર લખવા કહો. પછી તેને બેવડા કરાવીને અંદર પાંચ ઉમેરાવો. જે આવે તેને ૫૦ વડે ગુણાવો, અને આવે તે ગુણાકારમાંથી એક વરસના દિવસનો આંક ૩૬૫ બાદ કરાવો. હવે તેના ગજવામાં જેટલા સિક્કા હોય તેટલી રકમ (તમને કહ્યા વગર) એ બાદબાકીમાં ઉમેરાવો, ને પછી તેમાં ૧૧૫ ઉમેરાવો. એ રીતે જે સરવાળો આવે તે પૂછી જુઓ. તેના પહેલા બે આંકડાથી થતી સંખ્યા તેની ઉંમરની હશે, ને બાકીની સંખ્યા તેના ગજવામાંના સિક્કાઓની!



અઢાર ઇંચ લાંબા, અઢાર ઇંચ પહોળા ને અર્ધા ઇંચ જાડા પાટિયાના એક ટુકડામાંથી ઉપલા ચિત્રમાં આલેખ્યા પ્રમાણે ચાર ટુકડા પાડી ઉપલા ટુકડાઓને કાળા ભાગ પ્રમાણે કોતરી કાઢો. પછી ૧૮×૪ વાળા ટુકડાને મથાળે 'પુસ્તકો પરમ મિત્રો છે' એવું કોઈ સૂત્ર સુંદર અક્ષરે લખીને એક ઇંચ લાંબા દસ સ્ક્રૂથી બીજા ચિત્રમાં તૈયાર બતાવ્યા પ્રમાણે બધા સાંધા જોડી દઇને એક આદર્શ બુકસ્ટૅન્ડ તૈયાર કરી લો.

કોઇ પણ આપેલી તારીખનો વાર શોધવાની રીત: (૧) ઇસવી સનની સાલના છેલ્લા બે આંકડા લો. (૨) તેના ચોથા ભાગની રકમ તેમાં ઉમેરો; તેમ કરવામાં અપૂર્ણાંકને જતા કરો. (૩) આપેલી તારીખ મહિનાનો જેટલામો દિવસ હોય તેટલા તેમાં ઉમેરો. (૪) નીચે પ્રમાણે મહિનાને અંગે તેમાં ઉમેરો કરો: જાન્યુઆરી માટે ૧ અથવા લીપઇયર હોય તો ૦. ફેબ્રુઆરી માટે ૪ અથવા લીપઇયર હોય તો ૩. માર્ચ ૪, એપ્રિલ ૦, મે ૨, જૂન ૫, જુલાઇ ૦, ઑગસ્ટ ૩, સપ્ટેમ્બર ૬, ઑક્ટોબર ૧, નવેમ્બર ૪, ડીસેમ્બર ૬. (૫) તે પછી અઢારમી સદી માટે ૪, ઓગણીસમી સદી માટે ૨, વીસમી સદી માટે ૦ તથા એકવીસમી સદી માટે ૬ ઉમેરો. (૬) હવે આવે તે રકમને સાત વડે ભાગો અને જે શેષ વધે તેને અઠવાડિયાનો દિવસ અનુક્રમે ગણવો. ૧ વધે તો રવિવાર ૨ વધે તો સોમવાર વગેરે. અને ૦ વધે તો શનિવાર ગણવો.

ઈ.સ ૧૭૫૦થી ૨૦૯૯ સુધીના આંકડા આ રીતે મળી શકશે. (છો. કામદાર)

કાપડને પાછળથી રંગવું પડે છે તેને બદલે સોવિયેટ રશિયાએ હવે વિજ્ઞાનની મદદથી પરમાર્થે રૂને જ પાકા કુદરતી રંગમાં ઉગાડવા માંડ્યું છે અને તેમાં કાળા, લાલ અને લીલા રંગો સફળ થયા છે.




ખોટી વાત: જાડા કરતાં પાતળાં ને હળવાં કપડાં વધારે ઠંડક આપે છે એ માન્યતાથી ઉનાળામાં લોકો ઝીણાં કપડાં પહેરે છે, પણ એ વાત ખોટી છે. ઉલટું, ખાદી અથવા તો તેના જેવાં જાડાં સુતરાઉ કપડાં પરસેવો જલદી ચૂસી લે છે અને શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખી ઠંડક આપે છે.


આજની લડાઇમાં ૫૦ વિમાનો એક મિનિટમાં ગોળીઓના ૩ લાખ રાઉન્ડ વરસાવી શકે છે,—જેટલી ગોળીઓ નેપોલિયનના જમાનામાં દસ હજાર માણસો એક આખા દિવસની લડાઈમાં વાપરતા. વિજ્ઞાનની પ્રગતિ!

અમેરિકન વૈજ્ઞાનિકોએ એવાં ઇલેક્ટ્રોન માઈક્રોસ્કોપ શોધ્યાં છે કે જેની મદદથી કોઈ પણ વસ્તુને વીસ લાખ ગણી જોઈ શકાય. દાખલા તરીકે ચાલુ બીબાંનું એક સામાન્ય બીંદુ તેમાંથી જોતાં બે માઈલના વ્યાસવાળું વિરાટ કુંડાળું દેખાય!

ભૂંસવાનું રબર કડક અને ખરાબ થઈ જાય તો તેને થોડી વાર ઘાસતેલમાં રાખી કપડાથી સાફ કરી નાખીને પછી પૂરેપૂરું સુકાઈ ગયા બાદ વાપરવું. એથી ભૂંસવામાં ડાઘ નહિ પડે ને તેનું આયુષ્ય વધશે. (જ ન.થા.)



ધરી રાજ્યોનાં આક્રમણનો ભોગ થઈ પડેલાં રાષ્ટ્રોની મુક્તિ અર્થે લડાતા આ યુદ્ધના સ્મરણમાં યુનાઇટેડ સ્ટેટ્સે કેટલીક ટિકિટો કાઢી છે, તેમાં પોલાંડની ટિકિટ—First Day of Issueની, એટલે કે બહાર પડ્યાને જ દિવસે વપરાએલી (હ. બૅંકર)




શામળાજીના મંદિરના શિલ્પના કંદોરા

(ફોટો • શ્રી પંચાણભાઈ વારા • જામનગર)

મંદિરની બેસણીના દેહ પર ચારે કોર ફરતા બારીક શિલ્પના કંદોરા છે. આ કંદોરાના ચાર થર હોય છે: અજ, ગજ, નર અને દેવ. (અહીં ત્રણ છે.) અજથરમાં શોભિત મેખલા છે, ગજથરમાં સૂંઢ હલાવતા મદગળોની હારમાળા છે, નરથરમાં મનુષ્યજીવનના રોજિંદા બનાવો કોતરેલા હોય છે અને દેવથરમાં રામાયણ, મહાભારત અને ભાગવતમાંથી રામ અને કૃષ્ણના જીવનના પ્રસંગો આપેલા છે. . . . . દીવાલો પર સૂંઢથી લડતા હાથીઓનાં જોડકાં છે—જાણે કે મદગળો કેલિ કરતા હોય એવો તેમના પગ, હોઠ ને ઝીણી આંખનો ભાવ છે.

(જુઓ આ અંકમાંનો 'શામળાજી' પરનો લેખ)



ગવર્મેન્ટ ગ્રેઈન શૉપ


સરકારી અનાજની દુકાન

(ચિત્રકાર•કુ૦ કે.પી.ભીસે)

મુંબાઇ આર્ટ સોસાએટીના છેલ્લા પ્રદર્શનમાં રજૂ થએલું આ ચિત્ર કલાના દફતર ઉપર આજના દેશકાળની નોંધ આંકે છે ને આધુનિક શૈલીએ આલેખાયું છે.

















બ્રિટનમાંની પોલિશ સરકારે કાઢેલી પોલાન્ડની ટિકિટોની બીજી માળા

(મૂળ કદ કરતાં સહેજ મોટારૂપમાં બતાવેલી)

જર્મનીએ પોલાંડ કબજે કર્યાં પછી બ્રિટનમાં સ્થપાએલી પોલિશ સરકારે ૧૯૪૧ની ૧૫મી ડિસેમ્બરે 'યુનિવર્સલ પોસ્ટેજ કન્વેન્શન'ની રૂએ, વેપારી વહાણો તથા યુદ્ધજહાજો દ્વારા પોલિશ ટપાલ-સર્વિસ ચાલુ કરી છે, અને સાગરો પર ફરતાં એ જહાજો પર પોસ્ટ કરેલા કાગળો ઉપર પોલાંડની ટિકિટો લગાડવામાં આવે છે, ને તે દુનિયા-ભરમાં વહેંચવામાં આવે છે. એ પ્રસંગે પોલાંડની સરકારે ખાસ ટિકિટોની માળા કાઢી છે. ટિકિટ-સંગ્રહના શોખીનો માટે આ ટિકિટો ઉત્તમ પ્રાપ્તિરૂપ ગણાશે, કેમકે વખત જતાં એ પોતાની ઓછી સંખ્યા તથા વિશિષ્ટ પ્રકારને કારણે બહુ રસમય અને કિંમતી બની જવાની, એ નક્કી છે

એ વખતે કાઢવામાં આવેલી એ ટિકિટોની પહેલી માળામાં યુદ્ધરત તેમજ જર્મન હકુમત તળેના પોલાંડના તથા ઇંગ્લંડમાંનાં પોલિશ લશ્કરનાં ચિત્રોવાળી આઠ ટિકિટો છે. પણ બહુ મર્યાદિત સંખ્યામાં કાઢેલી હોવાથી એ માળા ખૂટી જવા આવી છે. એટલે બીજી આઠ ટિકિટોની નવી માળા હમણાં કાઢવામાં આવી છે જેનાં ચિત્રો અત્રે આપ્યાં છે. એમાં, નાઝી જુલ્મ સામે પોલાંડે છૂપી ભૂગર્ભ લડત શરૂ કરી ત્યારના તેના યુદ્ધ પ્રયત્નોનાં આલેખન છે. ઝ્લોટી ને ગ્રોઝી એ બે પોલાંડનાં ચલણ છે ૧૦૦ ગ્રોઝી=૧ ઝ્લોટી. તે કિંમતો મુજબ એ ટિકિટો કાઢવામાં આવી છે, જેમાંની છ ટિકિટોમાં જુદાં-જુદાં રણાંગણો પરની પોલિશ લશ્કરની કામગીરી દર્શાવેલી છે, અને બે ટિકિટો ઉપર, પોલાંડે નાઝી જુલ્મ સામે ઉપાડેલી છૂપી ભૂગર્ભ લડત—જે આજે યુરોપમાં વિશાળ પાયા પર ઉગ્રપણે ચાલી રહેલી છે તે—ને લગતાં ચિત્રો છે. એ છેલ્લી બે ટિકિટો ટિકિટ સંગ્રહના ઇતિહાસમાં તદ્દન નવતર અને અપૂર્વ છે.

આ બાજુએ બતાવેલી એ ટિકિટોની કિંમતવાર સમજણ આ રહી:

(૧) ૫ ગ્રોઝીની લાલ રંગની ઊભી ટિકિટમાં જર્મન સબમરીન ઉપર આક્રમણ કરતા પોલિશ બૉમ્બરનું ચિત્ર છે. જે 'બે ઑવ બિસ્કે'માં બનેલા એક ખરા પ્રસંગ પરથી ઉતારવામાં આવ્યું છે. (૨) ૧૦ ગ્રોઝીની આડા કદની લીલી ટિકિટ ઉપર પોલિશ કૉન્વૉય-માંના એક વહાણ પરના બે ખલાસીઓ જર્મન બૉમ્બર સામે મશીનગન ચાલુ કરતા દર્શાવ્યા છે. (૩) ૨૫ ગ્રોઝીની જાંબુડા રંગની ઊભી ટિકિટ જર્મન ટૅંક સામે ઍન્ટી-ટૅંક ગન વડે ઝઝૂમી રહેલા પોલિશ સૈનિકોનું ચિત્ર છે; અને (૪) ૫૫ ગ્રોઝીની આસમાની રંગની ઊભી ટિકિટ પર નૉર્વેમાં લડી રહેલા પોલિશ લશ્કરના બે સૈનિકોનું ચિત્ર છે. જેમાં નૉર્વેની વિશિષ્ટFjordનાં સુંદર દૃશ્યો વચ્ચે ઊંચી ભેખડ પર બેઠેલા બે સૈનિકો જણાય છે. (૫) ૭૫ ગ્રોઝીની તપખીરીઆ રંગની આડી ટિકિટ ઉપર, મધ્ય પૂર્વમાં તોબ્રુકમાં લડતા પોલિશ સૈનિકોનું આલેખન છે. જેમાં ફરજ પરથી પાછી ફરતી એક પોલિશ ટુકડીનો કમાન, બાજુમાંથી પસાર થતી ટૅંકના અંગ્રેજ અફસરને સલામ ફરમાવે છે; (૬) ૮૦ ગ્રોઝીની ગુલબાસ રંગની આડી ટિકિટમાં, મધ્ય પૂર્વમાંના પોલિશ લશ્કરની મુલાકાત લેતા પોલિશ કમાન્ડર-ઈન-ચીફ સ્વ. જનરલ સિકોર્સ્કિનું ચિત્ર છે. જે ત્યાર પછી ટૂંક સમયમાં જિબ્રાલ્ટરમાં માર્યો ગયો. છેલ્લી બે અત્યત રસપૂર્ણ ટિકિટોમાંની (૭) એક ઝ્લોટીની ઘેરા લીલા રંગની ઊભી ટિકિટમાં પાટા ઉખેડતા ભૂગર્ભ લડતના દેશભક્તો આલેખેલા છે, જેમાંનો એક, હાથમાં રિવૉલ્વર સાથે ચોકી કરે છે; અને (૮) દોઢ ઝ્લોટીની કાળા રંગની આડી ટિકિટ ઉપર ભૂગર્ભ પત્રકારત્વનું દૃશ્ય છે. એમાં નાઝી જુલ્મ સામે ઝુંબેશ ઉઠાવી પોલાંડની પ્રજાને જાગ્રત રાખતા અને ઝનૂન પ્રેરતા 'પોલિશ રિપબ્લિક' નામના દૈનિકનું 'પ્રિન્ટિંગ ડિપાર્ટમેન્ટ' દર્શાવેલું છે જે એક મકાનના છાપરા તળેના છુપા કાતરિયામાં લપાએલું છે. રોજની ચાર આવૃત્તિઓ કાઢતા એ પત્રની વીસ હજાર નકલો નીકળે છે અને નાઝી ગેસ્ટાપોની સખત તકેદારી છતાં એ જોશભેર ચાલ્યા કરે છે એમાં કાગળની થપ્પી પર પડેલી પિસ્તોલ દર્શાવે છે કે એ પત્રના મુદ્રકો ને તંત્રીઓ કેવા જાનને જોખમે કામ કરે છે. ચિત્રમાંની નાની છોકરી પોલાંડની સ્ત્રીશક્તિનો પુરાવો આપે છે. આ પોલિશ ભૂગર્ભ પત્રકારત્વ એ આ યુદ્ધની એક અનોખા વીરત્વભરી ગાથા છે અને કપરામાં કપરી મુશ્કેલીઓની સામે જે અદ્ભુત તદબીરો, હિંમત અને જાનફેસાનીથી તે ખેડવામાં આવે છે એ અનન્ય છે. એક મરાયો કે તેની જગ્યા પૂરવા બીજો હાજર જ હોય છે અને એમ નાઝીઓને હંફાવતું એ અણનમ પત્રકારત્વ દિવસે દિવસ વિસ્તરતું જ જાય છે.